# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**તંત્રી :**
**ઈન્દુકુમાર જાની**

વર્ષ : 40 અંક : 3


**અન્ય પૃષ્ઠો પર...**


02 **સાંપ્રત**
ઈન્દુકુમાર જાની

05 **મીડીયા-વૉચ**
ડંકેશ ઓઝા

06 **450 કીમીની પદયાત્રા બની...**

10 **શતાબ્દીવંદના : હીન્દની...**
ગાર્ગી વૈદ્ય

12 **સર્વોચ્ચ અદાલતના 2016...**
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

13 **જંગલની જમીન...**
પૌલોમી મીસ્ત્રી અને
હેમંતકુમાર શાહ

16 **વતન ઉર્ફે તમાચાથી ચા...**
સાહીલ પરમાર

19 **પુ. રુપારેલકાકાને શ્રદ્ધાંજલી**

20 **ઉત્તર ગુજરાતનું ગૌરવ**

21 **નવું વાચન : મોદી-મેજીક...**

22 **માધુકરી**
પી. ચીદમ્બરમ્ / કાર્તીકેય
ભટ્ટ / હેમેન ભટ્ટ

27 મુક્ત અને ન્યાયી ચુંટણી...

28 **કહેશો નહીં, આ ઉંમરે કંઈ...**
યશવન્ત મહેતા

30 **પત્ર-સાર**

32 **કાવ્યોમાં સાંપ્રત**


## કેટલું મળ્યું ?

મેક્સીકોના એક પ્રદેશમાં ઠંડા અને ગરમ પાણીના ઝરા પાસે પાસે આવેલા છે. ત્યાં સ્ત્રીઓ પોતાનાં કપડાં પહેલાં ઉકળતા પાણીના ઝરામાં બોળે છે અને પછી બાજુના ઠંડા પાણીમાં તારવીને નીચોવી નાખે છે. આવી સગવડ જોઈને ત્યાં ગયેલ એક પ્રવાસીએ કહ્યું : 'આવી સરસ કુદરતી સગવડ મળવાથી અહીંના લોકો ઈશ્વરનો આભાર માનતા હશે !'

'આભાર ?' ત્યાંના રહેવાસીએ સામે પ્રશ્ન કર્યો, 'અરે, અહીંના લોકો તો અફસોસ કરે છે કે ઝરામાં ગરમ પાણી તો છે પણ તે સાબુ કે સોડાવાળું નથી !'

કેટલાંક દુઃખો આપણે પોતે ઉભાં કરીએ છીએ, એમાંનું એક દુઃખ આપણા અસંતોષનું છે.

સામાન્ય રીતે, માણસ પોતાને જે મળવું જોઈએ તે મળ્યું નથી, પોતાને કેટલો અન્યાય થયો છે એનો જ વીચાર કરે છે. આવા વીચારને કારણે તેનામાં અસંતોષ જન્મે છે અને અસંતોષમાંથી દુઃખ જન્મે છે.

આવી રીતે વીચારનાર માણસને અન્યાય થયો હશે અને તેને કારણે તેને કેટલુંક ગુમાવવું પડ્યું હશે; પરંતુ તેને જે પ્રાપ્ત થયું છે તેમાં કેટલી બધી વ્યક્તીઓનો ફાળો છે, તેનો વીચાર આવે છે ખરો ? આપણા જીવનની રચના એટલી અટપટી છે કે આપણે ગમે તેટલા શક્તીશાળી હોઈએ તોપણ આપણી પાસેનું બધું માત્ર આપણી શક્તીઓને કારણે જ પ્રાપ્ત થઈ શકે નહીં. કેટલી બધી વસ્તુઓ આપણને આપણા પુર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે ? કેટલું બધું મીત્રોને કારણે પ્રાપ્ત થયું હોય છે ? કેટલું દેશને કારણે, સમાજને કારણે, જાણીતા અને અજાણ્યા લોકોને કારણે આપણને મળ્યું હોય છે ?

આપણે જે કાંઈ હોઈએ, જ્યાં હોઈએ, ત્યાં પહોંચવામાં કેટલી બધી વ્યક્તીઓનો ફાળો છે તેનો જો આપણે વીચાર કરીએ, તો એમના તરફ આપણા મનમાં આભારની લાગણી ઉત્પન્ન થયા વીના રહે નહીં. જે માણસ બીજાના ઋણનો સ્વીકાર કરે છે, તે ઉંડા સુખ અને સંતોષની લાગણી અનુભવી શકે છે.

**– મોહમ્મદ માંકડ**

[13મી ફેબ્રુઆરીએ જાણીતા સર્જક મોહમ્મદભાઈનો જન્મદીવસ છે; તેઓ નીરામય અને દીર્ઘ આયુષ્ય ભોગવે તેમ જ આવું પ્રેરણાદાયી સાહીત્ય પીરસતા રહે એવી શુભેચ્છા. ઉપરોક્ત લખાણ '**વાચનયાત્રાનો પ્રસાદ**' (લોકમીલાપ પ્રકાશન)માંથી સાભાર.]

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### ટ્રમ્પનો શપથવીધી : લોકશાહીના દર્શન થયા...

અમેરીકાના પ્રમુખપદે 20મી જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પનો શપથવીધી સંપન્ન થઈ ગયો. એમણે સ્વદેશી રાગ આલાપ્યો : 'બાય અમેરીકન, હાયર અમેરીકન.' આપણે ત્યાં તો મેઈક ઈન ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા, ડીજીટલ ઈન્ડીયા જેવાં સુત્રો ઠાલાં બની રહ્યા છે. અમેરીકા ટ્રમ્પની શીખ અમલમાં મુકશે તો ભારતીયો માટે દુઃખના દા'ડા આવશે. 'દુકાળમાં અધીક માસ' જેવું થશે ! આમેય ભારતનું અર્થતંત્ર નોટબંધી પછી અનેક માનવસર્જીત (નમોસર્જીત) પડકારોનો સામનો કરી રહ્યું છે; તેમાં ટ્રમ્પે ઉમેરો કર્યો છે. વેપાર, કરવેરા, ઈમીગ્રેશન, વીદેશસંબંધો - એમ દરેક મુદ્દે અમેરીકન કુટુંબો અને કામદારોને હવેથી પ્રાધાન્ય અપાશે.

જોકે શપથવીધી વેળા અમેરીકાની સાચી લોકશાહીના દર્શન થયાં. ભારતમાં તો બંધારણીય માર્ગે અહીંસક વીરોધ કરવાની કોશીશ થાય તો તેને કચડી નાખવામાં આવે છે. અમેરીકામાં ન્યુ યોર્કથી લઈને લોસ એન્જલસ સુધી લાખો મહીલાઓએ અભુતપુર્વ દેખાવો યોજ્યા. શીકાગોમાં મહીલા સેનેટરોની આગેવાનીમાં દોઢ લાખથી વધુ મહીલાઓએ હાથમાં પ્લે કાર્ડ સાથે કુચ કરી. તેમાં અનેક સેલીબ્રીટીઓએ ભાગ લીધો. વીરોધ પ્રદર્શનોમાં કેટલાક લોકોએ ઈંડા ફેંક્યા, આગચંપી કરી. ટીયરગેસનો ઉપયોગ કરવો પડ્યો. અમેરીકાની જોકે વાત જ જુદી છે. ટ્રમ્પની શપથવીધી અગાઉ 8મી જાન્યુઆરીએ ગોલ્ડન ગ્લોબ ઍવૉર્ડ યોજાઈ ગયો. તેમાં દમદાર એક્ટ્રેસ મીરલી સ્ટ્રીપને લાઈફ ટાઈમ અચીવમેન્ટ ઍવૉર્ડ એનાયત થયો. થેન્ક્સ ગીવીંગ સ્પીચમાં મીરલીએ ટ્રમ્પના ભેદભાવયુક્ત વલણની આકરી ઝાટકણી કાઢી ! એવું કહી દીધું : "મીસ્ટર ટ્રમ્પ, આટલાં કુદો છો, શેના ? જો અમેરીકામાંથી 'બહાર'ના કલાકારો જતાં રહેશે તો અમેરીકા ખાલી થઈ જશે. કલાના નામે અમેરીકા પાસે પોતીકું કશું નહીં બચે." ટ્રમ્પે 'ઓબામા કેર' પર કાતર ચલાવીને પોતે કઈ દીશામાં જશે તેનો ઈશારો કરી દીધો છે. આ શપથવીધી સમારંભ સૌથી ખર્ચાળ હતો. તેનું બજેટ અંદાજે રૂ. 1267 કરોડ આંકવામાં આવ્યું હતું. માત્ર સલામતી પાછળ જ રૂ. 700 કરોડ ખર્ચાયા !

### બેહુદી વાતો અને અત્યંત બીસ્માર અર્થતંત્ર...

વીશ્વ બેન્કના રીપોર્ટ મુજબ દુનીયામાં અસમાનતાનું સ્તર ગત 25 વર્ષોમાં સૌથી ઉંચા સ્તરે પહોંચી ગયું છે. ઓક્સફામના રીપોર્ટ મુજબ ટોચના માત્ર એક ટકા ધનીકોએ એટલી બધી કમાણી કરી છે કે 50 ટકા ગરીબોની કુલ કમાણી તેને આંબી શકી નથી. ટુંકમાં, માત્ર 8 ધનીકો (બીલ ગેટ્સ, વોરન બફેટ વગેરે) પાસે અડધા વીશ્વની અને 57 લોકો પાસે 70 ટકા ભારતીયો કરતાં વધુ સંપત્તી છે ! આ 8 ધનીકોમાં મુકેશ અંબાણી નથી છતાં રૂ. 1.31 લાખ કરોડ સાથે તે ટોચે છે ! જોકે તેની ગતી પેલાં 8 સાથે જલ્દી ભળી જવા ભણી છે. છેલ્લા ત્રીમાસીક ગાળામાં રીલાયન્સનો ચોક્ખો નફો 3.6 ટકા વધીને રૂ. 7,506 કરોડ નોંધાયો ! અહીં ચીંતાજનક બાબત એ છે કે, વીશ્વનાં અડધાં ગરીબો પહેલાં કરતાં વધુ ગરીબ બન્યાં. વળી, સ્ત્રી-પુરુષની આવકમાં ભેદભાવ વધતો જાય છે. એકસમાન કામ કરનાર મહીલા કરતાં પુરુષને 30 ટકા વધુ વેતન મળવાના કીસ્સા વધતા જાય છે. ભારતમાં તો 60 ટકા મહીલાઓનો સૌથી ઓછી આવક મેળવી રહેલાં જુથમાં સમાવેશ થાય છે.

સંવીધાનમાં **સમાનતા**ને એક મહત્ત્વનો આદર્શ ગણાયો છે. અસમાનતાની ખાઈ વધતી જાય છે... વીસાપુર જેલમાં ઉમાશંકર જોશી આશરે 85 વર્ષ અગાઉ લખી ગયેલાં : 'ભુખ્યાં જનોનો જઠરાગ્ની જાગશે; ખંડેરની ભસ્મકણી ન લાધશે...' આવું થશે ? ખરેખર ? ક્યારે ?

સાદગી અને સ્વાવલંબન જેવાં મુલ્યો નેવે મુકાયાં છે. યાંત્રીકરણમાં રોબો(ટ)નો ઉપયોગ હજી મર્યાદીત પ્રમાણમાં જાય છે. તેમ છતાં ઓટોમેશનની માઠી અસરો સમગ્ર અર્થતંત્રને હચમચાવી રહેલ છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી(IT)ને કારણે છેલ્લા દસ વર્ષમાં નીકાસની આવક ચારગણી ઉપરાંત થઈ છે. 2006માં 24.2 અબજ ડોલરમાંથી વધીને 2016માં તે 108.3 અબજ ડોલર થવા પામી છે. [સ્રોત : NASSCOM] આજે પણ આઈટી ક્ષેત્ર 37 લાખ લોકોને રોજગારી આપે છે પણ હવે તેનો વૃદ્ધીદર નબળો થવા પામ્યો છે; ખાસ કરીને મીડલ અને જુનીઅર કક્ષાએ તેની અસર જોવા મળે છે. વળી, આગામી વર્ષોમાં તેની રોજગાર આપવાની ક્ષમતામાં ઘટાડો થવાની ભીતી સેવાઈ રહી છે. વળી, ઈન્ફોસીસ, વીપ્રો અને ટીસીએસ કંપનીઓમાં એક લાખ લોકોની

નોકરીઓનો ભોગ લેવાયો છે. નીચલી પાયરીની નોકરીઓ છીનવાતી જાય છે, ઈન્ફોસીસે 9000 કર્મચારીઓને મુક્ત કર્યા છે. આઈટીમાં ઉંચા પેકેજ મેળવતા યુવાઓ માટે માઠાં દીવસો આવી રહ્યા છે. થોડો પુનરુક્તીદોષ વહોરીને પણ કહીશ કે, વર્લ્ડ બેન્કના રીપોર્ટ અનુસાર દર ત્રીજો ગરીબ ભારતીય છે. 2013માં દેશમાં 22.4 કરોડ લોકો ગરીબ હતા. [નયા માર્ગ : 16-10-2016] દેશમાં છેલ્લા ચાર વર્ષમાં દદરોજ 550 લેખે નોકરીઓ ગઈ છે. 2011માં 9 લાખ નોકરીઓનું સર્જન થયું હતું, 2013માં આ આંકડો 4.19 લાખ થયો; જે વીશેષ ઘટીને 1.35 લાખ થઈ ગયો ! [નયા માર્ગ : 1-12-2016] વધતી જતી એનપીએ, બેંકો દ્વારા 'બેડ લોન'ની માંડવાળ વગેરે અંગે ફરી ફરી લખવાની જરુર નથી... મુશ્કેલી એ છે કે અરુણ જેટલી હોશીયાર અને મોંઘેરા ધારાશાસ્ત્રી હશે પણ નાણાંમંત્રી તરીકે તેમને કશી જ ગતાગમ પડતી નથી, બીલકુલ નીષ્ફળ ! પરીણામે અર્થતંત્ર બીસ્માર !!



સૌજન્ય : નવગુજરાત સમય તા. 25-1-2017

### સવાલ વીચારધારા ઉપરાંત અગ્રતાક્રમોનો છે...

અમદાવાદમાં કરોડો રુપીયાના ખર્ચે મોટેરા ખાતે ક્રીકેટ સ્ટેડીયમનું નીર્માણ કરવામાં આવેલું. બહુ જુનું નથી છતાં તેને તોડી પાડવાનો નીર્ણય લેવાયો છે. એવું કહેવાય છે કે એ જગ્યાએ ઓસ્ટ્રેલીયાના મેલબોર્ન કરતાંય વીશાળ સ્ટેડીયમ બંધાશે. 63 એકરમાં પથરાયેલા આ સ્ટેડીયમમાં 1.10 લાખ પ્રેક્ષકોને બેસાડવાની ક્ષમતા હશે ! દેશભરમાં ક્રીકેટ કન્ટ્રોલ બોર્ડ પાસે નાણાંની કમી નથી પણ એનો અર્થ એ નથી કે સ્ટેડીયમો તોડી તોડીને નવાં બાંધતા જવા... વર્ષમાં કેટલાં દીવસો મેચ રમાય છે અને આવો ખર્ચ કરવો કેટલો ઉપયુક્ત ગણાય એ મુદ્દો ધ્યાનમાં લેવો જોઈએ.

ભાઈ સાગરે એક સમાચાર ભણી ધ્યાન દોર્યું : ચીનમાં 111 ગોલ્ફ મેદાનોને તાળાં મારી દેવાયાં છે. મુખ્ય કારણ એ છે કે તેમાં ભુગર્ભ જળ વેડફાય છે. ગોલ્ફ રમનારા 8.8 કરોડ સભ્યોને ચેતવણી અપાઈ છે કે, આ રમત ન રમો અને તેમાં ખાણીપીણી પાછળ બેફામ નાણાં ખર્ચાય છે તે બંધ કરો. અહીં એ મુદ્દો નોંધવો જોઈએ કે ચીની નાગરીકોમાં વીશ્વકક્ષાના રમતવીરો છે. ઓલીમ્પીક મેડલ્સ મેળવવામાં ભારતનો તો કોઈ ક્લાસ જ નથી; ચીનાઓનો ઓલીમ્પીક રેકર્ડ ગૌરવપ્રદ છે.

આખલાઓ પ્રત્યે બેહદ ક્રુરતા દાખવતી રમત જલ્લીકટ્ટુ પર અદાલતોએ ત્રણ વર્ષથી પ્રતીબંધ લાદ્યો હતો; તે વાજબી પગલું હતું. હવે લોકલાગણી નીમીત્તે વટહુકમ બહાર પાડીને આ રમત ફરી ચાલુ થઈ છે. પહેલા દીવસે જ બે માનવી મૃત્યુ પામ્યાં, અનેક ઘવાયા છે. કર્ણાટકમાં બળદોની કાંબલા રમત ચાલુ કરવાની માગણી છે. સમાજ સુધારો કરવો અને કુરીવાજ અટકાવવો તેમાં જ નેતૃત્વની ખરી કસોટી છે. ઉત્તરાયણમાં ચીનની દોરીને કારણે પક્ષીઓ ઘવાયા, માર્યા ગયા. આપણે અબોલ જીવો ભણી ક્યારે સંવેદનશીલ થઈશું ? સાચો નેતા ટોળાંથી દોરવાય નહીં, લોકોને દોરવણી આપે... લોર્ડ બેન્ટીક અને રાજા રામમોહનરાયને કારણે સતીપ્રથા નાબુદ થઈ શકી; આજે તો ઘડીયાળનાં કાંટા પાછા ફેરવવાનું કામ ચાલે છે.

### 5 રાજ્યોની ધારાસભાની ચુંટણી : લીટમસ ટેસ્ટ !

પાંચ રાજ્યોની ધારાસભાની ચુંટણી નોટબંધીને કારણે મોદી શાસન માટે લીટમસ ટેસ્ટ પુરવાર થશે. જોકે અમીત શાહ અને નરેન્દ્ર મોદી સામ-દામ-દંડ અને ભેદ અજમાવી ચુંટણીઓ જીતવાની ભરચક કોશીશો કરશે. નાણાં પાણીની જેમ વહાવશે. મહીનાઓથી ભાજપના લખનઉ હેડ ક્વાર્ટર ખાતે નવી મોટર સાઈકલો તૈયાર રખાઈ છે. જોકે બીહારની જેમ ભાજપાવીરોધી મહામોરચો થઈ શક્યો નથી તેનો લાભ ન.મો.ને મળશે. બીહાર જેવી વીપક્ષો માટે અનુકુળતા

નથી. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીનું ગઠબંધન થઈ શક્યું છે તેનો લાભ કોંગ્રેસને મળશે; facesaving થઈ શકશે ! અખીલેશની સાઈકલ સડસડાટ ચાલશે.

પક્ષની કરુણ હાલત માટે ખુદ કોંગ્રેસ જ જવાબદાર છે. સંગઠનના નામે મોટું મીંડું ! સત્તાલાલચુઓનો ફુગાવો. ભ્રષ્ટ અને એકનાં એક ચહેરાઓ જોઈને મતદાતા કંટાળી ગયા છે. યુવા - નવાં ચેહરાને નામે નેતાઓ સંતાનોને જ આગળ કરે છે. જોકે આ મહા બીમારી ભાજપને પણ લાગુ પડી ચુકી છે. ઉત્તર પ્રદેશના ઉમેદવારોની યાદી જોવાથી તે પુરવાર થાય છે. ઉત્તર પ્રદેશ માટે 'બહુમતી મળશે તો ભવ્ય રામ મંદીરનું નીર્માણ થશે' એવી રેકર્ડ વધુ એકવાર ભાજપના મોવડીએ વગાડી છે. ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી અડવાણી, વરુણ ગાંધી, જોશી વગેરેની બાદબાકી કરવામાં આવી છે તે બાબત સંગઠનમાં ચાલતી સખળડખળ સુચવે છે. નરેન્દ્ર મોદી પોતાની તમામ તાકાત આ ચુંટણીઓ જીતવા માટે લગાવશે... ગુજરાતમાં એક મુસ્લીમે ઓફર કરેલી 'સ્કલ-કૅપ' ન.મો.એ નહોતી પહેરી પણ પ્રજાસત્તાક દીવસની ઉજવણી માટે વીશેષ આમંત્રીત યુએઈના શેખ મોહંમદ બીન ઝાયેદને પ્રોટોકોલ તોડીને વીમાનીમથકે જઈને આવકાર્યા, હોંશે હોંશે ગળે લગાડ્યા... કેમેય મુસ્લીમો રાજી થાય.. આરએસએસ અગ્રણીઓએ અનામત મુદ્દે પલીતો ચાંપીને ભાજપ માટે 'ગ્રહણ ટાણે સાપ કાઢ્યો' છે તેની અસર કેવી થશે તે જોવું રહ્યું. બીહારની ચુંટણીમાં તો આ કારણે ફટકો પડ્યો જ હતો...

### કેટલાક સમાચારોની સુરખી... ફટાફટ !

• નેપાળના વડાપ્રધાન કે. પી. ઓલીજીએ ભારતની તમામ બીકાઉ અંધવીશ્વાસી પાખંડી ચેનલો પર પ્રતીબંધ લાદ્યો છે. જેનું મુખ્ય કારણ એ છે કે આ ચેનલો રાતદીવસ અંધવીશ્વાસને વધારવાનું કામ કરે છે. કુબેરલક્ષ્મી ધનવર્ષા યંત્ર, હનુમાન રક્ષાકવચ વગેરે. નેપાળના વડાપ્રધાન સુપેરે જાણે છે કે ધનવર્ષા યંત્ર એટલું કારગત હોત તો ભારતમાં 20 કરોડ લોકો ભુખે મરતાં ન હોત. હનુમાન રક્ષાકવચ એટલું અસરકારક હોત તો તમામ રાજનેતાઓની Z પ્લસ કે Y શ્રેણીની સુરક્ષા પાછળ લાખો રુપીયા ખર્ચત નહીં, ગળામાં હનુમાન રક્ષાકવચ જ પહેરી લેત ! નેપાળના વડાપ્રધાનના રેશનલ અભીગમનું સ્વાગત !

• 2008ના માલેગાંવ બ્લાટ કેસના આરોપી રમેશ ઉપાધ્યાયને મુંબઈની મકોકા કોર્ટ દ્વારા ઉત્તર પ્રદેશ વીધાનસભાની ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવાની મંજુરી અપાઈ છે. આ જ કેસમાં આરોપી સાધ્વી પ્રજ્ઞાસીંગ ઠાકુરને જામીન આપવામાં આવે તો વાંધો ન હોવાની રજુઆત વધારાના સૉલીસીટર જનરલે NIA વતી કરી છે.

• **બીલકુલ અમાનવીય :** ઉત્તર પ્રદેશમાં બે ગંભીર ટ્રેન અકસ્માત બદલ બીહારની ગેંગ જવાબદાર હોવાનો ઘટસ્ફોટ : ટ્રેનના ડબ્બા ખડી પડે તે પછી ચોરી કરીને ભાગી જતા હોવાની ઉત્તર પ્રદેશના યુવકની કબુલાત.

• બીહારમાં દારુબંધીના વીરોધમાં માનવ સાંકળનો વર્લ્ડ રેકોર્ડ : 11292 કીમી લાંબી માનવ સાંકળ ત્રણ કરોડ લોકોએ રચી. ડ્રોન, ઉપગ્રહ અને હેલીકોપ્ટરથી તેની તસવીરો ખેંચાઈ.

• રીયલ એસ્ટેટ ક્ષેત્રે મોનીટરીંગ કરતી સંસ્થા નાઈટ ફ્રેન્કનો અહેવાલ : દેશનાં આઠ શહેરોમાં નોટબંધીને કારણે રૂ. 226 અબજનો ફટકો તેમજ સરકારે રૂ. 20 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ગુમાવી.

• છત્તીસગઢના પાટનગર રામપુરમાં હજારો લોકોએ લાઈનમાં ઉભા રહીને મફત શાકભાજી લીધી ! અહીંના ખેડુતોની વ્યથા એ હતી કે છેલ્લા ત્રણ વર્ષ બાદ આ વર્ષે સારું કમાવી આપે એવો વરસાદ પડ્યો હતો પરંતુ નોટબંધીએ બધી કમાણી વહાવી દીધી !

• બીએસએફના જવાન તેજ બહાદુરે ખરાબ ભોજન અપાતું હોવાની વીડીયો જાહેર કરી તેનાથી હલચલ મચી ગઈ. સૈન્ય અધીકારીઓ અડધી કીમતે અનાજ અને ઈંધણ વેચી નાખે છે તેવા આક્ષેપો થયા.... એ જ અરસામાં ગુજરાત વાઈબ્રન્ટમાં પાંચ હજાર રુપીયાની ડીશ પીરસાઈ હોવાના સમાચારો પ્રગટ થયા... અસમાનતા કેટકેટલી જગ્યાએ પ્રવર્તે છે અને ભ્રષ્ટાચાર તો સર્વવ્યાપી !

• ગુજરાતનું શીક્ષણ બીલકુલ ખાડે ગયું છે, તેમાં વળી ગુણોત્સવના તમાશા થાય છે ! મધ્યમ વર્ગના સંતાનો સરકારી નીશાળોમાં ભણતા નથી. ઈંગ્લીશ મીડીયમનું વળગણ એવું છે કે ઉંચી ફી ભરીને પણ ખાનગી શાળાઓમાં બાળકોને ભણાવે છે. એટલે શીક્ષણની ગુણવત્તા ચકાસવી હોય તો સરકારી અને ખાનગી તમામ શાળામાં જવું જોઈએ; એમાં પારદર્શકતા લાવવી જોઈએ.

❑

# મીડીયા-વૉચ

## ડંકેશ ઓઝા

રોજેરોજ આપણે અખબારો વાંચીએ છીએ. જેમાં હવે તો જાહેરાતો વધારે અને સમાચારો ઓછા હોય છે. જેને સાચા અને અધીકૃત સમાચારોની તલાશ છે તેને એકાદ અખબાર પુરતું લાગતું નથી હોતું. તે માટે તેણે એકથી વધુ અખબારો જોવાં પડે અને કોઈ બાબતે પોતાનો મત બાંધવા પુર્વે ઘણાં બધાં સામયીકો અને લેખો પણ જોવા પડે. ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું આ અઘરું કામ છે.

સરદાર ખુશવંતસીંઘ અને અંગ્રેજી ભાષાના પ્રકાશનોના જાણીતા તંત્રી હતા. તેઓ ઘણું બધું વાંચતા રહેતા હતા છતાં તેમને ઘણો અસંતોષ રહેતો હતો. કારણ કે તેઓ અધીકૃત સમાચાર કે વીગત શોધતા હોય તે મેળવવામાં તેમને ઘણી મુશ્કેલી પડતી હતી. કંઠીબદ્ધ અને સાંપ્રદાયીક વીચારો પ્રગટ કરતાં સામયીકો તો જાણીતા હોય છે. જેનો ખપ તટસ્થ વાચકને હોતો નથી. તે નીષ્પક્ષ અને મૌલીક એવા વીચારોની ખોજમાં હોય છે. આવા ખોજીઓ જો કે હવે એ ઓછા થતા જાય છે. સરદારજીએ લખેલું કે વીવીધ કંઠીબદ્ધ વીચારો જાણીને હું જ્યારે મુંઝાઉં છું ત્યારે એ. ડી. ગોરવાલાનું 'ઓપીનીયન' વાંચુ છું. જેમાંથી મને સાચો તટસ્થ અને સ્વીકાર્ય મત સાંપડે છે. સરદાર પણ ગયા અને ગોરવાલા પણ ગયા ! સવાલ એ છે કે આપણા સમયમાં આવા બીજા કોઈ છે કે કેમ તેની તપાસ આદરવી રહી.

થોડા સાંપ્રત સમાચારો તરફ મારે વાચકોનું ધ્યાન દોરવું છે. ગાંધી બીચારા જ્યાં પોતાને નહોતા ઈચ્છતા એવી ચલણી નોટો પર જોવા મળે છે ! આ સંદર્ભમાં ફીડલ કાસ્ટ્રોએ એવી ઈચ્છા વ્યક્ત કરેલી કે મૃત્યુ પછી તેમના નામે કોઈ પ્રતીમાઓ ન ઉભી કરાય, કોઈ રસ્તાને તેમનું નામ ન અપાય, વગેરે વગેરે. પાંચ છ દાયકા સુધી સત્તા ભોગવનાર ક્યુબાના આ સરમુખત્યારની ઈચ્છાને ત્યાંની સરકારે માન આપ્યું છે. આ અંગે વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે અને કોઈ કાસ્ટ્રોની ઈચ્છા વીરુદ્ધ કૃત્ય કરશે તો તેને દંડવામાં આવશે એમ કહેવાયું છે. આ એક એવી બાબત છે જે અશક્યવત્ લાગવા સંભવ છે પણ આવું બન્યું છે. આવા બીજાં કોઈ ઉદાહરણો હશે, ખબર નથી.

એકાવન શક્તીપીઠોમાંની એક અંબાજી ગુજરાતમાં છે. મંદીરના ટ્રસ્ટના વહીવટદાર સરકારના નાયબ કલેક્ટર હોય છે. તેથી બીનસાંપ્રદાયીકતાનો તો ઉઘાડેછોગ ઉલાળીયો જ થઈ ગયો ગણાય ! આ મંદીરને સોનાથી મઢવામાં આવી રહ્યું છે એ અંગેના સમાચારો લાંબા સમયથી આવતા રહે છે. એકાવન ફુટથી ઉંચા શીખરને સોને મઢવા ત્રીસ કીલો સોનું વપરાઈ રહ્યું છે. તાજેતરમાં તે માટે ટ્રસ્ટે MMTC લીમીટેડ, અમદાવાદ પાસેથી રૂ. 1.53 કરોડના ખર્ચે 5.35 કીલોગ્રામનું સોનુ ખરીદ્યાના સમાચાર છે. આ પ્રક્રીયા છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી છે અને હવે કામ પુરું થવાના આરે છે.

ઘણાં બધાં સવાલો ઉભા થાય છે. માતાજીને આ ગમતું હશે કે ભક્તોની ઈચ્છાને માતાજીએ ઠેસ નહીં પહોંચાડવાનું નક્કી કર્યું હશે ? ભક્તોને એવો તો કેવો લાભ થતો હશે કે તેઓ મોંઘામુલનું સોનું માતાજીને ચઢાવતા હશે ? ઈતીહાસમાં આપણે ભણી ગયા કે મોગલોએ મંદીરો લુંટ્યા. મંદીરોમાં આવી મોટી સમૃદ્ધી હશે તો જ એ હુમલાનો ભોગ બનતા હશે ને ? પછી આપણે તેને એક ધર્મસ્થાન પર વીધર્મીઓના હુમલા તરીકે ખપાવીએ છીએ અને કોમી દ્વેષ પેઢીઓ પર્યંત ચાલતો જ રહે છે. નાસ્તીકોએ નહીં, પણ સાચા આસ્તીકોએ આની વીરુદ્ધ સક્રીય થવાનો સમય આવી ગયો હોય એમ નથી લાગતું ? આ દેશમાં સાચા ધાર્મીકો બચ્યા જ નહીં હોય કે જે સાચી દીશા તરફ સમાજને દોરી જાય ?

અન્ય એક સમાચાર રસપ્રદ છે. મરાઠાવાડાના બીડ જીલ્લાના આષ્ટી તાલુકાના પારગાંવ સ્કુલનો સાતમા ધોરણનો વીદ્યાર્થી રોહન ભોંસલે અખબારોના પહેલે પાને ચમક્યો છે. રોહને સ્કુલ રજીસ્ટરમાંથી પોતાની સામે લખાયેલી ધર્મ અને જાતીની વીગત ચેકી કાઢી છે. તેણે પ્રશ્ન કર્યો કે જો માનવતા જ ધર્મ હોય તો રજીસ્ટરમાં અમારી જાતી અને ધર્મની વીગત કેમ પુછવામાં આવે છે અને કેમ નોંધવામાં આવે છે ? ગાઢ અંધકારમાં આશાનું કીરણ દૃષ્ટીગોચર થાય છે. કારણ કે છેલ્લી પેઢી શીક્ષણ અને વ્યવહાર, સીદ્ધાંત અને વ્યવહાર વીશે પુછવા જેવા પ્રશ્નો પુછી રહી છે.

> ***આ** દેશમાં સાચા ધાર્મીકો બચ્યા જ નહીં હોય કે જે સાચી દીશા તરફ સમાજને દોરી જાય ?*

એ જ રીતે 'ગંદા' ગામની હરપીત કોર ચૌદ વર્ષની છે. દલીત છે, શીખ છે અને આઠમા ધોરણની

વીદ્યાર્થીની છે. અઢી હજારની વસતી ધરાવતું ગંદા ગામ હરીયાણાના ફતેહાબાદ જીલ્લામાં આવેલું છે. ગામના લોકો ગામના વીચીત્ર નામને બદલવામાં નીષ્ફળ ગયા છે ત્યારે આ નાની કીશોરી વડાપ્રધાન કાર્યાલયને પત્ર લખીને તે માટે પ્રયત્નશીલ છે. ગ્રામ પંચાયતની દરખાસ્ત 1989થી પડતર છે. તંત્ર, આઝાદ ભારતનું તંત્ર, આટલી નાની વાતનો દાયકાઓથી ઉકેલ લાવતું નથી. તે માટે દીલ્હીમાં વડાપ્રધાન સુધી પહોંચવું પડે છે. આઝાદ ભારતમાં આપણે કેવું તંત્ર ચલાવી રહ્યા છીએ તેનો આ નાદર નમુનો છે.

દેશમાં એવાં કેટલાય ગામો છે જેનાં વીચીત્ર નામો બદલવાની જરુરીયાત હોય અને માગણી પણ હોય. પંચાયતીરાજ અને વીકેન્દ્રીકરણની વાતો કરનારા દેશમાં ગામનું નામ બદલવા માટે પરીણામલક્ષી કાર્યવાહી ન થાય એ તંત્ર બાકીના કયા વીકાસ કામો કરતું હશે એવા સવાલો ઉઠવા સ્વાભાવીક છે.

આવા તો કંઈક સમાચારો રોજબરોજ પ્રગટતા રહે છે. સવારની ચાની ચુસકીઓ સાથે પાનું ફેરવાય છે અને અદૃશ્ય થઈ જાય છે. પરંતુ એ સમસ્યા જેને કનડે છે, પીડે છે તેનો તો ઉકેલ મળ્યો હોતો નથી. પ્રશ્ન લટકતો જ રહે છે અને આપણે આપણા કામે વળગીએ છીએ. નાગરીકોની સાચી ફરીયાદોનો તત્કાળ ઉકેલ કરવામાં આવે તેવી 'જાદુગરી' કોણ કરી બતાવશે ? મોદીસાહેબ ઘણી બધી આશાઓ જગવે છે અને ભલભલા બૌદ્ધીકો પણ ચલીત થઈ જાય છે. પરંતુ ખરેખર જે કરવાનું થાય છે તેમાં ભાગ્યે જ કંઈ ફેરફાર નોંધાય છે. જાહેર પ્રશ્નો બાબતે આપણી સંવેદનશીલતાને બરકરાર રાખીને વહીવટી તંત્ર પાસે તેના ઉકેલો કરવાનું ગોઠવવાનું હજુ જાણે બાકી છે ! ❑

### 450 કીમીની પદયાત્રા બની ગઈ વેદનાયાત્રા...

## અમારી તો વેદનાય વાયબ્રન્ટ !

સતત થતા ગામડાંના પ્રવાસોમાં દરેક વખતે ખેડુતો પાસેથી કંઈક નવું દુઃખ જાણવા મળે. આટઆટલી વેદના વચ્ચેય ખેતીને વળગી રહેતા જીવો શું અનુભવતા હશે એની ખબર વરસમાં એકાદ અઠવાડીયા માટેય જો ડુંગળીના ભાવ વધી જાય તો, મહીનામાં વધીને માંડ 3-4 કીલો ડુંગળી ખાનારા અતી બોલકા શહેરી મધ્યમવર્ગને એ ડુંગળી પકવતાં કેટલે વીસે સો થાય છે એની ખબર ક્યાંથી હોય ! અઢી મહીના ખેતરમાં મજુરી કરી, ખેડ-બીયારણ- ખાતર-દવા-કઢામણની મજુરી કરનાર ખેડુતને વેપારીઓ શું આપે છે અને એનું બજેટ કેમ નભતું હશે એની કલ્પનાય ક્યાંથી હોય ! આપણા પૈકી કેટલા જાણે છે કે હાલમાં ખેડુતો પાસેથી -

- રીંગણ 20થી 50 રુપીયે 20 કીલો,
- લાલ મરચાં 50 થી 150 રુપીયે 20 કીલો,
- લીલા મરચાં 50 થી 100 રુપીયે 20 કીલો ખરીદાય છે !

આવી તો કેટકેટલી લાચારી... અગાઉ કુદરતી કોપની ચીંતામાં રહેનારો ખેડુત હવે ત્રણ કોપની બીકમાં જીવી રહ્યો છે - કુદરત, બજાર અને સરકાર. ગુજરાતમાં સીંચાઈની સગવડો વધી નથી તેને કારણે વરસાદ પર જ નભવું પડે છે. બીજી તરફ પકવ્યા પછી બજાર શું આપશે એની ચીંતા સદાય સતાવે તો ત્રીજી તરફ સરકાર ક્યારે કયા બહાને જમીન પડાવી જશે એની ચીંતા. આ ત્રીકોણીય ભીંસમાં ભીંસાતા ખેડુતોની લાચારીનાં દર્શન થયાં તા. 14-12-16ના રોજ સોમનાથ મંદીરેથી સચીવાલય (ગાંધીનગર) સુધી શરુ કરેલી વેદનાયાત્રા દરમ્યાન.

યાત્રાની શરુઆત થઈ ત્યારે જ પહેલી વેદના જાણવા મળી તે અત્યંત લાચારીભરી. દરીયાકાંઠાની લીલી નાઘેર હવે ઉજડી રહી છે. એનાં પાણીની ગુણવત્તા કથળી રહી છે. કારણ, દરીયાકાંઠે અપાતી ખોદકામની મંજુરી. એકવારની મંજુરી સાથે સાથે ગેરકાયદે ખાણકામ પણ ખુબ મોટાપાયે ચાલી રહ્યું છે. કાયદેસર અને ગેરકાયદેસર બંને રીતે થતા ખાણ ખોદકામને લીધે ચુનાની કુદરતી દીવાલ તુટી રહી છે, દરીયાની ખારાશ અંદર આવતી ભાસે છે. પાણીની મીઠાશ ઓસરી રહી છે એ જાણવા છતાં ભ્રષ્ટ તંત્ર સામે પોતાની ધીમે મોતે મરતી - ઉજડતી વાડીઓ નીરખવી એથી વધારે વેદનાદાયક બીજું શું હોઈ શકે ?

એ જ, ગીર સોમનાથ જીલ્લામાં આગળ ચાલ્યા તો નેશનલ હાઈ-વેમાં થયેલા જમીનના આડેધડ કપાતથી વીંધાયેલા ખેડુતોની વેદના. સબળાને બચાવવા નબળાનો ભોગ લેવાયો, જરુર વગરનાં પહોળાં સંપાદન 'ટોલ પ્લાઝા' માટે થયાં, કેટલાક તો ખેડુત જ મટી ગયા એની વેદના. બીજી બાજુ ખેડુતોએ વરસો

પહેલાં ખરીદેલી અને વવાતી જમીનો આજે જંગલ ખાતા દ્વારા ગેરકાયદે ઘોષીત કરાઈ તેની વેદના.

*હરખઘેલી સરકારે આવાં કેટલાંય પાસાંનો વીચાર કર્યા વગર જ ઉતાવળે નોટબંધીની જાહેરાત કરી એનાં માઠાં ફળ ખેડુતોને લલાટે આવ્યાં.*

જુનાગઢ જીલ્લામાં પ્રવેશ્યા તો વંથલીના ખેડુતોએ સ્વાગત કરતાંની સાથે જ પોતાની વેદના વ્યક્ત કરી તે એવી કે નદીકાંઠાના ફળોની વાડીઓથી લીલાછમ વીસ્તારના ખેડુતો બજારમાં ફળ વેચે પણ એનાં બીલ તો મળતાં નથી. રોકડને બદલે ચેક ભલે મળે, બેંકમાં જમાય કરાવે પણ બીલ જ ના હોય તો એને ખેતીની આવક તરીકે કેમ બતાવવી ? જો ખેતીની આવક સાબીત ના કરી શકે તો આવકવેરાની અડફેટે ચડી જાય. હરખઘેલી સરકારે આવાં કેટલાંય પાસાંનો વીચાર કર્યા વગર જ ઉતાવળે નોટબંધીની જાહેરાત કરી એનાં માઠાં ફળ ખેડુતોને લલાટે આવ્યાં.

જુનાગઢમાં તો વળી બાય-પાસ અને હાઈ-વેની કપાત સામે લડતા ખેડુતોને છોગામાં મળ્યાં 'ઈકો સેન્સીટીવ ઝોન' અને 'જુડા'... ! સીંચાઈ માટે મોટેભાગે રાતના સમયે જ મળતી વીજળીની વેદના વળી એથીયે આકરી. એક તો રાતે નીલગાય અને ભુંડનાં રખોપાં કરવાનાં અને સીંચાઈ કરવી હોય તો રાતે જ વીજળીમાતા પધારે એમનાં વધામણાં કરીને પાણી વાળવાનાં. રાતના ઉજાગરા કરવાના બહાના તળે વધારે પડતું ચા-પાન-મસાલાનું સેવન અને અનીયમીત, અપુરતી ઉંઘથી ખેડુતોના આરોગ્ય પર થતી અવળી અસર, વધતાં કેન્સર, ડાયાબીટીસ અને બ્લડ પ્રેશર છેવટે રાજ્ય અને રાષ્ટ્રના આરોગ્ય ખર્ચમાં વધારો કરવા સાથે સાથે કુટુંબોને આ ખેડુતો નીરાધાર કરી રહ્યાં છે એની પરવા કોણ કરે ?

રાજકોટ જીલ્લામાં પણ એ જ હાઈ-વે કપાત, વીજળીની હાઈટેન્શન લાઈનો નાખવામાં ખેડુતો સાથે થતી છેતરપીંડીની વેદના ! તો વળી બોટાદ જીલ્લામાં નર્મદા યોજનામાં કરેલા વાયદા અનુસાર તળાવો અને ઘોમા ડેમ નહીં ભરવાની ફરીયાદ. ઓછા વરસાદવાળા બોટાદ જીલ્લામાં પીવાના પાણીનીય અછત અનુભવાય છે. એમાંય વળી, વેપારીઓ દ્વારા ખેડુતો સાથે ખરીદીમાં થતી છેતરપીંડીના દાખલા ભળ્યા. અમદાવાદ જીલ્લામાં પ્રવેશો ત્યાં તો ધોલેરાનો સર, નર્મદાની સીંચાઈમાંથી ડી-કમાન્ડ વગેરે હાજર.

હાઈટેન્શન ઈલેક્ટ્રીક પોલના કાયદામાં જોગવાઈ છે કે ખેડુતને વળતર માટે બે વીકલ્પ આપવા : જો એ જમીનનું કાયમી વળતર ઈચ્છતો હોય તો કાયમી વળતર આપવું અને વાર્ષીક ભાડું ઈચ્છતો હોય તો આપવું. કાયદાના અજ્ઞાનનો લાભ લઈ કંપની હોય કે સરકાર; ખેડુતોને ધમકાવી કર્મચારીઓ થાંભલા ઉભા કરી જાય છે. પાકના નુકસાનની રકમ કહી 10-20 હજાર રુપીયા પકડાવી સહીઓ લઈ જાય છે... ખેડુતોના વળતરના એ પૈસા ખરેખર ક્યાં જતા હશે ? એમાં કરોડોનું આર્થીક કૌભાંડ નહીં હોય ?

એવી જ રીતે, 2003 સુધી ખેડુતોને 18 કલાક વીજળી મળતી હતી, એ વખતે ગુજરાતમાં વીજળીની ઉણપ હતી, વરસો વરસ ઘટીને હાલ એ માત્ર 8 કલાક મળે છે; જ્યારે રાજ્યનું વીજળી ઉત્પાદન પુરાંત દર્શાવે છે. હોવા છતાં ના જ આપવું એનું નામ 'વીકાસ' હશે !

વેદનાઓ સાંભળતાં સાંભળતાં 450 કી.મી. જેટલું ચાલીને 20મા દીવસે સચીવાલય પહોંચ્યા પહેલાં જ પોલીસે ગાંધીનગરની હદે રોક્યા. વાઈબ્રન્ટની તૈયારી ચાલે છે... ગાંધીનગરમાં 144મી કલમ લાગુ છે, શહેરમાં પ્રવેશવા નહીં દેવાય, ધરપકડ કરી ગુના દાખલ કરવા પડશે વગેરે ભાષામાં વાટાઘાટ ચાલી. ઉવારસદ ચાર રસ્તે રોક્યા હતા ત્યાંથી આગળ ચાલ્યા. તારાપુર પછી હાલ મુખ્યમંત્રી મળી શકે તેમ નથી, ઓફીસમાં આપવું હોય તો ચાર-પાંચ જણને ગાડીમાં કહો તો ગાડીમાં અને ચાલતા કહો તો ચાલતા લઈ જઈએ. 'બધાને નહીં જવા દઈ શકાય' વાળી ભાષા આવી. આગ્રહ પકડી રાખતાં હાલ અધીકારી આવીને આવેદનપત્ર લઈ જાય અને 3-4 દીવસમાં મુખ્યમંત્રી સાથે મુલાકાત ગોઠવી અપાશે એવી ખાતરી અપાઈ. સરકારી પ્રતીનીધીના વચનનો વીશ્વાસ તો કરવો પડે નહીં તો લોકશાહી શેની ? વચન પર વીશ્વાસ રાખ્યો, મામલતદાર સામે આવી આવેદનપત્ર લઈ ગયા. છેલ્લે દીવસે સાથે જોડાયેલા 1500 જેટલા ખેડુતો અને આગેવાનો આવેદન આપી વીખેરાયા. આવેદન પત્ર આટલું જ કહે છે -

"આ કોઈ રાજકીય આંદોલન નથી, કોઈ રાજકીય પક્ષનો કાર્યક્રમ નથી. ખેડુતોના હીતમાં, ખેડુતો માટે, ખેડુતોનો કાર્યક્રમ છે. એને રાજકીય દૃષ્ટીએ જોવાને બદલે ગુણદોષને આધારે જોવામાં આવે અને છેલ્લાં પાંચ વર્ષથી કુદરતી

હોનારત, અપુરતો વરસાદ અથવા પછી નીચા ભાવોને કારણે ગુજરાતના ખેડુતો બેહાલી તરફ ધકેલાયા છે. ખેતીક્ષેત્ર લગભગ તુટી પડવાની અણીએ આવીને ઉભું છે. દેશમાં આપણું રાજ્ય હેક્ટરદીઠ અન્ન ઉત્પાદનની દૃષ્ટીએ છેક 12મા નંબરે આવે છે, એમાં ખેડુતોની અણઆવડત કરતાં સીંચાઈ સગવડોનો અભાવ વધારે જવાબદાર છે. આજે પણ, વીકાસના અનેક દાવાઓ પછી સીંચાઈની બાબતમાં ગુજરાતનો ખેડુત વરસાદ આધારીત છે. ગુજરાતનો ખેડુત કુદરત અને બજાર વચ્ચે પીસાઈ રહ્યો છે ત્યારે સરકાર ખેડુતોની માગણીઓ સ્વીકારે અને ત્વરીત અમલ કરે એવી અમારી અપેક્ષા છે.

**અમારી મુખ્ય માગણીઓ નીચે મુજબ છે...**

***1. ખેડુતોનાં તમામ દેવાં માફ કરો. પાક વીમાના 100 ટકા ચુકવણાની તારીખ જાહેર કરો. તમામ ખેડુતોને એકરે 50,000 રુપીયાની રોકડ સહાય આપો.***

*2. જમીન સંપાદનના કાયદા-2013માં ગુજરાત સરકારે કરેલા ફેરફારો, એસ.આઈ.આર. એક્ટ-2009, ગુજરાત ગટર અને પાણી વ્યવસ્થા કાયદો-2013 અને ગુજરાત ટાઉન પ્લાનીંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ તરત જ રદ કરો.*

*3. કૃષી નીતી તાત્કાલીક જાહેર કરવામાં આવે. કૃષી આયોગની તાત્કાલીક રચના કરો, એમાં ખેડુતોનું પ્રતીનીધીત્વ અનીવાર્ય કરો.*

*4. ટેકાના ભાવોમાં 100 ટકાનો વધારો કરો અને પાક-ઉપજ સામે 80 ટકા બેંક લોન આપો.*

*5. ગુજરાત ખેતી જમીન ટોચ મર્યાદા અને ગણોતધારામાં કરેલા ફેરફારો રદ કરો.*

*6. વારસાઈ, વહેંચણી અને ભુલસુધારણા સહીતના તમામ રેવન્યુ રેકર્ડ તરત જ સુધારવા માટે ગુજરાતવ્યાપી કાર્યક્રમ હાથ ધરો.*

*7. 2003 સુધી ખેડુતોને 18 કલાક વીજળી મળતી હતી, હવે ગુજરાતમાં વીજળી સરપ્લસ છે ત્યારે માત્ર 8 કલાક વીજળી આપવામાં આવે છે.* ***ગુજરાતના ખેડુતોને 24 કલાક વીજળી આપવામાં આવે, વરસોથી પડતર 3,00,000 વીજળી કનેક્શનો એક મહીનામાં આપવાની વ્યવસ્થા ગોઠવાય.***

*8. ડી.એમ.આઈ.સી. સંબંધીત તમામ પ્રકારનાં જમીન સંપાદનો તાત્કાલીક અસરથી રોકી દેવામાં આવે.*

*9. વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે માટે ખેડુતો સાથે ચર્ચા વીચારણા કરી નવો વીકલ્પ વીચારવામાં આવે, ત્યાં સુધી તમામ કાર્યવાહી સ્થગીત કરવામાં આવે.*

*10. દર પાંચ ગામો વચ્ચે એક કોલ્ડ સ્ટોરેજ અને ગોડાઉનની સગવડ તરત જ ઉભી કરો.*

*11. બજારમાં હરાજીની શરુઆત ટેકાના ભાવથી જ શરુ થાય તેવી કાયદાકીય જોગવાઈ કરો.*

*12. સરકારી નીતીઓ, જંગલી જાનવરો, રોઝ, ભુંડને કારણે થતા નુકસાન સામે વળતરની સ્પષ્ટ જોગવાઈઓ અને અમલ કરો.*

*13. સીંચાઈ યોજનાઓમાંથી ડી-કમાન્ડ કરેલા તમામ વીસ્તારો રી-કમાન્ડ કરો. નર્મદા યોજનાના મુળ આયોજન મુજબ જ પાણીનું વીતરણ કરવામાં આવે, ઉદ્યોગોને ફાળવણી કરતાં વધારે પાણી અપાય છે તે તરત જ રોકી દેવામાં આવે.*

*14. નર્મદાની નહેરો અને સૌની યોજનાના કામનું ટાઈમ ટેબલ નક્કી કરી અમલ કરો.*

*15. કલ્પસર યોજનાની હાલ શું સ્થીતી છે તેનું શ્વેતપત્ર બહાર પાડો.*

*16. સીંચાઈ દરમાં દર વરસે થતો 7.5 ટકાનો વધારો રદ કરો.*

*17. ગામડાંમાં પડેલી તમામ પડતર / ખરાબાની જમીન ગામના જમીન વગરના લોકો તેમજ નાના અને સીમાંત ખેડુતોને સાંથણીમાં આપો.*

*18. ગૌચરની જમીન કોઈ પણ હેતુ માટે કોઈ પણ ભાવે આપવાનું બંધ કરો, પશુ સંખ્યા મુજબ ગૌચર નીમ કરો અને વીકસાવો.*

*19. સીંચાઈ યોજનાઓ, જી.આઈ.ડી.સી. અને બીજા હેતુઓ માટે લીધેલી તથા ઉદ્યોગોએ જમીન લઈને ઉદ્યોગો શરુ ના કર્યા હોય તેવી તમામ જમીન મુળ ખેડુતોને પાછી આપવાનું શરુ કરો.*

*20. પ્રદુષીત ઉદ્યોગો માટે હવે કોઈ નવું જમીન સંપાદન કોઈ પણ સંજોગોમાં નહીં જ.*

*21. ખેત આધારીત રોજગારલક્ષી ઉદ્યોગો માટે ખેડુતોને લોન અને બીજી સગવડો આપો.*

*22. કરજણ જળાશય યોજના મુળ આયોજન અનુસાર તરત કાર્યાન્વીત કરવામાં આવે.*

*23. સીંચાઈ નહેરોમાં બારમાસી પાણી આપવામાં આવે, સફાઈને નામે ખેડુતોનો પાક નાશ પામતો રોકવામાં આવે, જો અનીવાર્યપણે નહેર બંધ થાય તો પાકની નુકસાની ચુકવવામાં આવે.*

*24. ડી-મોનેટાઈઝેશનને કારણે શાકભાજી, બાગાયતી સહીત તમામ ખેડુતોને થયેલા નુકસાનનો અભ્યાસ કરવા તટસ્થ ટીમ નીમી ખેડુતોને થયેલા નુકસાનનું વળતર ચુકવવા પેકેજ જાહેર કરવામાં આવે.*

*25. શેરડી પરનો ખરીદ વેરો માત્ર ગુજરાતમાં જ લેવાય છે તે તરત જ નાબુદ કરવામાં આવે.*

*આશા છે, અમારી હાલની કપરી પરીસ્થીતીને ધ્યાનમાં રાખી, અમારી વાજબી માગણીઓ પર સરકાર સહાનુભુતીપુર્વક વીચારી*

*જગતના તાતને કપરી પરીસ્થીતીમાંથી ઉગારી લેવા યોગ્ય જાહેરાતો તરત જ કરશે."*

આશા રાખીએ સરકાર આટલામાંથી નહીં જ જાય. સરકાર વચન ના પાળે તો શું એ મીડીયાના મીત્રોનો સવાલ હતો. એમને કહ્યું...

*"જો આગામી 3-4 દીવસમાં મુખ્યમંત્રીશ્રીનો સમય ફાળવી ખેડુતોના મુદ્દે મુલાકાત ગોઠવાતી હોય તો આજે આવેદન પત્ર આપવામાં વાંધો નહોતો. ખેડુતો પોતાના સવાલોનો સકારાત્મક ઉકેલ ઈચ્છે છે તેની પ્રતીતી રુપે આજે સકારાત્મક વલણ અપનાવી આવેદનપત્ર આપી, પોતાની વાતની રજુઆત કરી શાંતીપુર્વક વીખેરાયા છે.*

*"સરકારી દરખાસ્તને સકારાત્મક રીતે લેવા માટે ખેડુતોમાં એ પણ ચીંતા છે કે ભુતકાળમાં અનેક માઠા અનુભવો પછી ફરી એકવાર જો સરકાર બોલેલું ના પાળે અને મુલાકાત દ્વારા ખેડુતોના સવાલોનું સમાધાન ના થાય તો શું ? આ ચીંતા ખેડુતોમાં છે, છતાં સરકારી પ્રતીનીધીના બોલ પર વીશ્વાસ રાખવો એ લોકશાહીનો પાયો છે.*

*"ખેડુતોએ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે અત્યાર સુધી તમામ લોકશાહી ઢબના પ્રયત્નો - રેલીઓ, ધરણાં, પ્રદર્શનો, પદયાત્રાઓ સહીત - કર્યા છે. છતાં, જો સરકાર વચન ના પાળે તો શું ? સરકાર જો વચનભંગ કરે તો હવે લોકશાહીનું આખરી શસ્ત્ર - મતનો ઉપયોગ - ખેડુતો ઉગામશે. ખેડુત આગેવાનો જીલ્લાવાર સઘન પ્રવાસ કરી ખેડુતોના સવાલો પ્રત્યે સરકારી ઉપેક્ષાના દાખલાઓ અને વચનભંગનો સીલસીલો રજુ કરી 'કાળા ચોરને મત આપવો પણ ખેડુતો અને ખેતીનું સત્યાનાશ વાળનારા, ખેડુતોનું વારંવાર અપમાન કરનારા હાલના સત્તાધારી પક્ષને હરગીજ નહીં'... 'હાલના સત્તાધારી પક્ષને ચુંટણી પ્રચાર માટે ગામમાં પ્રવેશની મનાઈ ફરમાવવી' સહીતના કાર્યક્રમો ચલાવશે. સત્તાના મદમાં અંધ બનેલી સરકારનાં મુળીયાં ઉખાડવાના કામે લાગવા સીવાયનો કોઈ લોકશાહી વીકલ્પ ખેડુતો પાસે બચતો નથી. ખેડુતો એડીચોટીનું જોર લગાવી આ વીકલ્પ અજમાવશે અને ભુતકાળમાં કરેલાં સત્તા પરીવર્તનોની જેમ જ આગામી 2017ની ચુંટણીમાં ખેડુતો, ખેતમજુરો અને માલધારી સહીતની ગ્રામીણ જનતા સત્તા પરીવર્તનનું માધ્યમ બનશે એવા સંકલ્પ સાથે ખેડુતો વીખેરાયાં છે."*

વરસોથી જો અને તો વચ્ચે અટવાતા ખેડુતો આ વખતે પોતાના ઈરાદામાં મક્કમ છે. વચનભંગ થાય તો કામે લાગવું પડશે અને સત્તાનો મદ ઉતારવો પડશે એ નીર્ધાર છે. માધ્યમોના મીત્રોને કહેવા ખાતર કહેલી વાત નહીં. છેલ્લે પણ વાયબ્રન્ટ ખેડુતોને નડ્યું ખરું જેમ જમીન-પાણી પડાવીને નડે છે તેમ લોકશાહી અધીકાર ભોગવામાંય નડ્યું !

**– સાગર રબારી**

❑


# સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ, સુરત

**સંચાલીત**

# ભગીરથ સ્મૃતી નીધી સમીતી

**અને**

# સુરત સીટીઝન કાઉન્સીલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે

**એડવોકેટ ભગીરથ શાહ માનવ અધીકાર એવોર્ડ વીતરણ સમારંભ અને જાહેર પ્રવચન**

**: વક્તા :**

**સુપ્રીમ કોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી પ્રશાંત ભુષણ**

**: વીષય :**

**કૉલેજીયમ સીસ્ટમ વીરુદ્ધ નેશનલ જ્યુડીશરી એપોઈન્મેન્ટ કમીશન**

**સમારંભના પ્રમુખ હાઈકોર્ટના ધારાશાસ્ત્રી શ્રી ગીરીશભાઈ પટેલ રહેશે.**

**વાર અને તારીખ : શનીવાર, 18 ફેબ્રુઆરી 2017**

**સમય : સાંજે 4-00 વાગ્યે**

**સ્થળ : 'સમૃદ્ધી', મક્કાઈ પુલની બાજુમાં નાનપુરા, સુરત–395001.**

## શતાબ્દીવંદના : હીન્દની એકતાનાં ભવ્ય પ્રતીક સમાં

# એમ. એસ. (મીરાં) શુભલક્ષ્મી

**ગાર્ગી વૈદ્ય**

છેક વીસમી સદીના ત્રીશીના દાયકાથી છ-છ દાયકા સુધી ઉત્તમ શાસ્ત્રીય સંગીતનાં ગાયીકા જ નહીં, સંવેદનશીલ અભીનેત્રી, સુશીલ નારી અને ઉદાર માનવી તરીકે કરોડો હીન્દવાસીઓનાં ચીત્તમાં સ્થાન પામેલાં એમ. એસ. શુભલક્ષ્મીને 1999ની 14મી જાન્યુઆરીએ 'ભારતરત્ન'નું નાગરીક સન્માન આપવાનું જાહેર થયું ત્યારે લખાયેલું કે દેશમાં મીરાંઓ અને શુભલક્ષ્મીઓ હજાર વર્ષે એકાદ જન્મે છે અને એમ.એસ.માં તો મીરાં અને શુભલક્ષ્મી બન્નેનો સંગમ હતો ! શુભલક્ષ્મીનું આ સન્માન આપણી ભુમીખંડની એકતાને અપાયેલું સન્માન પણ હતું. ગત કેટલાક દાયકાથી પ્રાદેશીક અને અન્ય સંકુચીતતાને વરેલા લોકો ઉત્તર અને દક્ષીણ હીન્દ વચ્ચે અલગાવનો વીંધ્ય પર્વત ઉંચો કરવાનું તાકી રહ્યા છે. એવા માહોલમાં શુભલક્ષ્મીનું સન્માન અમૃતવર્ષા સમાન ગણાય. ઉત્તરનાં મીરાંબાઈ, ઉત્તરનું સંગીત, ઉત્તરની ભાવનાઓ, અરે, મુનશી પ્રેમચંદજી જેવા મહાન ઉત્તર ભારતીય કથાકારના સાહીત્યને પોતાના સંગીત અને અભીનય વડે સમગ્ર દક્ષીણ હીન્દમાં પહોંચાડનાર અને દક્ષીણના સંગીતને ઉત્તરમાં લોકપ્રીય બનાવવામાં સાઠ ઉપરાંત વર્ષો સુધી વધારેમાં વધારે ફાળો શુભલક્ષ્મીનો છે, એમ કહેવામાં અતીશયોક્તી નથી.



અમારે પ્રામાણીકપણે કહેવું છે કે શુભલક્ષ્મી (જેમને સમગ્ર દક્ષીણ હીન્દ સ્નેહથી એમએસ તરીકે ઓળખે છે) માટે હૃદયમાં એટલો ઉમળકો છે કે એમનો પરીચય લેખ કેમ શરુ કરવો અને એમાં શું સમાવવું એ પ્રશ્ન થઈ પડે. એમની ગાયકીની વાત કરવી કે એમને સાંપડેલી અદ્વીતીય પ્રશંસાઓ નોંધવી કે દરેક તસવીરમાં એક વત્સલ માતાનું ઉપસતું એમનું સ્તુત્ય રુપ વખાણવું કે...

એમ.એસ. સીત્તેરનાં હતાં ત્યારનો એક પ્રસંગ બહેન ગૌરી રામનારાયણે નોંધ્યો છે :

તમીળનાડુના તાંજાવુર જીલ્લાનું છેવાડાનું અયાલુર નગર છે. ત્યાંના મંદીરના એક સપ્તાહ લાંબા ઉત્સવના સમાપન રુપે એમ. એસ.નું ધાર્મીક ગાયન યોજાયું છે. હમેશની જેમ, દુર દુરથી હજારો લોકો એમના દીવ્ય ગાયનને સાંભળવા આવ્યાં છે. એમ. એસ. તન અને મન નહીં, આત્મા પણ રેડીને ગાય છે. આવા નીચોવી નાખતા ગાયનના અઢી કલાક પુરા થઈ ગયા છે. તેઓ હમેશાં કાર્યક્રમના સમાપન વેળા રાજાજીની કાવ્ય રચના 'કુરઈ ઓનરુમ ઈલ્લઈ' (મને પસ્તાવો નથી, કારણ કે પસ્તાવું પડે એવું કંઈ કામ મેં કર્યું નથી) પણ ગાઈ ચુક્યાં છે. અને ત્યારે... ધુળ ધુળ જુતાં અને રજોટાયેલાં સાડી-ધોતી પહેરેલાં એક પ્રૌઢ દંપતી આવીને હાથ જોડે છે. એ કહે છે : 'અમે ત્રીસ માઈલ દુરથી તમને સાંભળવા જ આવ્યાં છીએ, કુંજમ્મા !' (દંપતી એમને 'કુંજમ્મા' તરીકે સંબોધે છે, કારણ કે 'એમ.એસ.' કરતાં વધારે આ સંબોધન પણ કરોડો લોકો એમને માટે વાપરે છે.) 'પણ અમારાં કમભાગ્ય જુઓ કે અમે છેક કાર્યક્રમને અંતભાગે અહીં પહોંચ્યાં. આ ભવમાં તમને સાંભળવાનું અમારા નસીબમાં નહીં હોય, બીજું શું !'

કુંજમ્માએ ચારે કોર નજર ફેરવી. કાર્યક્રમ પુરો થયો હતો, અને અમૃતપાનથી ધરાયાં હોય એમ હજારો શ્રોતા ઉઠવા લાગ્યાં હતાં. સાજીંદાઓ પોતપોતાનાં વાજીંત્ર સંભાળવા લાગ્યા હતા. એ સૌ હવે આરામ ચાહતા હતા, અને કુંજમ્મા પણ હવે આરામ કરે એમ ઈચ્છતા હતા. પણ કુંજમ્માએ

માઈક પર જાહેર કર્યું, 'આપણાં આ સંગીતપ્રેમી દંપતી માટે કમ-સે-કમ એક ગીત ગાઈએ.'

શ્રોતાઓને તો જાણે અલૌકીક બોનસ મળ્યું. અને પેલાં ગ્રામીણ દંપતીને તો જીવનનો અપુર્વ લહાવો.

*'ખરી વાત છે કે અન્ય ગાયકો પાસેથી અમને ઉત્તમ ગાયકી મળે, પરંતુ સદેહે સ્વર્ગે પહોંચ્યાની આવી અનુભુતી બીજું કોઈ કરાવી ન શકે.'*

એમ.એસ.ને સાંભળવાની ઉત્કંઠાનો આ તો એક દાખલો છે. હૈદરાબાદની રહેવાસી અને મરણતોલ પ્રમાણમાં દાઝી ગયેલી એક કીશોરી કહે છે કે મને કોઈ દવા શાતા નહીં આપે, બસ એમ.એસ.નું સંગીત સંભળાવો. કોઈપણ ગીત !

આવા તો ઘણાય દાખલા આપી શકાય.

જવાહરલાલ નહેરુએ તેમને માટે કહેલું, 'હું તો માત્ર એક વડો પ્રધાન છું જ્યારે તમે તો સંગીતનાં મહારાણી છો.' ગાંધીજીએ તો બધી ઈચ્છાઓ પર વીજય મેળવ્યો હતો; પરંતુ એમણેય મૃત્યુ અગાઉના દીવસોમાં જે એકમાત્ર ઈચ્છા જાહેર કરેલી તે એમ.એસ.ને મુખે 'હરી, તુમ હરો જનનની પીડ...' સાંભળવાની હતી. ખુદ સરોજીની નાયડુએ 1944માં એમ.એસ. જેમાં મીરાંની ભુમીકા ભજવે છે અને મીરાંનાં પદ ગાઈને અમરત્વ પ્રાપ્ત કરે છે તે ફીલ્મ 'મીરાં'ની પ્રાસ્તાવીક રજુઆતમાં પોતાનું 'હીન્દનાં બુલબુલ' (બુલબુલે હીન્દ)નું બીરુદ એમ.એસ.ને અર્પણ કરી દીધું હતું. મુંબઈના એક ઉદ્યોગપતીને કોઈકે પુછ્યું કે તમને સમજાય એમ ભાષામાં અને ઉચ્ચારમાં ભજનો સંભળાવે એવાં અનેક ગાયકો અને ગાયીકાઓ છે, છતાં એમ.એસ.નાં ભજનોનો કાર્યક્રમ યોજવા આટલા બધા આગ્રહી કેમ છો ? એ ઉદ્યોગપતીનો જવાબ હતો, 'ખરી વાત છે કે અન્ય ગાયકો પાસેથી અમને ઉત્તમ ગાયકી મળે, પરંતુ સદેહે સ્વર્ગે પહોંચ્યાની આવી અનુભુતી બીજું કોઈ કરાવી ન શકે.' વીખ્યાત સરોદવાદક અમજાદઅલી ખાને લખ્યું છે 'શુભલક્ષ્મીના સંગીતનો પ્રથમ પરીચય મને એકવાર રેડીયોનો કાંટો ફેરવતાં થયો હતો. અકસ્માત જ એક રેડીયો સ્ટેશનથી પ્રસારીત થતો એમનો અવાજ મેં સાંભળ્યો અને હું મંત્રમુગ્ધ બની ગયો કે હું સાવ ચેષ્ટારહીત બનીને એ અવાજ સાંભળતો જ રહ્યો.'

1916ની 16મી સપ્ટેમ્બરે જન્મેલાં એમ.એસ.ને સુદીર્ઘ કારકીર્દી દરમીયાન પ્રશંસાના આવા કરોડો શબ્દ સાંપડ્યા છે. એમના નામનો પહેલો અક્ષર 'એમ' જન્મસ્થાન મદુરૈ સુચવે છે, અને બીજો અક્ષર 'એસ' ષણ્મુખવાદીવુ સુચવે છે : જે એમનાં માતાનું નામ છે. એમના પીતા સુબ્રહ્મણ્ય ઐયર એક વકીલ હતા, પરંતુ દક્ષીણની પરંપરા અનુસાર, કુટુંબનાં વડાં ષણ્મુખવાદીવુ હતાં. અરે, ત્રણ સંતાનોના જન્મ પછી પીતાનું રહેઠાણ પણ અલગ થયું હતું. મદુરૈની હનુમન્તરવીન ગલીમાં તો માતા, માસીઓ અને મામાઓનું રહેઠાણ હતું.

ષણ્મુખવાદીવુનાં ત્રણ સંતાન હતાં - શુભલક્ષ્મી, પુત્ર શક્તીવેલ અને પુત્રી વાદીવઅમ્માણ. આ નાની બહેન વીણાવાદનમાં નીષ્ણાત હતી, પરંતુ ઘણી નાની ઉંમરે અવસાન પામી. ષણ્મુખવાદીવુ પોતે ખુબ સારાં વીણાવાદક હતાં, અને મોટી દીકરીનેય એમણે વીણાવાદન શીખવવા માંડેલું. જો કે શુભલક્ષ્મીનો કંઠ હલકદાર છે એ જોઈને માતાએ તેમને કંઠ્ય સંગીતની તાલીમ માટે ગુરુ શ્રીનીવાસ અય્યંગારને ત્યાં મુક્યાં. થોડાક જ સમયમાં જણાઈ આવ્યું કે એમ.એસ.ને સંગીતની કોઈ અજબ લગની હતી. એ કર્ણાટક - શૈલીનું ગાયન તો શીખ્યાં જ, ઉપરાંત પડોશીઓના રેડીયો પર કદીક સંભળાઈ જતાં ઉસ્તાદ અબ્દુલ કરીમખાં અને ઉસ્તાદ બડે ગુલામઅલીખાંનાં ગાયન સાંભળતાં અને હીન્દુસ્તાની શૈલી ગાયકી પણ આત્મસાત્ કરતાં. આ રસને કારણે જ પછી મુનશી પ્રેમચંદજીની કથા પરથી બનેલી ફીલ્મ 'સેવાસદન'માં અને 'મીરાં'માં એ અદ્ભુત હલકથી હીન્દી ભજનો ગાઈ શક્યાં. 'શ્યામ સુંદરા', 'મ્હાને ચાકર રાખોજી', 'માનો માનો કન્હૈયા', 'નીર ભરન કૈસે જાઉં' વગેરે એમનાં ગાયેલા ગીતો વડે દક્ષીણ હીન્દમાં હીન્દી ભાષાનો પ્રસાર કરવામાં ઘણો લાભ થયો.

પહેલાં તો એ સંગીતની રેકોર્ડ્ઝ વડે ખ્યાતી પામ્યાં (મદ્રાસ ઈલાકામાં એ વેળા રેકોર્ડને 'પ્લેટ' કહેતા !) પછી, 1938માં 'સેવાસદન', 1944માં 'શકુંતલાઈ', 1942માં 'સાવીત્રી' (જેમાં શુભલક્ષ્મીએ પુરુષની... નારદની ભુમીકા ભજવેલી !!!) અને 1944માં 'મીરાં' (તમીળ) તેમજ 1947માં 'મીરાં' (હીન્દી)માં એમણે મીરાંની ભુમીકા ભજવી. 'મીરાં'નાં એમનાં ગીતોએ એમને 'સંત ગાયીકા'ની એવી ઉંચી ભુમીકા પર મુકી દીધાં કે પછી ફીલ્મો તરફ પાછું વાળીને જોવાનો સવાલ જ ન રહ્યો.

1940માં એમણે ત્યાગરાજન સદાશીવમ્ સાથે લગ્ન કરેલાં એ લગ્નજીવન પણ આદર્શ લગ્નજીવન હતું. ❑

# સર્વોચ્ચ અદાલતના 2016 વર્ષ દરમ્યાન મહત્ત્વના ચુકાદાઓ

**પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

1. દીલ્હીમાં દીવાળીનાં તહેવારો આસપાસ હવામાં પ્રદુષણનું સ્તર ભયજનક સપાટીએ પહોંચ્યું હતું. વાચકોને યાદ હશે કે દીલ્હીની શાળા, કારખાનાંઓ 5 દીવસ બંધ રાખવામાં આવેલ. સર્વોચ્ચ અદાલતે દીલ્હી આસપાસના વીસ્તારોમાં ફટાકડા વેચાણ પર પ્રતીબંધ મુક્યો હતો અને સર્વોચ્ચ અદાલતે પર્યાવરણ તરફ પોતાની જાગરુકતા પ્રગટ કરી હતી. સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો ધ્યાનમાં રાખતા દેશમાં દુકાન-કારખાનાનું ઉદ્‌ઘાટન, લગ્ન કે ધાર્મીક સામૈયા વગેરે પ્રસંગે રસ્તા પર ફોડાતા ફટાકડા પર પ્રતીબંધ મુકવાનું જરુરી જણાય છે.

2. દીલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સામે બદનક્ષી કેસ દાખલ થયેલા છે. બંનેએ બદનક્ષી કાનુનની બંધારણીયતા પડકારી હતી. સર્વોચ્ચ અદાલતે બદનક્ષીનો કાનુન બંધારણીય ઠરાવેલ છે અને આ રીતે તેમની સામે બદનક્ષીનો ખટલો ચલાવવાનો માર્ગ મોકળો થયો છે.

3. હરીઆણા રાજ્યે પંચાયતની ચુંટણી લડવા માટે ઉમેદવારની શૈક્ષણીક લાયકાત નક્કી કરતો કાનુન ઘડેલ છે. સર્વોચ્ચ અદાલતે આ કાનુન બંધારણીય ઠરાવેલ છે અને આ રીતે હવે અન્ય રાજ્યો ચુંટણી લડતા ઉમેદવારો માટે શૈક્ષણીક લાયકાત નક્કી કરવાની દીશામાં આગળ વધે તો કાનુની અવરોધ નથી.

4. દેશમાં વધતા એસીડ હુમલાઓ સંબંધમાં સર્વોચ્ચ અદાલતે હુમલાનો ભોગ બનનાર વ્યક્તીને દીવ્યાંગ (અપંગ) ગણવા હુકમ કર્યો છે કે જેથી દીવ્યાંગને મળતા લાભો આ પીડીત વ્યક્તીને પ્રાપ્ત થઈ શકે.

5. સર્વોચ્ચ અદાલતના પુર્વ ન્યાયાધીશ કાત્જુએ મહાત્મા ગાંધી અને સુભાષચંદ્ર બોઝ સામે ટીકાત્મક વીધાનો કર્યા હતા. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે બંધારણ હેઠળ વાણી અને અભીવ્યક્તી સ્વાતંત્ર્યનાં નામે ગાંધી અને બોઝ જેવી ઐતીહાસીક વ્યક્તીઓ સામે અણછાજતી ટીકા કરી શકાય નહીં.

6. જસ્ટીસ કાત્જુના આ ટીકાત્મક વીધાનો અંગે સંસદે કાત્જુ વીરુદ્ધ ઠરાવ પસાર કરેલ હતો. કાત્જુએ સંસદનો આ ઠરાવ સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો. સર્વોચ્ચ અદાલતે સંસદનો આ ઠરાવ કાયદેસર ઠરાવ્યો છે. ઉપરાંત જસ્ટીસ કાત્જુએ સર્વોચ્ચ અદાલતના એક નીર્ણયની ટીકા પણ કરી હતી. સર્વોચ્ચ અદાલતે ન્યાયતંત્રની અણછાજતી ટીકા કરવા બદલ અદાલતી તીરસ્કાર અંગે કાર્યવાહીની તેમને નોટીસ પાઠવી છે. આમ સર્વોચ્ચ અદાલતના એક પુર્વ ન્યાયાધીશ હવે સર્વોચ્ચ અદાલતના ચક્કરમાં ફસાયા છે.

7. ઘણા લોકોનો એવો અનુભવ છે કે પોલીસ પોતાની ફરીયાદ નોંધવાની આનાકાની કરે છે. સર્વોચ્ચ અદાલતે પણ આ હકીકતની એક કરતાં વધારે વાર નોંધ લઈ પોલીસને ફરીયાદ (F.I.R.) નોંધવા આદેશ કરેલ છે. હમણાં સર્વોચ્ચ અદાલતે એમ ચુકાદો આપ્યો છે કે પોલીસે 24 કલાકમાં ફરીયાદ વેબસાઈટ પર જાહેર કરવી. પોલીસ કાર્યવાહી પારદર્શક હોવી જોઈએ તેમ સર્વોચ્ચ અદાલતનું કહેવું છે.

8. સર્વોચ્ચ અદાલતે એક કરતાં વધારે કેસોમાં ન્યાયનો અધીકાર મુળભુત અધીકાર તરીકે ઠરાવેલ છે. સર્વોચ્ચ અદાલતે 2016માં જાહેર કરેલ ચુકાદામાં એમ ઠરાવેલ છે કે ન્યાય વીતરણ પ્રથા લોકોને પોસાઈ શકે તેવી હોવી જોઈએ. દરેકનો અનુભવ છે કે ન્યાય ઘણો મોંઘો થઈ ગયો છે.

9. સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે સરકારે કરારથી કામે રાખેલા કર્મચારીઓ પણ સરકારના કાયમી કર્મચારીઓ જેટલું જ વેતન મેળવવા હક્કદાર છે.

10. સ્ત્રીઓને ઘરેલુ હીંસાથી બચાવતા એક નોંધપાત્ર ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સ્ત્રીને હીંસા અને સતામણી કરનાર સ્ત્રીઓ પણ ઘરેલુ હીંસા બદલ જવાબદાર છે.

11. દારુ પી હાઈવે પર વાહન ચલાવતા ચાલકો પર અંકુશ મુકવા સર્વોચ્ચ અદાલતે હાઈવે પરની દારુની તમામ દુકાનો 31 માર્ચ 2017 સુધીમાં બંધ કરવા સરકારને હુકમ કર્યો છે.

12. મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે સર્વોચ્ચ અદાલતે National Enterance Eligibility Test (NEET) એક જ પ્રકારની પરીક્ષા યોજવા હુકમ કર્યો છે.

13. સર્વોચ્ચ અદાલતે દેશના તમામ સીનેમાગૃહોમાં ચીત્ર શરુ થતા પુર્વે રાષ્ટ્રગીત ફરજીયાત વગાડવા તમામ પ્રેક્ષકોએ ગાન વખતે ઉભા થઈ આદર પ્રગટ કરવા અને સીનેમા ગૃહોના દ્વાર બંધ રાખવા હુકમ કર્યો છે.

(માહીતીસ્રોત : Times of India તા. 31 ડીસેમ્બર 2016)

❑

# જંગલની જમીન આદીવાસીઓના નામે ન કરવાનું કાવતરું

**પૌલોમી મીસ્ત્રી અને હેમંતકુમાર શાહ**

ભારતની સંસદે જંગલની જે જમીન આદીવાસીઓ અને અન્ય વનવાસીઓ પરંપરાગત રીતે સદીઓથી ખેડતા હોય તેમના નામે કરવા માટે 2006માં વન્ય જમીન અધીકાર ધારો ઘડ્યો. ['વનવાસી' શબ્દ રાજ્ય સરકારે પ્રચલીત કર્યો છે. અમારી દૃષ્ટીએ 'જંગલની જમીનો ખેડનારા પછાતવર્ગો'નો તેમાં સમાવેશ થાય છે. આદીવાસીઓની ઓળખ ભુલાવી દેવાય નહીં.] આ કાયદો અનુસુચીત જનજાતીઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન્ય અધીકાર માન્યતા) ધારો તરીકે ઓળખાય છે. ભારત સરકારે તેને તેના રાજપત્રમાં તા. 2-1- 2007ના રોજ પ્રસીદ્ધ કર્યો એટલે તેનો અમલ શરુ થયો. 2007માં ગુજરાત સરકારે આ અંગે કોઈ જ કાર્યવાહી કરી નહોતી. પછી 2008માં આ કાયદાના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા નીયમો બનાવવામાં આવ્યા હતા. પણ તેમ છતાં તેનો અમલ તો કર્યો જ નહોતો. જ્યારે આદીવાસીઓએ પોતાના જમીનમાલીકીના હક માટે આંદોલન કર્યું ત્યારે સાબરકાંઠામાં પોળો જંગલ વીસ્તારમાં પોલીસે ગોળીબાર કરતાં બે આદીવાસી યુવાનોએ પોતાનો જાન ગુમાવ્યો હતો. તે પછી રાજ્ય સરકાર સફાળી જાગી હતી અને કાયદાના કહેવાતા અમલની શરુઆત કરી હતી. પરંતુ કાયદાને દસ વર્ષ વીત્યાં હોવા છતાં ગુજરાત સરકાર તેના અમલમાં સાવ જ ગોકળગાયની ગતીએ કામ કરે છે અને સમગ્ર દેશમાં આ કાયદાના અમલની બાબતમાં તે નવમો ક્રમ ધરાવે છે.

ગુજરાતમાં આ કાયદાના અમલ અંગેની વાસ્તવીક પરીસ્થીતી આ મુજબ છે.

*1. ગુજરાત સરકારના આદીજાતી વીભાગની વેબસાઈટ ઉપર તા. 9-1-2016ના રોજ પ્રાપ્ત માહીતી અનુસાર જંગલની જમીનની માલીકી અંગે ગુજરાતમાં 1,82,869 વ્યક્તીગત દાવાઓ નોંધાવવામાં આવ્યા હતા. વ્યક્તીગત દાવા એટલે પારીવારીક દાવા. એટલે કે જંગલની એ જમીન એ પરીવાર દાયકાઓથી ખેડે છે. તેમાંથી માત્ર 73,921 એટલે કે 40.42 ટકા દાવાઓ જ મંજુર કરવામાં આવ્યા છે. આ આદીવાસી ખેડુતોને 1,07,078 એકર જમીનના અધીકારપત્રો આપવામાં આવ્યા છે. બીજી તરફ, 7,224 સામુહીક દાવાઓ નોંધાવવામાં આવ્યા હતા અને તેમાંથી 4,597 એટલે કે 63.64 ટકા દાવાઓ મંજુર કરવામાં આવ્યાં છે. સામુહીક દાવાઓ સામે 11,97,702 એકર જમીનના દાવા મંજુર કરાયા છે અને જમીનની માલીકી સોંપવામાં આવી છે. સામુહીક દાવાઓ સમગ્ર ગામ વતી ગ્રામ પંચાયત નોંધાવે છે. આ દાવાઓ મંજુર કરવાની બાબતમાં ગુજરાત સરકારની ગતી ખુબ જ ધીમી છે તેની સાબીતી આ હકીકતોમાંથી મળે છે.*

*ભારત સરકારના આદીવાસી મંત્રાલયની વેબસાઈટ પર તા. 11-1-2016ના રોજ પ્રાપ્ત માહીતી અનુસાર વ્યક્તીગત દાવાઓના કીસ્સામાં આદીવાસીઓને જમીન ફાળવવાની બાબતમાં ગુજરાત રાજ્ય અન્ય સાત રાજ્યો કરતાં પાછળ છે. તેમાં આંધ્રપ્રદેશ, ઝારખંડ, કેરળ, ઓડીશા, રાજસ્થાન, તેલંગણા અને ત્રીપુરાનો સમાવેશ થાય છે. કેરળ 68.07 ટકા વ્યક્તીગત દાવાની મંજુરી સાથે સૌ પ્રથમ છે. સામુહીક દાવાઓ હેઠળ જમીન ફાળવવાની બાબતમાં પણ ગુજરાત રાજ્ય ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ કરતાં પાછળ છે. વાસ્તવમાં, તમામ દાવાઓનો નીકાલ બે વર્ષના ગાળામાં થઈ જવો જોઈતો હતો પણ છ વર્ષ થવા છતાં તેનો સંતોષકારક અમલ થયો નથી. કાયદાની કલમ-3 અન્વયે આદીવાસી કે અન્ય વનવાસી પરીવારોને અને સમુદાયોને જમીનની માલીકીના હકો આપવામાં આવ્યા છે અને તેનો જ આ રીતે ગુજરાત સરકાર દ્વારા ઈનકાર કરવામાં આવી રહ્યો છે.*

*2. ગ્રામ સભાને આ કાયદાની કલમ-3 હેઠળ જમીનની માલીકી અંગેના દાવાઓની ખરાઈ કરવાના અને મંજુર કરવાના અધીકારો આપવામાં આવ્યા છે. ભારત સરકારે જે નીયમો આ ધારાના અમલ માટે ઘડ્યા છે તેના નીયમ-3 અન્વયે ગ્રામ પંચાયત વન અધીકાર સમીતીની રચના તેના પોતાના સભ્યોમાંથી કરે છે. વન અધીકાર સમીતીને પણ વનોની જમીનની માલીકી અંગે દાવાઓની ખરાઈ કરવાનો સંપુર્ણ અધીકાર છે. તેમને એ સંદર્ભમાં સર્વોચ્ચ સત્તા કાયદા દ્વારા આપવામાં આવી છે. આ પ્રમાણે ગ્રામ સભા અને વન અધીકાર સમીતીઓએ - બંનેએ લગભગ બધા દાવાઓ*

**ગુજરાત સરકાર જંગલની જમીન ઉદ્યોગોને વેચી દેવા માંગે છે અને માટે જ તે આદીવાસીઓને અને અન્ય વનવાસીઓને જમીનની માલીકી આપતી નથી.**

મંજુર કર્યા છે અને લોકોને તેમના દાવા મુજબની જમીનની માલીકી આપવાની ભલામણ કરી છે. તેમ છતાં પણ આદીવાસીઓ અને અન્ય વનવાસીઓને જમીનની માલીકીની સનદો ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી નથી.

3. ગુજરાતમાં 2008-10ના ગાળા દરમ્યાન ગ્રામ સભાઓએ દાવાઓ મંજુર કરેલા અને ભલામણ કરેલા. ભારત સરકારના આદીવાસી મંત્રાલયની વેબસાઈટ જણાવે છે કે જે દાવાઓ મંજુર નથી કરાયા તે દાવાઓ વીષે વીચારણા ચાલી રહી છે. જે દાવાઓ પ્રાંત કચેરી નામંજુર કરે છે તેમાં તે વીચીત્ર કારણો આપે છે અને જાતજાતના વાંધાઓ કાઢે છે અને તમામ પુરાવાઓ અપાયા હોવા છતાં દાવાઓ નામંજુર કરે છે. આમ, ઈરાદાપુર્વક ગુજરાત સરકાર આદીવાસીઓને જંગલની જમીનની માલીકી નહીં આપવાનો કારસો છેલ્લાં છ વર્ષથી રચે છે.

4. ગામની જમીન માટેના સામુહીક દાવા મંજુર એટલા માટે કરવામાં આવતા નથી કે જંગલ ખાતું જંગલની જમીન વેચવા માટેનો તેનો અધીકાર છોડવા માગતું નથી. જો સામુહીક દાવો ગામ માટે મંજુર થાય તો ગામની દાવા મુજબની જમીન ગામની માલીકીની બને છે પરંતુ સરકારના જંગલ ખાતાને જમીન ગામને નામે કરવામાં રસ હોતો નથી. ગુજરાત સરકાર જંગલની જમીન ઉદ્યોગોને વેચી દેવા માંગે છે અને માટે જ તે આદીવાસીઓને અને અન્ય વનવાસીઓને જમીનની માલીકી આપતી નથી.

5. આ કાયદા મુજબ કાયદાનો અમલ કરવા માટે વન અધીકાર સમીતી રચવામાં આવતી હોય છે. ગુજરાતમાં આવી 6141 સમીતીઓ રચવામાં આવી છે. પણ આ સમીતીના સભ્યોને કોઈ તાલીમ આપવામાં આવતી નથી. તેથી જમીન પોતાના નામે કરવા અંગેના કેટલાક દાવાઓ તો આદીવાસીઓ દ્વારા નોંધાવી પણ શકાયા નથી. વળી, આદીવાસી વીભાગ અને જંગલ ખાતા દ્વારા કાવતરાં કરીને આ સમીતીઓમાં એવા લોકોને નીમવામાં આવ્યા છે કે જેમની પાસે પોતાની જમીન છે જ નહીં, એટલે તેમને સ્વાભાવીક રીતે જ બીજા આદીવાસીઓને જંગલની જમીનની માલીકી મળે એમાં રસ ના જ હોય. આવી તમામ વન અધીકાર સમીતીઓની સમીક્ષા કરી અને જ્યાં જરુર જણાય ત્યાં તેમને બરખાસ્ત કરી વન અધીકાર સમીતીઓની પુનઃ રચના કરવી જોઈએ. જો આમ થાય તો જ, જમીનની માલીકી અંગેના દાવાઓની પતાવટ ઝડપથી થાય.

6. ગ્રામ પંચાયતની દરેક ગ્રામ સભા જમીનની માલીકી અંગેના દાવાઓને મંજુર કરે; પછી તે આદીજાતી વીભાગની પેટા વીભાગીય કચેરીને મોકલવાના હોય છે. પણ એ કચેરી પછી એ દાવા નામંજુર કરે તો પણ તે તેની જાણ ગ્રામસભાને કે ગ્રામ પંચાયતને ઘણી વાર કરતી જ નથી. પેટા વીભાગીય કચેરી માત્ર તલાટીને દાવા નામંજુર થયાની જાણ કરે છે અને પછી તલાટી એની માહીતી ગ્રામ પંચાયતને કે ગ્રામસભાને કે દાવેદાર આદીવાસી પરીવારને આપતા જ નથી. તેને પરીણામે આદીવાસીઓને કે અન્ય વનવાસીઓને જમીનની માલીકી સોંપવાની સમગ્ર કાર્યવાહી ખોરંભે પડી જાય છે. ખરેખર તો આદીવાસી પરીવારને તેનો દાવો મંજુર થયો છે કે નહીં તેની જાણ કરવી જ જોઈએ. આદીવાસી પરીવાર તેથી નામંજુરી સામે અપીલ પણ કરી શકતો નથી અને સમગ્ર બાબત વીલંબમાં પડે છે. આ આદીવાસી વીભાગનું કાવતરું નથી તો બીજું શું છે ?

7. જે આદીવાસીઓના દાવા નામંજુર કરવામાં આવે છે તે આદીવાસીઓ જમીનનો કબજો ધરાવતા હોવા છતાં પણ વન વીભાગના અધીકારીઓ ઈરાદાપુર્વક તેઓ જમીનનો કબજો ધરાવતા નથી એવું પ્રમાણપત્ર આપી દે છે તે તેનું કારણ છે. ખરેખર તો વન અધીકાર સમીતી સ્થળ પર જ ચકાસણી કરી અહેવાલ આપે તો આદીવાસી પરીવારને જમીનની સનદ મળવી જોઈએ.

8. આ કાયદા હેઠળ માત્ર આદીવાસીઓને જ જંગલની જમીનની માલીકી મળે છે એવું નથી પણ અન્ય ખેડુતોને પણ જમીનની માલીકી મળે છે. કાયદા અન્વયે બક્ષીપંચના પરીવારોએ પણ દાવા નોંધાવ્યા છે અને તેમણે ખેડાણ અંગેના પુરાવા પણ આપ્યા છે, છતાં આદીજાતી વીભાગ તે પુરાવાને માન્ય ગણતો નથી અને ભારે મુસીબતો ઉભી કરે છે.

9. અનેક કીસ્સામાં વ્યક્તીગત દાવા અરજી કરાયેલી હોવા છતાં અનેક નામો એક જ પત્રમાં લખીને હક્કપત્ર આપવામાં આવે છે અને એ રીતે ગુંચવાડો જાણી જોઈને ઉભો કરવામાં

*આવે છે. જો વ્યક્તીગત રીતે દાવા અરજી કરવામાં આવી હોય તો વ્યક્તીગત હકપત્રક મળવું જ જોઈએ.*

*10. અનેક કીસ્સામાં દાવેદાર આદીવાસી ખેડુતોનો જમીન પર કબજો હોવા છતાં જંગલ ખાતાનો અભીપ્રાય જ માન્ય રાખીને આદીવાસીઓનો હાલ કબજો જમીન પર નથી તેવું જણાવી દઈને માલીકીના દાવા નામંજુર કરવામાં આવ્યા છે. આ સમસ્યાનો ઉકેલ ઝડપથી આવવો જોઈએ. વન અધીકાર સમીતી દાવેદાર આદીવાસીની દાવાવાળી જમીનની સ્થળ પર ચકાસણી કરે અને દાવા મંજુર કરીને જમીનની સનદ આપે એ જરુરી છે.*

*11. જ્યારે જમીનની માલીકીનો દાવો નામંજુર કરવામાં આવે છે ત્યારે દરેક દાવેદાર ખેડુતને એક જ પ્રકારની નોટીસ આપવામાં આવે છે. આથી દાવેદારને તેના દાવામાં કયો પુરાવો ખુટે છે તેની ખબર જ પડતી નથી. વન અધીકાર અધીનીયમ-2006ની જોગવાઈ અનુસાર ઘડાયેલા નીયમ-13 મુજબ જરુરી 20માંથી કોઈપણ બે પુરાવા દાવા સાથે હોવા જોઈએ. એ બે પુરાવા આપવામાં આવ્યા હોવા છતાં રાજ્ય સરકારના આદીવાસી વીભાગના અધીકારીઓ દ્વારા જાતજાતના વાંધા કાઢવામાં આવે છે અને આદીવાસીઓને તેમના અધીકારથી વંચીત રાખવાનું કાવતરું કરવામાં આવે છે.*

*12. આદીવાસીઓને અને અન્ય વનવાસીઓને જંગલની જે જમીન તેઓ પરંપરાગત રીતે ખેડતા હોય તે જમીનની માલીકી આપવા માટે આ કાયદો 2006માં ઘડાયો. તેઓ જમીનનો કબજો ધરાવે છે અને તેના પર ખેતી કરે જ છે. રાજ્ય સરકાર તેમને હવે જમીન પર ખેતી કરવાનો અધીકાર આપે છે અને તે માટે અધીકાર પત્ર આપે છે પણ હકીકતમાં તે જમીનની માલીકીનો દસ્તાવેજ હોતો જ નથી. આવો પત્ર દાવેદારને સંકલીત આદીજાતી વીસ્તાર પેટા યોજનાની પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા આપવામાં આવે છે. તેમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું હોય છે કે જંગલની જમીન પર ખેતી કરવાનો દાવેદારને અધીકાર આપવામાં આવે છે. જે અધીકારપત્ર આપવામાં આવે છે તેમાં જીલ્લા વન અધીકાર સમીતીના સભ્ય તરીકે નાયબ વન સંરક્ષકની સહીઓ હોય છે. આવો પત્ર જંગલની જમીનની માલીકી પુરવાર કરતો જ નથી. ક્યાંક તો આવા અધીકાર પત્ર ઉપર જીલ્લા આરોગ્ય અધીકારીની સહી કરવામાં આવી હોય છે, કે જેને જંગલની જમીન કે તેની માલીકીની બાબત સાથે કશી લેવાદેવા છે જ નહીં !!*

---

***એ**ક જાહેર સભામાં એમ કહ્યું હતું કે તેમની સરકારે આદીવાસીઓને લાખો એકર જમીન આપી છે. પણ વાસ્તવીકતા કંઈક જુદી જ છે. એટલે વાતોનાં વડાં કરવાને બદલે રાજ્ય સરકારે ખરેખર નક્કર કામગીરી કરવી જોઈએ.*

---

જંગલની જમીનની માલીકીનો જે પત્ર આદીવાસીઓને આપવામાં આવે છે તે કલેક્ટરની સહીથી આપવામાં આવે છે. તેમાં દાવેદારે કેટલીક કબુલાત પણ કરવાની હોય છે. આ ઉપરાંત, જે આદીવાસીઓને ખરેખર જમીનનાં માલીક અપાય છે તેમને ખેડુતપોથી પણ અપાય છે કે જે સામાન્ય રીતે તમામ જમીન માલીક ખેડુતો પાસે હોય છે, અને તે જમીન મહેસુલ અધીનીયમ - 1879માં જે સુધારો ગુજરાતની વીધાનસભા દ્વારા 1995માં કરવામાં આવ્યો છે તે મુજબ કાયદાકીય રીતે અધીકૃત દસ્તાવેજ ગણાય છે. ગુજરાત સરકાર દ્વારા અધીકારપત્રો જ આજ સુધી આદીવાસીઓને આપવામાં આવ્યા છે અને જંગલની જમીનનાં માલીક બનાવવામાં આવ્યા જ નથી. બહુ જ નગણ્ય કીસ્સામાં જમીનની માલીકીના આ પ્રકારના દસ્તાવેજો આદીવાસીઓને અપાયા છે. કહેવાતા અધીકારપત્રો આપીને આદીવાસીઓ અને વનવાસીઓ સાથે છેતરપીંડી કરવામાં આવે છે અને તેમની આંખમાં ધુળ નાખવાનું આ એક મોટું કાવતરું છે. આ રીતે જોતાં 2006ના કાયદાનો અમલ ગુજરાત સરકારે ભાગ્યે જ કર્યો છે એમ કહી શકાય.

ઉપરોક્ત વીગતોને આધારે એમ કહી શકાય તેમ છે કે 2006ના વન જમીન અધીકાર ધારાના અમલની બાબતમાં ગુજરાત સરકાર ઝાઝો રસ ધરાવતી જ નથી. સ્પષ્ટ છે કે ગુજરાત સરકાર વન્ય જમીન આદીવાસીઓને આપવા માટેના સંસદના કાયદાનું પાલન ના કરવા માટે જ જાણે કે વર્તી રહી છે. વડાપ્રધાને આદીવાસી વીસ્તાર લીમખેડા ખાતે તા. 19-9-2016ના રોજ એક જાહેર સભામાં એમ કહ્યું હતું કે તેમની સરકારે આદીવાસીઓને લાખો એકર જમીન આપી છે. પણ વાસ્તવીકતા કંઈક જુદી જ છે. એટલે વાતોનાં વડાં કરવાને બદલે રાજ્ય સરકારે ખરેખર નક્કર કામગીરી કરવી જોઈએ.

❑

# વતન ઉર્ફે તમાચાથી ચા-પાણી સુધીની 47 વર્ષની સફર

**સાહીલ પરમાર**

આમ તો અનુસુચીત જાતીના લોકો માટે કોઈ વતન જ નથી. ડૉ. આંબેડકરે જે અર્થમાં કહેલું : We have no motherland. અમારે કોઈ માતૃભુમી નથી. અમે વતનમાં રહેવા છતાં વતનવીહોણા, વતન વીનાના લોકો છીએ. એટલી જુદાઈની ભાવના આ આખા દેશમાં અમારા પ્રત્યે પ્રવર્તે છે. મને એમાં તથ્ય પણ લાગેલું. એનાં કારણ વસ્તુગત પરીસ્થીતીમાં જ હયાત હતાં.

બહુ દુરના ભુતકાળની એક ઘટના યાદ આવે છે. 1967-68ની સાલ. સમજણા થયા પછી પહેલી વાર ગામમાં જવાનું થયેલું. આજથી 47-48 વર્ષ પહેલાંની વાત. ગામ જઈને સીધો જ લાઈબ્રેરીમાં ગયો હતો. નાનપણથી જ વાચનનો એટલો શોખ. 'બાલસંદેશ' વાંચતો હતો અને એક છોકરાએ પુછ્યું 'કુણ છ ?' મેં જવાબ આપ્યો. એણે પુછ્યું : 'ચ્યાંથી આયો છ ?' મેં કહ્યું : 'અમદાવાદથી.' એણે પુછ્યું : 'કોના ત્યાં ?' મેં કહ્યું : 'ધનાભાના ત્યાં'... શું નામ એમનું ?' 'ધના કાળા'. પુછપરછ પરથી એને જ્ઞાતીનો ખ્યાલ આવતાં 'સાલા ઢે...' કહીને એણે એક તમાચો મારીને બહાર કાઢી મુક્યો. હું શાંતીથી બહાર નીકળી ગયો, પણ સમસમી ગયો. એ એક તમાચો મને અડધી જીંદગી સુધી ચચરતો રહ્યો છે.

મેં એ વખતે જ કૈંક બનવાનો મક્કમ નીર્ધાર કરેલો ને મારી લાગણીશીલતાએ મને દલીત કવી અને લેખક બનાવ્યો. મારી બે ફોઈઓ-જશી અને શીવીનાં લગ્ન હતાં એટલે બે-ત્રણ દીવસ રોકાવાનું થયેલું ને મને આભડછેટનો પરીચય થયો હતો. દુકાનેથી વસ્તુ લેતાં પૈસા નીચે મુકવા પડે અને દુકાનદાર ગ્લાસમાં આંગળી બોળી છાંટ નાંખીને લે એ વરવું દૃશ્ય પણ મને ગામમાં પહેલી વાર જોવા મળેલું. મારો તો જન્મ, ઉછેર, ભણતર બધું અમદાવાદમાં. શહેરમાં વસવાટની બાબતમાં ભેદભાવ નજરે પડેલો, પણ છાંટ નાખવાની અને અડવાથી અભડાઈ જવાની આ તીકડમબાજી તો મને પહેલી વાર જેને વતન કહેવાય એ ગામમાં જ જોવા મળેલી. ને હું એક ડંખ લઈને સીપોર ગામમાંથી (તાલુકો વડનગર, જી. મહેસાણા) અમદાવાદ પાછો આવ્યો હતો. કોઈ પુછે : વતન ? તો અમદાવાદ કહી દેતો. ત્રણે દીકરીઓને પણ એમ જ શીખવાડેલું. છેક 2000ની સાલ સુધી મારી આવી વર્તણુક રહી. વતન પ્રત્યે લાગણી કે ઉમળકો મારામાં જરાય નહીં. કોઈનાં લગ્ન હોય કે કોઈ ગુજરી જાય ત્યારે જવાનું બને તો માંડ એકાદ રાતવાસો કરીને ભાગી છુટવાનું અમદાવાદ. જો કે ગામ એ વખતે ભર્યુંભાદર્યું હતું. વસતીથી ભરેલું હતું. તળાવની પાળેથી દુરની અરવલ્લીની ટેકરીઓ જોવી ગમતી, ગામના વડલેથી દુર ધુંધળો ઈડરીયો ગઢ જોવો ગમતો. બસ આ જ મનભાવન સંભારણા હતાં વતનનાં. આ છે ભુતકાળનું, જાણે કેમેરા પર દુરબીન ગોઠવીને, લોન્ગ શોટમાં લીધેલું દૃશ્ય.

1981માં ગુજરાતના બીહામણા સ્વરુપે મને વધારે અશ્રદ્ધાવાન બનાવ્યો. બીહામણા હુલ્લડોથી ઉકળીને મેં જેની આગળ હું ધ્યાન કરતો હતો એ શંકરની મુર્તીને તોડી નાખેલી, 'ના જોઈએ એ લોકોનો કોઈ ભગવાન, દેવ કે દેવી' એવો પ્રબળ ભાવ મનનો કબજો લઈ બેઠેલો. આગળ જતાં હું પ્રમાણભુત, નક્કર નાસ્તીક બન્યો. પછી પેરેનોઈડ સ્કીઝોફ્રેનીયા થયા પછી મારું જુનું કન્ડીશનીંગ બહાર આવતાં મેં એને સમજવાનો પ્રયાસ કર્યો. દરમીયાન જ્યાં ગુજરાતી, હીન્દી, ઉર્દુ અને સીંધી એમ ચાર માધ્યમો ચાલતાં હતાં એવી એક સંસ્થામાં મને મીની ભારતની ઝાંખી મળી. સાંપ્રદાયીકતાનાં બળબળતા રણ વચ્ચે પણ નાનાં ઝરણાંઓ જેવી સાંપ્રદાયીક સૌહાર્દની ઘણી ઘટનાઓ જોવા મળી. મેં ડાયનેમીક્સ ઓફ રીલીજીયનને આ બધા બખેડાઓમાંથી પણ પ્રગટતા માનવ્યના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કર્યો અને ધર્મ વીશેની, પરમ તત્ત્વ વીશેની એક વીભાવના મારા મનમાં બંધાવાની શરુ થઈ. મને મારો નહીં લાગતાં આ દેશને મેં મારો માનીને જીવવાની શરુઆત 2000ની સાલથી કરી. એનાં કારણો પણ વસ્તુગત પરીસ્થીતીમાં હતાં જેની વાત અલાયદા લેખમાં જ કરી શકાય. હાલ તો હું ગામમાં જઈ આવીને આ લખી રહ્યો છું ત્યારે એક અત્યંત નજીકથી લેવાયેલો ક્લોઝ શોટ રજુ કરું છું :

ગામના વણકર વીકાસ મંડળના સોવેનીયર માટે ગામ વીષે લેખ લખવાનું સુચન મણીકાકાએ કર્યું એ પછી હું ગામની મુલાકાતે ગયો. અમદાવાદના જીલ્લા પ્રાથમીક શીક્ષણાધીકારી મહેશભાઈ મહેતા સીપોરના. એમણે મને પ્રદ્યુમ્નભાઈ પુરાણી, રામભાઈ માધવદાસ પટેલ અને જીતુભાઈ સુખડીયાના સંપર્કો આપ્યા હતા. રાત્રે સાડા આઠે સુખડીયા કુટુંબની મીઠાઈની દુકાન આગળ જઈને જીતુભાઈ વીષે પુછ્યું. તો તેઓ અમદાવાદ ગયા હતા. એટલે સીધો વાલાભાના ઘરે ગયો. સીપોરમાં અમારું ઘર હતું પણ પડી

ગયું છે. ઉભું કરી શકાય તેમ નથી. એટલે મારા બાપાના કાકા વાલાભાના ઘરે રોકાયો. સવારે એમના ત્યાં જ જમ્યો. એમનો દીકરો એટલે કે મારા કાકા ભોગીલાલ જ ઘણી બધી માહીતીનો સ્રોત નીકળ્યા. મેં પ્રશ્નો પુછતાં એમણે મને ડેમોગ્રાફીક ડીટેઈલ્સ (વસતીવીષયક માહીતી), હાઉસ હોલ્ડ એટલે કે ઉંબરા સ્વરુપે આપવાની શરુ કરી. ગામમાં ઉંબરા અંગેની વીગત આવી છે :

1. બ્રાહ્મણ (મેવાડા) 150 જેમાંથી 50 બહાર. એટલે કે સ્થળાંતર કરીને બીજે વસવા જનારા. બ્રાહ્મણ (ઔદીચ્ય) : 20 જેમાંથી 10 બહાર.
2. વાણીયા : 80 જેમાંથી 78 બહાર.
3. રાજપુત : 150 જેમાંથી 70 બહાર.
4. પટેલ : 700 જેમાંથી 450 બહાર.
5. ઠાકોર : 800 ઉંબરા; સ્થળાંતર કરનાર બહુ ઓછા.
6. સોની : 5.
7. સુથાર : 25 -જેમાંથી 22 બહાર.
8. પંચાલ : 12 જેમાંથી 7 બહાર.
9. કુંભાર : 30 (મુસ્લીમ કુટુંબો)
10. હીંદુ લવાર : ભટકતી જાતી, 4.
11. દેવીપુજક : 25.
12. મોદી : 20 જેમાંથી 15 બહાર.
13. ઓડ : 1.
14. રબારી : 25 જેમાંથી 10 બહાર.
15. પ્રજાપતી : 1.
16. મોચી : 1.
17. રાવળ : 20 જેમાંથી 10 બહાર.
18. કાંગસીયા : 4.
19. દરજી : 10.
20. વાળંદ : 15.
21. વણકર : 160 જેમાંથી 150 બહાર.
22. રોહીત : 70 જેમાંથી 8 બહાર.
23. વાલ્મીકી : શરુઆતમાં 3 કુટુંબ હતા જેમાંથી આજે 25 કુટુંબ થયાં છે. (સ્થળાંતર : શુન્ય).
24. સેનમા : 10.
25. તુરી : 10 બંનેમાં સ્થળાંતરનું પ્રમાણ ઘણું ઓછું.

કુટુંબોદીઠ સ્થીતી જોઈ. ગામની વસતી હાલ 7280 છે. ચૌધરી અને આદીવાસી સીવાય લગભગ બધી કોમો ગામમાં છે. સુલેહશાંતીથી રહે છે. અંદાજે 300-350ની વસતી મુસ્લીમ કુંભારોની છે, પણ ક્યારેય હુલ્લડ થયાં નથી. 2002ના ગુજરાતવ્યાપી ઉન્માદમાં પણ નહીં.

ગામનાં જુદી જુદી જ્ઞાતીઓ અને પેટાજ્ઞાતીઓનાં કુટુંબો અંગેની ઉપરોક્ત સ્થીતી ગામમાંથી નગરો અને શહેરોમાં મોટા પ્રમાણમાં થયેલા સ્થળાંતરનો નીર્દેશ કરે છે.

*ગામમાં અંબર ચરખા જેવો કે અગરબત્તી વણવા જેવો કોઈ ગૃહઉદ્યોગ નથી. તો પછી બીજા ઉદ્યોગોની તો વાત જ ક્યાંથી થાય ?*

નોકરી, ધંધા, વેપાર-વણજ અને ઉદ્યોગ માટે - વધારે સારા, બહેતર રોજગાર માટે એ થયેલું છે. સૌથી વધુ સ્થળાંતર વાણીયા, સુથાર, મોદી અને વણકરોમાં થયેલું છે, જે અનુક્રમે 97.50 ટકા, 88 ટકા, 75 ટકા અને 93.75 ટકા જેટલું છે એટલે કે સ્થળાંતરની સૌથી ઉંચી ટકાવારી વણીક (97.50 ટકા) અને વણકર (93.75 ટકા)માં છે. રોહીતોમાં આ ટકાવારી 12.90 ગામમાં જ રહેનારાઓના જીવનધોરણ અને માનસીકતામાં નોંધપાત્ર સુધારો થયો નથી. જ્યારે સ્થળાંતરીતો ગામમાં રહેતા હતા તેનાં કરતાં બહેતર જીવન ધોરણ સાથે, વધુ ખુલ્લા મન અને મગજ સાથે, આધુનીક વીચારો સાથે નગરો, શહેરોમાં રહે છે. હાલ વાસ બીસ્માર છે. બેહાલ, જર્જરીત છે. ઘેર ઘેર કાટ ખાઈ ગયેલાં તાળાં લટકે છે. ફરી ફરીને જોતાં જ મને એક અંગ્રેજ કવીની ‘ડેઝર્ટેડ વીલેજ’ (વેરાન ગામડું) કવીતા યાદ આવી ગઈ. હવે જોઈએ ગામમાં લેન્ડ હોલ્ડીંગ (જમીન ધારણ)ની સ્થીતી :

1. બ્રાહ્મણ : લગભગ બધા કુટુંબો પાસે જમીન છે. જેનું પ્રમાણ 5થી 10 એકર લગીનું છે.
2. પટેલ : લગભગ બધા કુટુંબો પાસે જમીન છે. જેનું પ્રમાણ 10થી 25 એકર લગીનું છે.
3. રાજપુત : લગભગ બધા કુટુંબો પાસે જમીન છે. પ્રમાણ : 5થી 15 એકર.
4. ઠાકોર : લગભગ 50 ટકા કુટુંબો પાસે જમીન છે. પ્રમાણ 5થી 10 એકર.
5. વણકર : ત્રણ કુટુંબો પાસે ત્રણ ત્રણ એકર જમીન છે.
6. રોહીત : 3 કુટુંબો પાસે 3 એકર.

નોંધપાત્ર છે કે ગામની 97 ટકા જમીન ઉક્ત ચાર અને નગણ્ય જમીન બે જ્ઞાતીના કબજામાં છે. જ્યારે બાકીની જાતીઓ પાસે સમ ખાવા પુરતી પણ જમીન નથી. સંસાધનો અને ભૌતીક સંપત્તીની બાબતમાં આખા દેશમાં પરીસ્થીતી આનાથી ઝાઝી જુદી નથી જ, જે નીચી ગણાતી જાતીઓ (શુદ્રો-બક્ષીપંચ અને અતીશુદ્રો-દલીતો-એસ.સી.)ની ગુલામીનું મુખ્ય કારણ છે. ગામમાં અંબર ચરખા જેવો કે અગરબત્તી વણવા જેવો કોઈ ગૃહઉદ્યોગ નથી. તો પછી બીજા ઉદ્યોગોની તો વાત જ ક્યાંથી થાય ?

ગામની ખેતી આકાશી ખેતી છે, ચોમાસા પર આધારીત. પીયતની કોઈ વ્યવસ્થા નથી. માંડ 30 ટકા ખેતી શીયાળામાં

અને 30 ટકા ખેતી ઉનાળામાં પણ થાય છે. ધરોઈનું પાણી અને બોરવેલના પાણી મળતાં પીયત જમીન વધી છે. બાકીની કોમો ખેતમજુરી કે કડીયાકામ, માટીકામ, ઈંટકામ કરે છે. ગ્રામ મજુર કમીશનરે ઈશ્યુ કરેલા ખેતમજુરની ઓળખ માટેનાં ઓળખ કાર્ડ ઘણા પાસે આજેય છે. મનરેગા યોજના ગામમાં ચાલતી જ નથી. ઠાકોર, વાઘરી, વણકર, રોહીત, વાલ્મીકી, તમામ ઈતર કોમ ખેતમજુર છે. મુસ્લીમ કુંભારો ઈંટકામ-માટીકામ કરે છે, ઓડ કુટુંબ પણ માટીકામ કરે છે. કાંગસીયા ફરી ફરીને કાંસકા, સોય વેચે છે. આસપાસના પંથકમાં ગામના કુંભારવાડામાં તૈયાર થતી સીપોરની ગોળીઓ (મોટું માટલું) બહુ વખણાતી. અમદાવાદમાં રહેનારા ગામના લોકો અને આસપાસના ગામોના લોકો આ ગોળીઓ અમદાવાદ પણ લઈ જતાં. ફ્રીજ ન હતાં ત્યારે આ ગોળીઓ ઠંડા, મીઠા પાણીની આખા કુટુંબની જરુરીયાત પુરી કરતી હતી.

ગામની પંચાયત કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર પ્રહલાદભાઈ પટેલની મદદથી આ માહીતી મળી : ગામની ખેતીલાયક જમીન 4233 એકર છે. ગામ 23.85 ઉત્તર અક્ષાંશ અને 72.67 પુર્વ રેખાંશ પર આવેલું છે. વડનગરથી 8 કી.મી. દુર છે. ગામની જમીન ગોરાડુ, રેતાળ અને કાળી છે. પહેલાં 243.24 ગુંઠા જમીન પીયત હેઠળ હતી. હવે ધરોઈ બંધનું પાણી અને બોરવેલના પાણી મળતાં વધુ જમીન પીયત હેઠળ આવી છે. ગામના ગૌચર પર માણસોએ દબાણ કરી હડપ કર્યું અને ત્રણ પરાં વસ્યાં. તેથી બાકીની 1100 એકર વેસ્ટ લેન્ડ એટલે કે પડતર જમીન જ ગૌચર તરીકે પ્રાણીઓને ચરવાની રહી છે.

ગામમાં 90 જેટલી દુકાનો છે, જેમાં મોટા ભાગની કરીયાણાની છે. પાન, બીડી, તમાકુ, ફાસ્ટ ફુડ - જંક ફુડના પાઉચના ગલ્લા છે. મીઠાઈની બે મોટી દુકાનો છે. સાત સલુન છે, જેમાં વાણીયાથી માંડી વાલ્મીકી લાઈનમાં નંબર પ્રમાણે જ વાળ-દાઢી કપાવી-કરાવી શકે છે.

ગામમાં દુધ સાગર ડેરી છે, જેમાં રોજ સવારે 20 કેન અને સાંજે 20 કેન દુધ ભરાય છે. 2 સહકારી મંડળીઓ, જેમાં એક ખાનગી અને એક સરકારી છે. આ મંડળીઓ સસ્તા અનાજની દુકાનનો વહીવટ પણ કરે છે.

1 પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર અને 1 પેટા આરોગ્ય કેન્દ્ર છે. 1 પશુ દવાખાનું છે. 3 ડૉક્ટરોના 3 ખાનગી દવાખાના (ક્લીનીક) છે. 2 મેડીકલ સ્ટોર છે. 2 બેંક છે, જેમાં એક ડીસ્ટ્રીક્ટ બેંક અને એક દેના બેંક છે. જેમાં એટલું કામ રહે છે કે બેન્કના કર્મચારીઓ કામકાજના સમય દરમીયાન જરાય નવરા પડી શકતા નથી. દેના બેંકમાં કામકાજ વધારે રહે છે. બેંકો એ.ટી.એમ. સુવીધા પણ આપે છે.

ગામમાં એક પે સેન્ટર શાળા છે જેના હેઠળ આસપાસના ગામોની 12 શાળાઓના પગાર થાય છે. બે પ્રાથમીક શાળાઓ - એક પ્રાથમીક શાળા નંબર 1 અને બીજી પ્રાથમીક શાળા નંબર 2 છે.

ગામનાં ચાર પરાં છે : 1. ગોલ્વન્ટ, 2. બોરી, બીજું નામ ભવાનપુરા, 3. બ્રહ્માણીનગર, 4. રામગઢ દરેક પરામાં એક પ્રાથમીક શાળા એટલે કે બીજી ચાર પ્રાથમીક શાળાઓ છે. 350 વીદ્યાર્થી ગામની પ્રાથમીક શાળાઓમાં અને 200 વીદ્યાર્થી પરાંની પ્રાથમીક શાળાઓમાં છે.

ધોરણ 5થી 12ની એક માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળા છે, જેમાં દર વર્ષે 980 વીદ્યાર્થી અભ્યાસ કરે છે. મીઠાઈની દુકાનવાળા સુખડીયા પરીવારે આપેલ એક સોવેનીયર 'ઉત્થાન'માં જણાવ્યા પ્રમાણે આ શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વીદ્યાલય 1956માં શરુ થયેલી, જેનો 2006માં સુવર્ણ જયંતી સમારોહ પણ ઉજવાઈ ગયો. શાળામાં એલ.સી.ડી., ડી.વી.ડી., ફેક્ષ અને ડી.ટી.એચ. અને ક્લોઝ સર્કીટ ક્લાસરુમ કેમેરાની સુવીધા છે. શાળાને પોતાના ફંડમાંથી 4 કોમ્પ્યુટર આપવા બદલ સાંસદ મહેશ કનોડીયાનો પણ આભાર માનવામાં આવ્યો છે. ખોડાભાઈ ભગાભાઈ સોલંકી અને ખેંગારભાઈ મોતીભાઈ પરમારે આપેલા દાનની નોંધ પણ ફોટો સાથે શાળાના આ સોવેનીયરમાં લેવામાં આવી છે. ત્રણ લાખનું દાન કરનાર મનસુખલાલ છ. દેસાઈ હીંદુ આરોગ્ય ભવન ટ્રસ્ટ, મુંબઈની પણ નોંધ લેવાયેલ છે.

ગામમાં 13 આંગણવાડીઓ અને બે બાલમંદીર છે. જેમાં 558 બાળકો ભણે છે. ગામમાં એક ટેલીફોન એક્સચેન્જ છે. આખા જીલ્લાનો પહેલો ટેલીફોન સીપોરમાં 1955-56માં લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ છનાભાઈ અંબાલાલ પટેલના ઘરે આવ્યો હતો, એવી વીગત પ્રદ્યુમ્નભાઈ પુરાણીએ આપી. ગામમાં 1 પોસ્ટ ઓફીસ છે, 1 લાયબ્રેરી છે. વધુમાં, પ્રદ્યુમ્નભાઈએ એ પણ માહીતી આપી કે ગામે ફાળો કરીને મુળચંદ શંભુભાઈ પટેલને 1964-65માં અમેરીકા મોકલતાં તેઓ ગામના પ્રથમ વીદેશ પ્રવાસી બન્યા હતા.

મારા જેવા વારે વારે ચા પીવા ટેવાયેલાને તકલીફ પડે એવી બાબત એ છે કે આખા ગામમાં એક પણ હોટલ નથી. ન્યુસન્સ ન થાય એટલા માટે શરુઆતથી જ ગામમાં સ્વૈચ્છીક રીતે કોઈ હોટલ શરુ કરતું નથી.

ગામમાં બે સખી મંડળો છે. એક બકુલાબેન સોની ચલાવે છે, બીજું મધુબેન ચૌહાણ ચલાવે છે. બંનેના થઈને 60 સભ્યો છે. પાપડ, મરચું, મસાલાનો ગૃહઉદ્યોગ ચલાવી કીફાયતી દરે લોકોને વેચે છે.

ગામમાં એક ટાવર છે, જે 1960માં બારોટ કાલીદાસ જેઠાલાલે બનાવડાવ્યો હતો. ટાવરની બાજુમાં 55 વીઘા જેટલી વીશાલ જમીનમાં ચારે કોર ફેલાયેલું મોટું, જેને સરોવર જ કહી શકાય એટલું મોટું જાળેશ્વર તળાવ છે. પાળેશ્વર મહાદેવ છે.

[આગામી અંકે સમાપ્ત]

❑

# પુ. રુપારેલકાકાને શ્રદ્ધાંજલી

*'અન્યનું કલ્યાણ કરનારની ક્યારેય દુર્ગતી થતી નથી' - (ગીતાજી)*



સંસ્કારસંપન્ન પરીવારમાં તા. 14-7-1929નાં રોજ જન્મ લઈ મહુવાનગર, સમાજ અને રાષ્ટ્રના અનેક સેવાકીય કાર્યો સંપન્ન કરી; તા. 27-12-2016ના રોજ 88 વર્ષ જેટલી સુદીર્ઘ, સ્વસ્થ જીવનયાત્રા પુરી કરનાર પંચભુત તત્ત્વોના દેહધારી આત્મા રણછોડભાઈ કે. રુપારેલ પરમતત્ત્વનાં તેજપુંજમાં વીલીન થયા.

પ્રાથમીક અને શાળાકીય શીક્ષણ માતૃભુમીની માટીમાં આળોટીને મેળવ્યાં બાદ ઉચ્ચતર શીક્ષણ મેળવવા માટે રાષ્ટ્રકલ્યાણમાં ઉપકારક થાય તેવું શીક્ષણ આપતી અને ગાંધી વીચારધારા પર આધારીત વ્યક્તીઘડતરની સંસ્થા 'કાશી વીદ્યાપીઠ, બનારસ'માં શીક્ષીત અને દીક્ષીત થયાં. અહીંથી જ જનસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવાનાં પાઠ શીખ્યા. નાનપણથી જ કર્તવ્યપરાયણતા, પરીશ્રમ, સ્વાવલંબીપણું, સાહસ અને સત્યનીષ્ઠા જેવા સદ્‌ગુણોના તેઓ માલીક હતાં.

સમાજ જીવનને સમર્પીત સમાજવાદી વીચારધારાનાં પુરસ્કર્તા સૌજન્યમુર્તી જશુભાઈ મહેતાના કાર્યોથી પ્રભાવીત થઈ સમાજસેવાનો માર્ગ સ્વીકાર્યો જેનાથી તેમના પરીપક્વ વ્યક્તીત્વનો નીખાર થયો.

સદ્‌ગત રુપારેલકાકા તેમની જીવનયાત્રા દરમીયાન અનેક કાર્યશીલ અને સન્નીષ્ઠ વ્યક્તીઓના સંપર્કમાં રહ્યાં, પરીણામે તેમનું જીવન વીધવીધ રંગો અને ગુણોથી નવા નવા આકારો અને આયામો ધારણ કરી વીકસીત થતું રહ્યું.

આઝાદી મળ્યા બાદ જુનાગઢ, માણાવદર અને માંગરોળના સત્તાધારીઓ પાકીસ્તાન સાથે જોડાવા પ્રયત્નશીલ હતા. તેમને આમ કરતા રોકવા જરુરી હતા. પરીણામે તેમનો સશસ્ત્ર સામનો કરવા રાષ્ટ્ર પ્રેમી યુવાનોએ 'આરઝી હકુમત'ની સ્થાપના કરી. લડતની તૈયારી રુપે મહુવામાં લશ્કરી તાલીમ કેમ્પનું આયોજન થતાં રુપારેલકાકા અને ભુપતભાઈ સંઘવીએ કેમ્પના વ્યવસ્થાપકની જવાબદારી ગંભીરતાપુર્વક સંભાળી. સહીયારા પ્રયાસોથી 9 નવેમ્બર, 1947ના દીવસે 'આરઝી હકુમત'નો વીજયધ્વજ જુનાગઢના ગઢકાંગરે લહેરાયો તેમાં જશુભાઈ, રુપારેલકાકા, ભુપતભાઈ સંઘવી સહીત મહુવાનાં નવલોહીયા યુવાનોનું બૃહદ્ યોગદાન હતું.

રાજ્યસભાના ભુતપુર્વ સાંસદ અને મહુવાના અગ્રણી નેતા ઈબ્રાહીમભાઈ કલાણીયાની રાહબરી નીચે મહુવા નગરપાલીકામાં વીવીધ પદો પર રહી 1957-59 દરમ્યાન મહુવા નગરપાલીકા પ્રમુખપદને શોભાવ્યું. 1955માં દીવ સત્યાગ્રહમાં મહુવાના યુવા કાર્યકરો સાથે જોડાયા. તેમના પર લાઠીઓ વીંઝાણી, ધરપકડો થઈ, પણ છેવટે દીવને મુક્ત કરવાના કાર્યમાં દૃઢનીશ્ચયી સૈનીક સાબીત થયા. 1980 પછી રચનાત્મક પ્રવૃત્તીઓ અને ગ્રામ નીર્માણક્ષેત્રે સક્રીય બન્યા. મહુવા ખાદીગ્રામોદ્યોગના મંત્રી તરીકે ગ્રામોદ્યોગ પ્રવૃત્તીઓને નવી દીશા આપી. **મહુવા ગ્રામ નીર્માણ સમાજ** દ્વારા થતાં ગ્રામવીકાસના કાર્યોને પીડીલાઈટ કંપનીના ચેરમેન બળવંતભાઈ પારેખ અને તેમના સુપુત્ર મધુકરભાઈની હુંફ મળી. તેમાં પણ રુપારેલકાકાએ પ્રમુખ ભુમીકા નીભાવી.

શ્રી મહુવા કેળવણી સહાયક સમાજ - મહુવામાં મંત્રી તરીકે તેમનું યથેષ્ટ યોગદાન રહ્યું. જશુભાઈ, બી. કે. પારેખ અને અગ્રણી મહાનુભાવોના સહયોગથી 'શ્રી મહુવા એજ્યુકેશન ટ્રસ્ટ'ની સ્થાપના થઈ, તેમાં તેમણે મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી સ્વીકારી. સાયન્સ, આર્ટ્સ, કોમર્સ, બી.બી.એ., બી.સી.એ., આદી કોલેજોનું નમુનેદાર સંચાલન કર્યું. મહુવા ગ્રામ નીર્માણ સમાજનો સેવાકીય વ્યાપ વધારવામાં સન્નીષ્ઠ પ્રયાસો કર્યા જેમાં તેમને ઈસ્માઈલભાઈ કલાણીયા, હસુભાઈ મહેતા અને જયંતભાઈ ગાંધીનો પુરો

*1955માં દીવ સત્યાગ્રહમાં મહુવાના યુવા કાર્યકરો સાથે જોડાયા. તેમના પર લાઠીઓ વીંઝાણી, ધરપકડો થઈ, પણ છેવટે દીવને મુક્ત કરવાના કાર્યમાં દૃઢનીશ્ચયી સૈનીક સાબીત થયા.*

## સ્મરણાંજલી

અભીજાત વ્યક્તીત્વનાં સ્વામી હતા તમે !
વંચીત, શોષીત રંકના હામી હતા તમે !
સાદગી, સેવા, સકર્મકતાની સાથે સૌમ્યતા;
સૌજન્ય સભર ઉંચાઈમાં નામી હતા તમે !

*

રણ મહીં ઉગેલ લીલીછંમ વેલ હોય !
શીત જળની ચોતરફ ધસમસતી રેલમછેલ હોય !
હોય જ્યાં માનવતા, ઋજુતા ને પારદર્શકતા;
ત્યાં હાજરાહુજુર રણછોડભાઈ રુપારેલ હોય !

[રણછોડભાઈ કીકાભાઈ રુપારેલે તા. 27-12-2016ના રોજ ચીરવીદાય લીધી... અલવીદા રુપારેલભાઈ !]

**– કરસનદાસ લુહાર**

❑

સહયોગ પ્રાપ્ત થયો. મહુવાની અનેક સંસ્થાઓમાં રુપારેલકાકાની સેવા-સુગંધ પ્રસરી છે. મહુવા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ, મહુવા નાગરીક બેંકના પ્રમુખ, 1962-64માં ખરીદવેચાણ સંઘના મંત્રી, જશવંત મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટનાં પ્રમુખ, ત્રીવેણી કલ્યાણ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ, મહુવા ઈન્ડ. એસોસીએશનનાં પ્રમુખ, મહુવા ગૌરક્ષક સભાના ટ્રસ્ટી તરીકેની તેમની ગણમાન્ય સેવાઓ અવીસ્મરણીય રહેશે.

રુપારેલકાકા જીવનપથનાં સાચા કર્મયોગી હતા. તેમનો જીવનપથ આજીવન પરીશ્રમ - પુરુષાર્થથી ભરપુર અને સમાજ માટે પ્રગતી - વીકાસ માટેનો પ્રેરક પથ રહ્યો છે. સત્યપરાયણતા, સંસ્કાર, સેવા, સાદગી, સરળતા જેવા તેમના આદર્શો અને ગુણો આપણા સૌ માટે અનુકરણીય પ્રેરણાસ્રોત છે. તેમના જીવનમાં ચીંતન-મનનની પ્રક્રીયા સહજ રીતે ગતીમાન રહી છે અને તેમનામાં બહુર્મુખી - અંતર્મુખી પ્રતીભાના દર્શન થતાં રહ્યાં છે. આ સઘળી બાબતો ચીરસ્મૃતીરુપે માર્ગદર્શક બની રહેશે.

રુપારેલકાકાની દીવ્યચેતનાને શતશત પ્રણામ !

**– ઈસ્માઈલભાઈ આઈ. કલાણીયા**

મેને. ટ્રસ્ટી, ગ્રામ નીર્માણ સમાજ-મહુવા

❑

# ઉત્તર ગુજરાતનું ગૌરવ

26મી જાન્યુઆરી, 2001ના રોજ આવેલા ભુકંપે ભયંકર તારાજી વેરી. અનેક મૃત્યુ થયા, લોકો ઘરવીહોણા થયા. કુડા જામપર (તા. રાપર, જી. કચ્છ)ની પ્રાથમીક શાળામાં કેટલાક વીદ્યાર્થીઓ મૃત્યુ પામ્યાં. એક વીદ્યાર્થી બચી ગયો. મોતનું તાંડવ એણે નજરે નીહાળ્યું. અસરગ્રસ્તો માટે જે સેવાકીય પ્રવૃત્તીઓ ચાલતી હતી તેની એના પર સારી અસર પડી. આ વીદ્યાર્થીનું નામ હરચંદભાઈ શં. ચૌહાણ.

હરચંદભાઈએ વીચાર્યું કે મારું બચી જવું તેનું ખાસ વજુદ હોવું જોઈએ; સેવાભાવના વીકસતી ગઈ. નુતન ભારતી વીદ્યાલય (મડાણા-ગઢ, જી. બનાસકાંઠા)માં એનએસએસની પ્રવૃત્તીમાં સક્રીય થઈ ગયા. પછી ઉચ્ચ શીક્ષણ માટે 2013માં પાલનપુરની જી. ડી. મોદી આર્ટ્સ કોલેજમાં ઉચ્ચ શીક્ષણ મેળવ્યું. એનએસએસની પ્રવૃત્તીમાં દલવાડા, માલોસણા, વાસણા વગેરે સ્થળે કેમ્પ કર્યા. 1200થી વધારે પુસ્તકોનું વાચન કર્યું. ક્યારેય ફીલ્મ જોવી નહીં એવો નીર્ણય કર્યો. કોલેજ કેમ્પસની પ્રવૃત્તીઓ ઉપરાંત હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુની. આયોજીત યુથ ફેસ્ટીવલમાં ભાગ લીધો. જુદી જુદી સ્પર્ધાઓ - શ્રેષ્ઠ વીદ્યાર્થી, શ્રેષ્ઠ વક્તા, શ્રેષ્ઠ સ્વયંસેવક, શ્રેષ્ઠ લીડર તરીકે ઝળકી ઉઠ્યા ! શ્રેષ્ઠ સ્વયંસેવક માટે જરુરીસાહીત્ય નહોતું, ઝેરોક્ષવાળાની રકમ ઉધાર રાખી; અંતે તા. 22-8-2016ના રોજ શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકે કુલપતીના હસ્તે સન્માન પ્રાપ્ત કર્યું... આત્મવીશ્વાસ જબરદસ્ત ! તા. 19-11-2016ના રોજ હરચંદભાઈને દીલ્હી ખાતે રાષ્ટ્રપતીના વરદ્ હસ્તે 'શ્રેષ્ઠ સ્વયંસેવક'નો ઈન્દીરા ગાંધી એવોર્ડ 2015-16 માટે અર્પણ કરવામાં આવ્યો; તે માટે રુ. 50,000નો રોકડ પુરસ્કાર મળ્યો. હરચંદભાઈ શંકરભાઈ ચૌહાણ [ગામ - ઢીમા, તા. વાવ, જી. બનાસકાંઠા મો. 9879962133]ને ખુબ ખુબ ધન્યવાદ... એમના પીતા અભણ છે, ખેતી-પશુપાલનથી કુટુંબનું ગુજરાન ચલાવે છે.

**– જગદીશ એમ. દેસાઈ**

[મુ. બાઈવાડા, તા. ડીસા (મો) 98790 66621]

❑

# નવું વાચન : મોદી-મેજીક-મસાલા




નરેન્દ્ર મોદી જ્યારથી રાજકીય ક્ષેત્રે પક્ષમાંના હરીફોની બાદબાકી કરતાં કરતાં ઝળક્યાં છે અને છવાઈ ગયા છે ત્યારથી દેશની વીચારવંત પ્રજા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. કેટલાંકને તેઓ જે કંઈ કરે તે સારું જ લાગે છે. તો બીજા કેટલાકને તેઓ જે કંઈ કરે તે ખોટું, ખરાબ, અધુરું લાગે છે. તટસ્થ મુલ્યાંકનને ભાગ્યે જ અવકાશ રહે તેવી બે છાવણીમાં દેશ વહેંચાઈ ગયો છે તેવું કહીએ તો અતીશયોક્તી નહીં ગણાય.

આવા સમયમાં મોદી વીશે સંખ્યાબંધ મુલ્યાંકનો પુસ્તકરુપે પણ પ્રગટવા લાગ્યાં. પત્રકાર રાજદીપ સરદેસાઈ, જે આમ તો હવે ટી.વી.ના ક્ષેત્રે છે, તેમણે પોતાનું પહેલું અને એકમાત્ર પુસ્તક નરેન્દ્ર મોદી વીશે લખ્યું છે. આપણા વરીષ્ઠ રાજકીય સમીક્ષક નગીનદાસ સંઘવીએ પણ નરેન્દ્ર મોદી વીશે અંગ્રેજીમાં પુસ્તક લખ્યું છે. મારી પાસે અત્યારે જાણીતા પત્રકાર હરીશ ખરેનું મોદી વીશેનું પુસ્તક છે; જે મોદી કેવી રીતે જીત્યા તેની છણાવટ કરે છે.

હરીશ ખરે ત્રણેક દાયકાથી વ્યાવસાયીક પત્રકાર છે. તદ્‌ઉપરાંત તેમનો અભ્યાસ રાજ્યશાસ્ત્રનો રહ્યો છે. તે વીષયમાં તેઓ વીદેશી વીશ્વવીદ્યાલયની ડૉક્ટરેટ ધરાવે છે. મહત્ત્વના અંગ્રેજી દૈનીકો, વીદેશી દૈનીકો અને અંગ્રેજી સામયીકોમાં તેઓ લખતા રહ્યા છે. તેઓ વડાપ્રધાન મનમોહનસીંઘના લગભગ અઢી વર્ષ મીડીયા સલાહકાર રહી ચુક્યા છે.

પત્રકાર - લેખકે પુસ્તકની શરુઆતમાં જ સ્પષ્ટતા કરી છે કે આ તેમની અંગત સમજણરુપે લખાયેલું છે. જાહેર રીતે જે જાણકારીઓ પ્રાપ્ત થઈ છે તેના આધારે જ લખાયું છે. એમાં કોઈ અંદરની રહસ્યમય વાતો કે બ્રેકીંગ ન્યુઝ નથી. તેમાં રાજ્યશાસ્ત્ર છે, ક્યાંક ઈતીહાસ છે. ક્યાંક જુની ઢબે થતું પત્રકારી વીશ્લેષણ છે. આપણે ભારતીયો સફળતાને પુજનારા છીએ. ખરેખર તો વ્યક્તીની સફળતાને ઈતીહાસના સંદર્ભમાં અને સંજોગોના પરીપ્રેક્ષ્યમાં મુલવવી જોઈએ. લેખકનો દાવો આ દીશાના પ્રયાસનો જરુર છે.

તેમણે પ્રશ્ન પુછ્યો છે કે લોકશાહીમાં ચુંટણી અનીવાર્ય છે. પરંતુ આપણે મત શા માટે આપીએ છીએ. તેમણે પ્રજાની મુળભુત અપેક્ષાઓ વ્યક્ત કરતાં એવું કહેવાનું યોગ્ય ગણ્યું છે કે પ્રજા જોરુ, જમીન અને ઝમીર માટે મત આપે છે. એટલે કે સ્ત્રીની સલામતી, મીલકતની સલામતી અને પોતે જે માનતા હોય તે વ્યક્ત કરવાની આઝાદી જળવાય તે ઉદ્દેશથી પ્રજા મતદાન કરતી હોય છે. તેમણે અત્યાર સુધીની સંસદીય ચુંટણીઓનો અને તેના મુદ્દાઓનો રસપ્રદ ઈતીહાસ આલેખ્યો છે. ગોપાલકૃષ્ણ ગાંધીએ લખેલા લેખનો સંદર્ભ આપતાં તેમણે હીન્દના લોકો, હીન્દનું રાજકારણ અને હીન્દની સરકાર એ ત્રણ બાબતને આપણી રાજમુદ્રાના ત્રણ સીંહો સાથે સરખાવી છે જે ત્રણેય એક દીશામાં નથી જોતા પરંતુ અલગ અલગ દીશાઓમાં જુએ છે !

વર્ષ 2014 આવતાં આવતાં દેશના રાજકીય મંચ પર ત્રણ ચહેરા જોવા મળ્યા : રાહુલ ગાંધી, નરેન્દ્ર મોદી અને અરવીંદ કેજરીવાલ. આ ત્રણેયની લાક્ષણીકતાઓ અને તેમના અર્થઘટનનો લેખકે અછડતો પ્રયાસ કર્યો છે. પુસ્તકની સૌથી વધુ જગ્યા કદાચ લેખકની ચુંટણી-ડાયરી રોકે છે. જે દી. 26-3-2014થી દી. 17-5-2014 સુધીની છે. આગળ કહ્યું તેમ વીવીધ પત્રકારો, અખબારો, રાજકીય નીરીક્ષકો શું કહેતા હતા તેની વાતો તેમાંથી સાંપડે છે. ગુજરાતમાં તેઓ કેટલાક અધીકારીઓ, કેટલાક ઉદ્યોગપતીઓ અને પ્રો. ઘનશ્યામ શાહ, ડૉ. જે. એસ. બંદુકવાલા, પ્રો. ગણેશદેવી તેમજ મધુસુદન મીસ્ત્રી અને નરેન્દ્ર રાવત જેવા કોંગ્રેસના નેતાઓને મળ્યા છે, અને સ્થીતીનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો છે. તા. 16મી મે 2014 એટલે કે ચુંટણીઓની મતગણતરીનો દીવસ. તેમાં આ પત્રકારે સ્પષ્ટ લખ્યું છે કે તેમને બે મીશ્ર લાગણીઓ થાય છે : એક તરફ એવું લાગે છે કે પ્રજાએ અતી સ્પષ્ટ ચુકાદો આપ્યો છે, તો બીજી તરફ થાય છે કે આ મોદી શું કરશે ? કારણ કે તેમના લોકશાહી વીષયક વલણો શંકાસ્પદ છે. તેમને એવું પણ લાગ્યું છે કે દેશને આ પસંદગી બદલ પસ્તાવાનો વારો આવશે. પરંતુ તે માટે તેણે પાંચ વર્ષ રાહ જોવી રહી.

આપણે જાણીએ છીએ કે ભાજપના વરીષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ ચુંટણી પરીણામો સંદર્ભે મોદીની જીતને મહત્ત્વ આપવાને બદલે તેને કોંગ્રેસની હાર ગણાવી હતી. આ લેખકે પણ કોંગ્રેસના ધબડકા વીશે ઘણું વીગતે લખ્યું છે.

નેતાગીરીનો અભાવ, વ્યુહરચનાનો અભાવ અને રાહુલ ગાંધીની સતત અવઢવ ઘણે અંશે જવાબદાર રહ્યાં. પછી મહત્ત્વનું પ્રકરણ છે જે પુસ્તકનું શીર્ષક પણ છે કે 'મોદી કેવી રીતે સફળ રહ્યા ?' લેખકનું કહેવું છે કે 28 ફેબ્રુઆરી 2002ના દીવસે સાબરમતી એક્સપ્રેસનો એસ-6 ડબ્બો બળ્યો તે દીવસે જ નમોને પોતાની ધ્રુવીકરણ કરી શકવાની શક્તીઓનો અહેસાસ થયો અને દેશના વડાપ્રધાન બનવાની ઈચ્છાએ આકાર ધારણ કર્યો. ધીક્કારના રાજકારણ થકી તેઓ 2014ના વીજય સુધી પહોંચી ગયા.

લેખકે મોદીના વીજય-પ્રવાસના પાંચ માઈલસ્ટોન ગણાવ્યાં છે : 1. ગુજરાત એક રાજકીય ઉદ્રેકની પ્રયોગશાળા, 2. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પોતાની તરફેણમાં બરાબર ઉપયોગ, 3. કોર્પોરેટ ઈન્ડીયાનો બરાબર ઉપયોગ, 4. કોમી ધ્રુવીકરણના રાજકારણ તરીકે ઉત્તર પ્રદેશનો યુદ્ધભુમી તરીકે ઉપયોગ અને 5. સમુહ માધ્યમોનો સંચાર ભાગીદારીમાં ઉપયોગ.

મારા મતે આ પુસ્તકનું સૌથી સુંદર પાસું નવ પાનાંનું એક નાનકડું પ્રકરણ છે. જેમાં લેખકે નવહીન્દુવાદ, નવઉદારવાદ, નવભક્તીવાદ, નવભૌતીકવાદ જેવી વીવીધ બાબતોએ મોદીના આગમન અને આરોહણને કેવી તૈયાર ભુમી પુરી પાડી તેની વીલક્ષણતાઓની વાત કરી છે. (મારે એના અનુવાદનો પ્રયાસ કરવો છે.)

મોદીને સમજવાના પ્રયાસમાં આ પુસ્તક પણ ઉપયોગી નીવડે તેવું છે. તો સાથોસાથ ભારતના રાજકારણ અને પત્રકારણ અને પ્રજામાનસ વગેરે વીશેની આપણી સમજણને પણ વીસ્તારે છે. પુસ્તકમાં અશોક વાજપેયીની હીન્દી કવીતાનો ઉચીત સંદર્ભ અપાયો છે જે ટાંક્યા વીના આ સમીક્ષા અધુરી ગણાય :

**સભી કહતે હૈં કી વહ આ રહા હૈ**
**ઉદ્ધારક, મસીહા, હાથ મેં જાદુકી અદૃશ્ય છડી લીયે હુએ**
**ઈસ બાર રથ પર નહીં, અશ્વારુઢ ભી નહીં**
**લોગોં કે કંધોં પર ચઢ કર વહ આ રહા હૈ :**
**યહ કહના મુશ્કેલ હૈ કી વહ ખુદ આ રહા હૈ**
**યા કી લોગ ઉસે લા રહે હૈ !**
**સભી કહેતે, હૈં કી વહ આ રહા હૈ !**

---

**How Modi Won It (Notes from the 2014 Election) (લે. હરીશ ખરે, કીમત રૂ. 599, પાનાં 242, પ્રકાશક : Hachette India પ્ર.આ. 2014)**

**– ડંકેશ ઓઝા**

❑

# માધુકરી

## 'કેશલેસ ઈકોનોમી' : એક મૃગજળ

**પી. ચીદમ્બરમ્**

વાતચીતમાં રોજેરોજ એક નવો શબ્દ કે નવું માર્મીક વચન રજુ કરાય છે. 8 નવેમ્બર, 2016ને દીવસે એ શબ્દ હતો નોટબંધી. નોટબંધીરુપી યોદ્ધો કાળું નાણું, ભ્રષ્ટાચાર અને બનાવટી નોટોરુપી રાક્ષસોનો વધ કરશે એમ આપણને કહેવામાં આવ્યું.

સાત આઠવાડીયા પછી પણ કાળાનાણાંરુપી રાક્ષસ પાંગરી રહ્યો છે. કરચોરોને નોટબંધીથી કોઈ ફરક પડ્યો લાગતો નથી. હવે એ લોકો કાળું નાણું નવી નોટોમાં વધારી રહ્યા છે ! જુની નોટોના બદલામાં એમણે નવી મેળવી લીધી છે. આવકવેરા ખાતાના કહેવા મુજબ, નોટબંધી થઈ ત્યારથી એણે રૂ. 500 કરોડની રોકડ રકમ પકડી પાડી છે, જેમાંના રૂ. 92 કરોડ, નવી રૂ. 2000ની નોટોના સ્વરુપમાં હતા.

ભ્રષ્ટાચારરુપી બીજો રાક્ષસ, જે હજી જીવતો છે, નોટબંધી એનો છેદ કરી શકી નથી. કંડલા પોર્ટ ટ્રસ્ટના અધીકારીઓ, મીલીટરી એન્જીનીયરીંગ સર્વીસના એન્જીનીયરો, રીઝર્વ બેંક, બેંકો તથા ટપાલ ખાતાનાં અધીકારીઓ અને બીજા અનેક લોકો રૂ. 2000ની નવી નોટો લાંચમાં લેતા 'રંગે હાથ' પકડાયાં છે.

ત્રીજો રાક્ષસ છે નકલી નોટો. થોડાક મહીના રાહ જુઓ, ને એ સાબીત થઈ જશે કે છાપકામની ટેક્નોલોજી માટે ઠગ અને રીઝર્વ બેંક, બંને સરખા છે. નકલ કરનારા બહુ જલદી એ ટેક્નોલોજી મેળવી લેશે. અને રીઝર્વ બેંકથી એક ડગલું આગળ રહેશે.

નોટબંધીની ગુંચના ઉકેલ બાબતે સરકારમાં ગભરાટ ફેલાયો. એની પહેલી નીશાની એ હતી કે, સરકાર અને રીઝર્વ બેંક વચનભંગ કરવા લાગ્યા, અને વારેવારે નીયમો બદલતા રહ્યા. (આશરે 62 વખત !) બદલવાની નોટોની રકમ પહેલા વધારી, પછી ઘટાડી. અને 24 નવેમ્બરે એ સંપુર્ણપણે બંધ કરી. નીશાન માટે આંગળી પર શાહીનો

ઉપયોગ થયો, પછી માંડી વાળ્યું. દર અઠવાડીયે રૂ. 24,000ના ઉપાડની મર્યાદા કાગળ પર જ રહી, કેમકે મોટા ભાગના લોકોને નજીવી રકમ જ મળી.

જુની નોટો મર્યાદીત સ્થળોએ વાપરવાની છુટ એકાએક 15 ડીસેમ્બરે અટકાવાઈ. સૌથી વધુ ગભરાટ ત્યારે ફેલાયો જ્યારે રીઝર્વ બેંકે આદેશ કર્યો કે 19 ડીસેમ્બરથી 30 ડીસેમ્બર દરમ્યાન જુની નોટો ફક્ત એક જ વાર બેંકમાં જમા કરી શકાશે, અને તે પણ રૂ. 5000 સુધીની મર્યાદામાં જ. નાણામંત્રીએ એ વખતે લુલી સ્પષ્ટતાઓ કરી, અને રીઝર્વ બેંકે શરમજનક રીતે આદેશ પાછો ખેંચવો પડ્યો.

વડાપ્રધાનને પછી જલ્દી સમજાવા લાગ્યું કે એમની સાથે છેતરપીંડી થઈ છે. પોતાનું 'ગાણું' બદલવા સીવાય એમને બીજો છુટકો નહોતો. ઉકેલરુપે એમને 'કેશલેસ ઈકોનોમી'નો વીચાર જડ્યો. 8 નવેમ્બરના એમના ભાષણમાં 'કેશલેસ' શબ્દ એક વાર પણ વપરાયો નહોતો. કાળા નાણાં વીશે (18 વખત) અને નકલી નોટો વીશે (5 વખત) જ તેમાં વાત થઈ. 27 નવેમ્બર સુધીમાં વડાપ્રધાને 'ગીઅર' બદલ્યાં, અને એ દીવસના બે ભાષણોમાં એમણે 'કેશલેસ' શબ્દ 24 વખત વાપર્યો, જ્યારે 'કાળું નાણું' શબ્દ ફક્ત 9 વખત જ !

'કેશલેસ' અર્થતંત્ર એ કોઈ નીર્દોષ કે બીનહાનીકારક મુકામ નથી. જે ગરીબ છે, અને જે ડીજીટલ દુનીયા સુધી પહોંચી શક્યા નથી, અથવા તો એનો બહુ જ થોડો ઉપયોગ કરી શકે છે, એ વર્ગ સાથેના તાદાત્મ્યના અભાવનો સામનો કરવાનો આશય એમાં છે.

દુનીયાના કોઈ પણ દેશનું અર્થતંત્ર સંપુર્ણ 'કેશલેસ' નથી, સૌથી વધુ વીકસીત દેશોમાં પણ નહીં. જર્મની, ઓસ્ટ્રેલીયા કે ફ્રાંસમાં રોકડ વ્યવહાર અનુક્રમે 80 ટકા, 65 ટકા અને 55 ટકા છે. ડેબીટ અને ક્રેડીટ કાર્ડના વપરાશ અનુક્રમે 14 ટકા, 30 ટકા અને 31 ટકા જ છે. અમેરીકા, કેનેડા વગેરે દેશોનું પણ એવું જ.

2005ની સાલથી અત્યાર સુધીમાં ડોલર અને યુરોના ચલણના પરીભ્રમણમાં બેવડો વધારો થયો છે. અમેરીકા અને યુરોપ રોકડ ઓછી નહીં, વધારે વાપરે છે !

દુનીયાભરમાં એક જરુરી અને ઈચ્છનીય કાયદો એ છે કે, લોકોના હાથમાં નાણાં હોવા જોઈએ, જેથી એ રોજેરોજનો વહેવાર સરળતાથી કરી શકે. મોટી રકમના વહેવારો, જેવાં કે જમીનના સોદા, ઉંચી કીમતના ઝવેરાત, મોટા કરારોની ચુકવણી, દેવાની ચુકવણી, અમુક કરની ચુકવણી, વગેરે વસ્તુનો વહેવાર ચેકથી, અથવા બીજા કોઈ ડીજીટલ સ્વરુપે જ કરવાનો કાયદો સરકાર કાયદેસર રીતે બનાવી શકે છે.

બીજી બાજુ, ભારપુર્વક એવો આગ્રહ રાખવો કે એક ખેડુત એના મજુરોને ડીજીટલ-ચુકવણી જ કરે, કે એક ગૃહીણીએ કાર્ડ વાપરીને જ શાકભાજી ખરીદવા, એ બીજા પર પરાણે લાદવાની વાત થઈ, જેને કારણે ચુકવનાર અને લેનાર, બંને પર જુલ્મભર્યું દબાણ થાય છે. યાદ રાખજો, ડીજીટલ ચુકવણીનું ભાડું થાય છે, જે ગ્રાહકે ભોગવવાનું રહેશે. મોટી કીમતના વહેવારો અંગેના વાજબી કાયદા સાથે આપણને ચુકવણીની રીત પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જ જોઈએ. એ આપણો હક છે, અને એ હકમાં હસ્તક્ષેપ કરવાની કોઈપણ સરકારને પરવાનગી ન હોવી જોઈએ.

ડીજીટલ દુનીયામાં પ્રવેશને આધારે ગ્રાહકને આપણે ત્રણ વીભાગોમાં વહેંચીએ : ખરેખર વપરાશ કરનારા, ઓછો વપરાશ કરનારા, જરાપણ વપરાશ નહીં કરનારા. અત્યાર સુધીમાં 71 કરોડ ડેબીટ કાર્ડ બન્યા છે. ઑગસ્ટ 2016માં આ બધા કાર્ડનો ઉપયોગ એટીએમમાંથી રૂ. 2,19,657 કરોડ ઉપાડવા માટે થયેલો. પણ ચુકવણા માટે એનો ઉપયોગ ફક્ત રૂ. 18,370 કરોડનો જ થયેલો. દરેકના હાથમાં કાર્ડ કે સ્માર્ટફોન મુકવો, દરેકને ડીજીટલ દુનીયા સુધી પહોંચાડવા અને દરેકને ડીજીટલ પદ્ધતી અપનાવવાનું કહેવા માટે જરુર છે સાચી હીમાયત કરવાની, શીક્ષણની અને ખાતરી કરાવવાની; નહીં કે ધાકધમકીની. અને એ પણ રોકડનો ઉપયોગ કરવાના વ્યક્તીના મુળભુત અધીકાર પર મર્યાદા મુક્યા વીના.

અન્ય પણ એક મહત્ત્વનો મુદ્દો છે એકાંતનો, પ્રાઈવસીનો. કોઈએ શું શું ખરીદ્યું કે ક્યાં ક્યાં અંગત પ્રવાસે ગયા, એ જાહેર કરવાની એને શા માટે ફરજ પડાવી જોઈએ ? મોટા કોમ્પ્યુટરમાં રખાયેલી માહીતીને આધારે સરકાર અને તેની અનેક એજન્સીઓને આપણી જીંદગીમાં દખલ કરવાનો શો હક છે ? બધા નાણાકીય વ્યવહારો માટે ડીજીટલ પદ્ધતીને અપનાવવા માટે દેશને ધક્કો મરાય તે પહેલાં આ બધા પ્રશ્નો પર ચર્ચા થવી જોઈએ એમ મને લાગે છે.

નોટો વગરનું ભારત એક ભ્રમ છે, બીજે ધ્યાન દોરતી

એ એક ભ્રામક વસ્તુ છે. એ કદાચ ઈષ્ટ પણ નથી, ઈચ્છવાજોગ ધ્યેય પણ નથી.

[પી. ચીદમ્બરમ્‌ના અંગ્રેજી લેખને આધારે : અનુવાદ : **મંજરી મેઘાણી**]

*

## શું કૉંગ્રેસ 2017માં જીતી શકશે ગુજરાત ?

**કાર્તીકેય ભટ્ટ**

'શું કૉંગ્રેસ આ વખતે ગુજરાત વીધાન સભામાં જીત મેળવી શકશે ?' આ પ્રશ્ન અમે હમણાં એક ગામડામાં ચાની કીટલી પર કર્યો ત્યારે એક વડીલે અમને સામો પ્રશ્ન કર્યો કે, 'સાહેબ, તમે ભણેલા ગણેલા અને જાણકાર માણસ છો એટલે તમને એક વાત કહું છું. મારી પાસે દસ રુપીયાની એક નોટ હતી, જરા જુની અને ફાટેલી એટલે આ સામે કરીયાણાની દુકાન છે ત્યાં કાલે મેં આ નોટ કરીયાણાવાળાને આપી. તો એણે એ નોટ પાછી આપી, ના લીધી. થોડી વાર પછી મેં એ નોટ એક બીજા ભાઈને આપી અને કરીયાણાવાળાને ત્યાં મોકલ્યો તો ત્યારે પણ આ નોટ ના લીધી, પાછી આપી. મેં ફરી એક નાના છોકરાને નોટ આપીને મોકલ્યો તો કરીયાણાવાળો હસ્યો અને મને બોલાવીને કહે કે : કાકા, તમારે વસ્તુ લેવી હોય તો હું ઉધાર આપું પણ તમે આ નોટ વારે વારે મારે ત્યાં ના મોકલો, આ નોટ નહીં ચાલે... આ કૉંગ્રેસવાળા આ વાત સમજતા નથી. જે વીસ વરસથી નથી ચાલતું એ આ વખતે પણ નહીં જ ચાલે. નવી નોટો આપવી પડશે... લોકો વોટ આપવા માંગે છે... કૉંગ્રેસને સત્તા આપવા પણ માંગે છે. પણ એમણે ચહેરા બદલવા પડશે, નીતી બદલવી પડશે. વર્ષ 2012ની ચુંટણીમાં હારી ગયેલા એના એ જ લોકો સાથે ચુંટણીમાં ઉતરશે તો આ વખતે પણ લોકો વોટ નહીં આપે.'

આમ તો ગુજરાતમાં હાલ સત્તા પક્ષ ભાજપ સામે અનેક મોરચા મંડાયેલા છે. દલીતો, પાટીદારો, ફીક્સ પગારદારો બધાએ બાંયો ચડાવી છે અને ચુંટણી માટે સદંતર વીરોધી કહી શકાય એવું વાતાવરણ છે. પણ આજની તારીખે પણ કોંગ્રેસ ક્યાંય દેખાતી નથી. કૉંગ્રેસ એક પણ મુદ્દાને બરાબર ઉઠાવી શક્તી નથી. જનાક્રોશ રેલી સવારથી સાંજ સુધી આક્રોશ ટકાવી શકી નહીં. આક્રોશને ગાંધીનગરથી ગુજરાતમાં ફેલાવી શકી નહીં. દેખીતી રીતે હાર્દીક પટેલ, અલ્પેશ પટેલ, જીગ્નેશ મેવાણી જેવા યુવા નેતાઓ ભાજપના માથાનો દુખાવો બની શકે છે પણ વીચારવાનું એ પણ છે કે આ નેતાઓ મોટા કેમ થયા ? શું આ આડકતરી કોંગ્રેસની નીષ્ફળતા નથી ? દરેક જ્ઞાતી, દરેક વર્ગ પોતાની સમસ્યા માટે પોતે લડવા લાગે ત્યારે સમજવાનું કે વીરોધ પક્ષ નીષ્ફળ ગયો છે. કૉંગ્રેસના નેતાઓ છેલ્લા વીસ વર્ષથી સત્તાથી દુર છે. આ વર્ષોમાં તેઓએ ધાર્યું હોત તો તેઓ પ્રજાની વચ્ચે રહી શક્યા હોત, રેલીઓ - સભાઓ દ્વારા પ્રજાનો સતત સંપર્ક કરી શક્યા હોત, પ્રજાની નાની નાની મુશ્કેલીઓ, માટે અવાજ ઉઠાવી શક્યા હોત, પણ ના. આ લોકો ભાવવધારાથી માંડીને નોટબંધી સુધી ક્યાંય સાતત્યપુર્ણ વીરોધ ના કરી શક્યા.

કૉંગ્રેસની એક નબળાઈ એ છે કે તેની પાસે કાર્યકર્તા નથી, અભ્યાસુ લોકો નથી અને 'મહેનત કરશે એ ફળ ભોગવશે' એવો વીશ્વાસ નથી. ભાજપ અને હાલ યુપીમાં સમાજવાદી પાર્ટીમાં ચાલતા ધમાસાણથી કૉંગ્રેસ કંઈ શીખતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલા પક્ષમાં જુના અને ના જીતી શકે એવાને ચુંટણીથી દુર કર્યા હતા. નવા ચહેરાને તક આપી હતી... 'નો રીપીટ થીયરી' યાદ કરો ... હાલ અખીલેશ પણ આ જ કરી રહ્યો છે... જુના સમાજવાદીઓ ચુંટણી જીતી શકે તેમ નથી માટે પીતાની સામે પડીને પણ અખીલેશ નવા ચહેરા લાવવા માંગે છે... ગુજરાતમાં આ કામ કૉંગ્રેસ કરી શકતે.

જરા વીચારો આજે જેઓ 25થી 30 વરસના છે તેમણે કૉંગ્રેસના શાસનને જોયું જ નથી. એમને જુના કૉંગ્રેસી નેતાઓની ઓળખાણ છે જ નહીં. તેમણે તો તેમની સમજણથી માત્ર મોદીને જ સાંભળ્યા છે અને ભાજપનું જ શાસન જોયું છે. કોંગ્રેસના કોઈ નેતા આ વરસોમાં શાળા કોલેજોના કાર્યક્રમોમાં ગયા નથી કે નથી કોઈ આંદોલનો કર્યા. ભાજપ સત્તામાં ન હતો ત્યારે પણ રામ મંદીર કે કુદરતી આફતોમાં મદદના નામે પ્રજામાં રહેતો, ભાવ વધારો થાય કે તરત વીરોધ કરતો. હવે કૉંગ્રેસે આવું ક્યારે કર્યું એ યાદ કરવું પડે એમ છે. લોકશાહીમાં વીપક્ષ જોઈએ અને મજબુત જોઈએ. ગુજરાતમાં તો હાલ સત્તા માટે નહીં તો વીરોધ માટે પણ એક બીજા પક્ષની જરુર છે જે પ્રજાની રોજીંદી મુશ્કેલીઓ દુર કરવામાં, ફરીયાદો કરવામાં મદદ કરે. આમ તો ખેડુતો, નોકરીયાતો, યુવાનો, નાના ઉદ્યોગકારો બધા જ તકલીફોમાં છે પણ રાજનીતીમાં પ્રજાને માત્ર તકલીફ હોય એ પુરતું નથી. પ્રજામાં અસંતોષ હોય એને સત્તા વીરુદ્ધ મતદાનમાં

પરીવર્તીત કરવો પડે અને કોંગ્રેસ આજે પણ આ માટે કમર કસતી નથી... પંચાયતોની ચુંટણી પછી ભાજપ પોતાના સમર્થનવાળા સરપંચોનું સંમેલન બોલાવે છે પણ કોંગ્રેસ આવું કરી શકતી નથી. કોંગ્રેસ એક ફરીયાદ કાયમ કરે છે કે ભાજપ દેખાડા કરે છે, ખોટા વખાણ કરે છે, જાહેરાતો દ્વારા પ્રજાને ભ્રમીત કરે છે... વગેરે. પણ લોકશાહીમાં આ બધું જ કોંગ્રેસ પણ કરી જ શકે ને ? પણ મુળ વાત એ છે કે ભારતીય લોકશાહીમાં લોકોની વચ્ચે જવાથી જ જીતી શકાય છે અને કોંગ્રેસના કોઈ નેતાને ઓફીસ છોડવી નથી... તો આ સ્થીતીમાં પેલા કાકા કહેતા હતા એ સાચું પડે એમ લાગે છે.

[સૌજન્ય : '**ગુજરાતમીત્ર**' : 6-1-2017]

*

## હમ હોંગે કામીયાબ

**હેમેન ભટ્ટ**

### મજુરી કરનારા સંજય અખાડે કલેક્ટર બન્યા

કોઈપણ ચીજ મેળવવા માટે ભરપુર કોશીશ કરવામાં આવે તો તમને કોઈ રોકી શકતું નથી. તેનું ઉત્તમ ઉદાહરણ છે, સંજય અખાડે. મહારાષ્ટ્રના નાસીક જીલ્લાના સંજય અખાડે ઘોર દુઃખ અને સમસ્યા વચ્ચે પણ IAS બનવામાં સફળ બન્યા છે. સંજય દ્રઢ નીશ્ચયની જીવતી જાગતી મીસાલ છે.

નાસીકના મખમલાબાદ રોડની નાનકડી શેરીમાં બનાવેલું ઘર, જ્યાં ગરીબી, દુઃખ ફેલાયેલું હતું. જ્યાં મુળભુત સુવીધાઓનો પણ અભાવ, એ ગંદકી વચ્ચે આવેલા ઘરમાં કુલીના રુપમાં જન્મેલો મેધાવી સંજય અખાડે !

માતા મહીનાના ત્રીસેય દીવસ અરધી ભુખી રહીને ફેક્ટરીમાં બીડી બનાવતી, ત્યારે એવી આશા બાંધતી કે, કમસે કમ બાળકો ચામાં ડબલ રોટી તો ખાઈ શકશે. પીતાનો કોઈ વાંક નહીં, સ્ટેશન પર કુલી તરીકે કામ કરે, અને ગુણીઓ ઉપાડી ઉપાડીને એ ભુલી જતા કે આજે બહુ મોડું થયું છે, બાળક ભુખ્યા સુઈ જશે. માતા-પીતાની આવી હાલત જોઈને સંજય બચપણથી જ મજુરી કરવા લાગ્યા.

ઘણાં વરસો સુધી સંજય હોટલોમાં ટેબલ સાફ કરવા, મેડીકલની દવાની દુકાનમાં કામ કરીને તો ક્યારેક ફેરીયારુપે અખબારો વહેંચીને, ઘરમાં મદદરુપ બનતો.

તેના પીતાએ તેને સ્કુલમાં બેસાડ્યો તો પણ એવા ઉદ્દેશથી કે તે દીવસભર મળતી મજુરીને સરખી રીતે ગણી શકે. પરંતુ સંજય તો કાંઈક ખાસ કરવા માટે જ બન્યો હતો. તે સ્કુલમાં મન લગાડીને ભણે અને બાકી બચેલા સમયમાં મજુરી કરીને પેટનું પાલન કરે. તે ખાવા- પહેરવામાં બીજા લોકોથી જરુર પાછળ, પણ સ્કુલમાં બધાથી અવ્વલ. દરેક ધોરણમાં તેનો પહેલો નંબર પાકો.

સંજય કહે છે કે, હું મરાઠી સીવાય કોઈ ભાષા જાણતો ન હતો. પણ સવારે અખબારો વહેંચ્યા પછી જે અંગ્રેજી અખબાર વધતા એ વાંચી વાંચીને મેં અંગ્રેજી સુધાર્યું.

મુસીબતો સામે ઝુઝતા સંજયને શાળામાં એક શીક્ષક પુસ્તકો લાવી આપતા અને ભણવા માટે પ્રોત્સાહીત કરતા. આથી તેણે બી.એ. પ્રથમ ક્રમ સાથે કર્યું.

આ દરમીયાન તેને કોલેજના એક મીત્રે સ્લમડોગ હીરો જમાલની વાત કરી, જે રીક્ષાચાલક હતો અને એકવાર તેને એક પોલીસમેન સાથે માથાકુટ થઈ, તે સીસ્ટમ સુધારવા માટે કદાચ IPS બનશે.

આથી, સંજયે પણ યુપીએસસી એક્ઝામ આપવા માટે મન બનાવ્યું. પણ તેનો ગોલ ઈઝી ન હતો. તેણે ઈતીહાસ વીષય સાથે 2006 અને 2007માં બે વાર પરીક્ષા આપી પરંતુ તેમાં તેને સફળતા ન મળી. દરરોજ આખો દીવસ મજુરી કર્યા બાદ જે સમય મળતો, સંજય તેનો પુરી ઈમાનદારીથી ઉપયોગ કરતો. સંજય કહે છે કે, સંઘર્ષના દીવસોમાં મેં એક મીનીટ પણ બરબાદ કરી ન હતી. હું જાણતો હતો કે, જો હું સમયની કીમત નહીં ઓળખું તો, સમય પણ મને ક્યારેય નહીં ઓળખે. સંજય કહે છે કે, શરુ શરુમાં હું ભાવનામાં ખેંચાતો હતો. હું દેખાવમાં સારો નથી, મારી પારીવારીક પૃષ્ઠભુમી પણ મજબુત ન હતી કે મને અંગ્રેજી બોલતા આવડતું હતું. આવામાં હોંશીયાર વીદ્યાર્થીનો સામનો કેવી રીતે કરીશ ? પરંતુ હું જેમ જેમ ભણતો ગયો, મારા આત્મવીશ્વાસ સામે બધી જ ખામીઓ ક્યાં ગાયબ થઈ ગઈ એની ખબર ન પડી.

આવા સમયે સંજયને માર્ગદર્શકના રુપમાં પુણેના આઈએએસ અવીનાશ ધર્માધીકારી મળ્યા, તેમણે સંજયને ખુબ પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું. સંજયની મહેનત અને અવીનાશજીનું માર્ગદર્શન રંગ લાવ્યું. સંજય 2008ની યુપીએસસી પરીક્ષામાં 263માં રેન્ક સાથે પાસ થઈને

આઈએએસ બની ગયો.

### સક્સેસ ફોર્મ્યુલા

સંજય અખાડે કહે છે કે, હાલત ગમે તેટલી ખરાબ હોય, ઘનઘોર ગરીબી હોય, આમ છતાં વીલ પાવર મજબુત રાખો, તો તમને દરેક સ્થીતીમાં વીજય જ મળશે. દુનીયાની કોઈ તાકાત તમને સફળ થવામાં રોકી નહીં શકે.

## IPS પપ્પાને પગલે IPS બનેલો ડૉ. રવીન્દ્ર પટેલ

IPS ડૉ. રવીન્દ્ર પટેલ, તેઓ IPS પપ્પાના પગલે IPS બન્યા છે. તેમના પપ્પા એટલે એક વખતે રાજકોટ રેન્જના DIG ડાહ્યાભાઈ પટેલ. રવીન્દ્ર પટેલ ખેડબ્રહ્માના વતની છે, અને મહેસાણાની ડીવાઈન સ્કુલમાં ભણ્યા. એમને SSC (CBSE)માં 83 ટકા અને ધો. 12 (સાયન્સ)માં ગુજરાત બોર્ડમાં 78 માર્ક્સ મળ્યા હતા. આ પછી તેમણે પુણેની ડૉ. ડી. વાય. પાટીલ મેડીકલ કોલેજમાંથી MBBS કર્યું. પણ MBBS કરીને તેઓએ કોઈ દીવસ ડૉક્ટરી કરી નથી. ડૉક્ટર બન્યા છતાં સીવીલ સર્વીસીઝમાં કેમ આવ્યા ? એવું પુછતાં ડૉ. રવીન્દ્ર પટેલે કહ્યું હતું કે, 'પપ્પા સાથે ઘણીવાર કલેક્ટર, પોલીસ કમીશ્નરને મળવાનું થતું આથી, તેમાંથી મને પણ પ્રોત્સાહન મળ્યું.'

MBBS થયા પછી, બહુ ઓછા ઉમેદવારો મેડીકલ સાયન્સ વીષય સાથે યુપીએસસી એક્ઝામની તૈયારી કરે છે, પણ રવીન્દ્ર પટેલે તેમના ક્ષેત્રના વીષયો જ પકડ્યા અને ત્રીજા પ્રયાસે પાસ થયા. ડૉ. રવીન્દ્ર પટેલે યુપીએસસીની પરીક્ષા ત્રણ વાર આપી. ત્રણેયવાર ઈન્ટરવ્યુ સુધી પહોંચ્યા, પહેલી બે વાર સફળ થયા, પણ ત્રીજા પ્રયાસમાં 176મા નેશનલ રેન્ક સાથે IPS બન્યા.

ડૉ. રવીન્દ્ર પટેલ કહે છે, 'પહેલીવાર ICSEનો ઈન્ટર્વ્યુ હતો, તેમાં અને મેઈન્સ બંનેમાં ઓછા માર્ક્સ હતાં. બીજીવાર મેઈન્સમાં ઓછા માર્ક્સ હતાં, ઈન્ટરવ્યુમાં સારા માર્ક્સ હતાં. આથી, મેં રાઈટીંગ પ્રેક્ટીસ વધારી, વધુ મહેનત કરી, આથી ત્રીજા પ્રયાસમાં સારા માર્ક્સ આવી ગયા.'

ડૉ. રવીન્દ્ર કહે છે, 'દરરોજ 7-8 કલાકનું પ્રોડક્ટીવ રીડીંગ, કયા સબજેક્ટ માટે કેટલા કલાક આપવા એ ટાઈમ મેનેજમેન્ટ નક્કી કરીને એ પ્રમાણે કરતો હતો. ખાસ તો હું મારી રીતે જ તૈયારી કરતો હતો. હું MBBS-ની ઈન્ટરશીપ કરતો હતો, ત્યારે સ્પીપામાં જોઈન્ટ થવા પ્રવેશ પરીક્ષા આપેલી, પણ હું તેમાં જોડાયો ન હતો. ગાંધીનગર મમતા આઈએએસ સેન્ટરમાં થોડોક સમય ગયેલો, પણ મોટાભાગની તૈયારી તો મેં મારી જાતે જ કરી હતી.'

*બહુ ઓછા ઉમેદવારો મેડીકલ સાયન્સ વીષય સાથે યુપીએસસી એક્ઝામની તૈયારી કરે છે, પણ રવીન્દ્ર પટેલે તેમના ક્ષેત્રના વીષયો જ પકડ્યા અને ત્રીજા પ્રયાસે પાસ થયા.*

તેમણે કહ્યું કે, 'યુપીએસસીમાં 95 ટકા ઉમેદવારો પહેલો પ્રેફરન્સ IAS ને જ આપે છે, પરંતુ પછી છેલ્લી ટ્રાયલમાં મેં IPSને પહેલો પ્રેફરન્સ આપ્યો હતો.'

ડૉ. રવીન્દ્ર પટેલ કહે છે, 'મેડીકલ ક્ષેત્ર છોડીને આ ક્ષેત્રમાં શું કામ આવવા માંગો છો ?' ઉપરાંત પોલીસ સર્વીસ, પોલીસ સીસ્ટમ પર ઈન્ટરવ્યુમાં સવાલો પુછેલા. ગુજરાતમાં એન્કાઉન્ટર ઈસ્યુ ચર્ચામાં છે, તેના વીશે પુછેલું, પોલીસની ઈમેજ ખરાબ છે, તેને સુધારવા શું કરી શકાય, એવું પણ પુછ્યું હતું.

### સક્સેસ ફોર્મ્યુલા

યુપીએસસીની તૈયારી કરતાં યુવાઓને તમે શું સક્સેસ ફોર્મ્યુલા આપો ?

ડૉ. રવીન્દ્ર પટેલ કહે છે કે, મટીરીયલ્સનો અભાવ નથી, ઘણું વધુ છે. શું વાંચવું અને શું ન વાંચવું, એનું માર્ગદર્શન મેળવીને તૈયારી કરવી. નીષ્ફળતા મળવાની જ, એમ માનીને ચાલો. પણ પાસ ન થાવ ત્યાં સુધી ટકી રહો.

## પટણાની યુવતી નેહા સીંહ ગુજરાતમાં કલેક્ટર

આઈએએસ નેહા સીંહ બીહાર પટણાની આ યુવતી કલેક્ટર બનીને ગુજરાત આવી છે. અત્યારે તે આણંદમાં તાલીમી આસીસ્ટન્ટ ક્લેક્ટર તરીકે ફરજ બજાવે છે.

નેહાના પીતાનું નામ દીલીપસીંહ. તેઓ સીવીલ એન્જીનીયર છે અને માતાનું નામ ગીતાસીંહ. નેહાએ પટણામાં સ્કુલનો અભ્યાસ કર્યો અને એન્જીનીયરીંગ ગોવાથી કર્યુ. તે કેમીકલ એન્જીનીયર થયા છે. આ પછી થોડા મહીના સીએસઆઈઆરમાં જોબ પણ કરી. એન્જીનીયર બન્યા એ પણ કેમીકલ એન્જીનીયર, જોબ પણ મળી ગઈ, પછીય યુપીએસસી એક્ઝામ દેવાનો વીચાર કેમ આવ્યો ? આવું પુછતાં નેહાએ કહ્યું કે, મારા નાનાજી રામનાથસીંહ સીવીલ સર્વીસમાં હતાં. તેઓ બીહારમાં ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ તરીકે નીવૃત્ત થયા છે. આથી નાનાજીને જોઈને મેં નાનપણથી જ ઉચ્ચ અધીકારી બનવાનું નક્કી કર્યુ હતું.

તમે યુપીએસસી એક્ઝામ ક્યારે આપી ? એવું પુછતા નેહા સીંહ કહે છે કે, મેં ત્રણવાર આપી 2012, 2013 અને 2014માં પહેલીવાર ઈન્ટરવ્યુ સુધી પહોંચી હતી. પરંતુ સફળ થઈ ન હતી. તેમણે કહ્યું કે, પહેલો ઈન્ટરવ્યુ સ્કેલ ઈન્ટરવ્યુ હતો. આથી, તેમાં હું સફળ ન થઈ, પરંતુ તેને કારણે હું ઘણી અપસેટ થઈ ગઈ અને ઘણા મહીના તૈયારી વીના બગાડ્યા. પરીણામે 2013માં પણ ઈન્ટરવ્યુ સુધી પહોંચી, ત્યારે ઈન્ટર્વ્યુમાં સારા માર્ક્સ હતાં. પરંતુ પુરતી તૈયારી વીના મેઈન્સમાં સારા માર્ક્સ મળ્યા ન હતાં. આથી હું ક્વોલીફાઈ ન થઈ. પરંતુ 2014 માટે મેં મન બનાવી લીધું. મનમાંથી બધી હતાશા દૂર કરી, આ વખતે તો સફળ થવું જ છે એવું નક્કી કર્યુ અને હું નેશનલ લેવલે 22મા રેન્ક સાથે પાસ થઈ ગઈ.

તમે વીષય કયો રાખ્યો હતો ? તેના જવાબમાં નેહા કહે છે કે, સોશ્યોલોજી.

કેમીકલ એન્જીનીયર અને સોશ્યોલોજી ? એવું કહેતા તેમણે કહ્યું કે, યુપીએસસીમાં કેમીકલ એન્જીનીયરીંગના સબ્જેક્ટસ હોતા નથી. વળી મને સોશ્યોલોજીમાં રસ હતો. મને થયું કે, તેમાં હું સફળ થઈ શકીશ, આથી તે વીષય રાખ્યો.

ઈન્ટરવ્યુમાં કેવા પ્રશ્નો પુછાયા ? એવું પુછતા આઈએએસ નેહા સીંહ કહે છે કે મને લગભગ દરેક પ્રકારના પ્રશ્નો પુછાયા હતા. સ્કુલમાં ઈકોનોમીક્સ હતું એટલે ઈકોનોમીક્સના પેપર કેવા કેવા હોય છે ? સ્કુલના નામનો મતલબ શું ? કેમીકલ એન્જીનીયર વીશે, ભોપાલ ગેસ... મારી હોબી ફોટોગ્રાફી બતાવી હોવાથી તેના વીશે, ડોક્યુમેન્ટરી અંગે, લીડરશીપ અંગે અને મહેન્દ્રસીંહ ધોનીની લીડરશીપ સ્ટાઈલ કઈ પ્રકારની કહેવાય તે અંગે... એવી રીતે જુદાં જુદાં પ્રકારના પ્રશ્નો પુછાયા હતાં. અમુક પ્રશ્નોના જવાબો મને આવડતા ન હતાં. આથી, મેં ના પાડી હતી કે, આ પ્રશ્નોના જવાબ આવડતા નથી.

**સક્સેસ ફોર્મ્યુલા**

યુપીએસસી એકઝામની તૈયારી કરનારા યુવાઓને સક્સેસ ફોર્મ્યુલા શું કહેશો ? એવું પુછતા આઈએએસ નેહા સીંહે કહ્યું હતું કે, પુરા ડેડીકેશન સાથે તૈયારી કરો. સાથે બીજું કાંઈ ન કરવું, એક જ લક્ષ્ય રાખવો. થોડું પણ લાઈટલી ન લો. ફોકસ માઈન્ડ અને સીંગલ માઈન્ડેડ બનો. અપસેટ થવાની જરુર નથી. મેં એ ભુલ કરી હતી. અને તેનું પરીણામ પણ ભોગવ્યું, એટલે બે-ત્રણ પ્રયાસ થયા તો નાસીપાસ ન થવું. વધુ ને વધુ અભ્યાસ કરો.

[સૌજન્ય : **'સર્વોત્તમ કારકીર્દી માર્ગદર્શન'** : નવેમ્બર-2016]

❑

# મુક્ત અને ન્યાયી ચુંટણી માટે સુધારા આવશ્યક

એમ.એન.રોય દ્વારા સ્થાપીત રેડીકલ ડેમોક્રેટીટ પક્ષના વીસર્જન પણ ઈન્ડીયન રેડીકલ હ્યુમેનીસ્ટ એસોસીએશનની રચના 1969માં કરવામાં આવી હતી. જેમાં જસ્ટીસ શ્રી વી. એમ. તારકુંડે, અધ્યક્ષ તથા ચંદ્રકાન્ત ટી. દરુ તેનાં પ્રથમ મંત્રી તરીકે નીમાયા હતાં. એસોસીએશન માનવવાદની વીચારધારા અને તત્ત્વચીંતનના વીકાસ અને પ્રચાર-પ્રસારની કામગીરી બજાવે છે. એસોસીએશન, દેશમાં લોકશાહીને સુદૃઢ કરવાનું કામ કરે છે. હાલમાં એસો.ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ગૌતમ ઠાકરની વરણી કરવામાં આવી છે.

વર્ષ 1974 અને 1978માં શ્રી જયપ્રકાશ નારાયણે ચુંટણી સુધારા અને ચુંટણી ખર્ચ સંબંધે એક સમીતીની રચના કરી હતી. તે સમયે ન્યાયમુર્તી વી. એમ. તારકુંડે, મીનુ મસાણી, પી. જી. માવલંકર, એ. જી. નુરાની, કે. ડી. દેસાઈ, ઈ.પી.ડબલ્યુ ડી કોસ્ટા, સુરેન્દ્ર મોહન વગેરે તેનાં સભાસદો તરીકે હતા.

દેશમાં ચુંટણીનાં સંચાલનની વર્તમાન પરીસ્થીતીને જોતાં અને મુક્ત તથા ન્યાયી ચુંટણી યોજાય તે સુનીશ્ચીત કરવા, અમો નીચેની સમસ્યાઓના હલ માટે અન્ય એક ચુંટણી સુધારણા સમીતીનું ગઠન કરવાનું વીચાર્યું છે. સમીતીના સભ્યો તરીકે મુંબઈ વડી અદાલતના પુર્વ ન્યાયમુર્તી જસ્ટીસ એચ. સુરેશ, એડીઆરના ડો. જગદીપ છોકર, પુર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, સુપ્રીમ કોર્ટના વરીષ્ઠ ધારાશાસ્ત્રી સંજય પારીખ, એમ. એસ. યુની.ના રાજ્યશાસ્ત્ર વીભાગના અધ્યક્ષ ડૉ. અમીત ધોળકીયા, જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. હેમંતકુમાર શાહ, જાણીતા પર્યાવરણવીદ્ મહેશ પંડ્યા, માહીતી અધીકાર પહેલના અગ્રણી પંક્તી જોગ તથા ઈવીએમ તજજ્ઞ બાલેન્દ્ર વાઘેલા જવાબદારી નીભાવશે.

ચુંટણી સુધારા સમીતીના સંભવીત કાર્યક્ષેત્ર અને ક્ષેત્રાધીકારના વ્યાપમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. 1. ભારતીય ચુંટણીઓમાં નાણાંકીય બળનો ઉપયોગ - ચુંટણી ખર્ચ ઉપરના માપદંડ, 2. સરકારી સત્તા અને અધીકારી તંત્રનો દુરુપયોગ, 3. અન્ય સ્વરુપની ભ્રષ્ટ

નીતી-રીતીઓ, 4. શું મત પત્રક તરફ પરત ફરવું એ જ ઉપાય કે ઉકેલ છે ? 5. રાજકીય પક્ષોની જવાબદેહીતા અને પારદર્શીતા, 6. મીડીયાની ભુમીકા.

ગુજરાતમાં ગત વીધાનસભા તથા મ્યુની. કોર્પો.ની ચુંટણીમાં મતદાનના દીવસે ઘણા મતદારોના નામ ખોટી રીતે રદ કરવામાં આવ્યા હતા. આની ઘનીષ્ઠ તપાસ સબ કમીટી નીમીને કરવાનો નીર્ણય થયો હતો.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે જાગ્રત નાગરીકો પોતાના સુચનો સત્વરે આપે એવી વીનંતી છે. સરનામું : 4, સન્મીત્ર સોસાયટી, જીવરાજ પાર્ક, અમદાવાદ-380 051.

**– ગૌતમ ઠાકર**

રાષ્ટ્રીય અધ્યક્ષ, ઈન્ડીયન રેડીકલ હ્યુમેનીસ્ટ એસોસીએશન (મો) 98253 82556

❑

# કહેશો નહીં, આ ઉંમરે કંઈ ન કરી શકું; કહેતા'તા વ્યાસજી (કે) મહાભારત નહીં લખું ?

**યશવન્ત મહેતા**

દેશમાં આજકાલ ચર્ચાતા અનેક મુદ્દાઓમાં એક ઉંમરનો છે. કોઈકે ચલાવ્યું કે જેમની ઉંમર 75 વર્ષ કે વીશેષ થઈ ગઈ હોય એમણે પ્રધાન-બ્રધાન રહેવું ન જોઈએ. શા માટે ? એક તર્ક એવો છે કે પાછળની પેઢીઓને તક આપવી જોઈએ. બીજો તર્ક એવો કે આ ઉંમર પછી શારીરીક - બૌદ્ધીક ક્ષમતાઓ અતી અલ્પ થઈ ગઈ હોય છે. અને આવા તર્કોને કારણે (સાથે અન્ય કારણોસર) ગુજરાતનાં અર્ધી સદી પછી થયેલાં પ્રથમ મહીલા મુખ્યમંત્રીએ રાજીનામું આપવું પડ્યું. અલબત્ત, કેન્દ્ર સરકારમાં કેબીનેટ મંત્રી એવા એક સજ્જનને કોઈએ ઈશારો સુધ્ધાં ન કર્યો કે કાર્યાલય ખાલી કરો, જવાની આતી હૈ ?

માણસ કઈ ઉંમરે ક્ષમતાઓ, જીવનનો ઉત્સાહ, મનની તીવ્રતા ગુમાવવા લાગે એનાં જમાને જમાને અલગ ધોરણ અપનાવાય છે. રાજકારણમાં તો ક્યારેક અણગમતા અથવા નુકસાનકર્તા બનવા લાગેલાઓને કાઢવા માટે અજાયબ ધોરણો અપનાવાય છે. પંડીત નહેરુ વડા પ્રધાન હતા ત્યારે એક તર્ક વહેતો કરાયેલો કે સાઠથી વીશેષ વયના મંત્રીઓએ રાજીનામાં આપી દેવાં જોઈએ. ત્યારે નહેરુ તો સીત્તેર ઉપરના હતા, પરંતુ એમને બાકાત રાખવામાં આવેલા. જે કેટલાકે ત્યારે રાજીનામાં આપેલાં એમાંથી મોરારજી દેસાઈ સીવાયનાઓને તરત પાછા સમાવવામાં આવેલા ! કહેવામાં આવ્યું કે પુરો મામલો મોરારજીભાઈને કાઢવા માટે રચાયેલો !

'મોટી' ઉંમર કઈ ? એને સમય સાથે સંબંધ કે ક્ષમતાઓ સાથે ? આ સંબંધે કેટલુંક સહચીંતન કરીએ.

એકવાર સ્વામી વીવેકાનંદ (અથવા સ્વામી રામતીર્થ અથવા કોઈ અન્ય સ્વામી : કારણ કે આવી કથાઓ સાથે સૌ મનગમતા સ્વામીને જોડી દે છે !) અમેરીકા જઈ રહ્યા હતા. એમના જમાનામાં અમેરીકા જવા માટે ઘણાખરા લોકો પુર્વ તરફનો દરીયામાર્ગ લેતા. એટલે કે બર્મા, મલાયા; સીંગાપુર, ચીન, જાપાન પછી પ્રશાંત મહાસાગર વીંધીને અમેરીકા જવાનું. પ્રવાસ આગબોટથી થતો.

સ્વામીજીએ જોયું કે રંગુનથી એક જાપાની વૃદ્ધ આગબોટ પર ચડ્યા છે. દેખીતી જ એમની ઉંમર 85-87 વર્ષ જેટલી હતી. સ્વામીજીએ એ પણ જોયું કે વડીલ દરરોજ સાંજે આગબોટના તુતક પરની ખુરશીમાં પાટી-પેન લઈને બેસે છે. સાથે નાનકડી પોથી રાખે છે. તે પોથીમાં જોઈને પાટીમાં લખે છે. ઘણા દીવસ આ ક્રમ જોવા મળ્યો, એટલે સ્વામીજીને કુતુહલ થયું. વડીલ દરરોજ આ શી મહેનત કરે છે ?

એક દહાડો કુતુહલ પ્રગટ થઈ જ ગયું. વૃદ્ધજન સમક્ષ જઈને સ્વામીજીએ પ્રણામ કર્યા અને પુછ્યું, 'વડીલ, એક સવાલનો જવાબ આપશો ?'

વૃદ્ધે મીઠું સ્મીત કરતાં કહ્યું, 'જરુર જવાબ આપીશ. પુછો. શો સવાલ છે ?'

'તમે દરરોજ આ પાટી-પેન અને પોથી લઈને બેસો છો, તે શું છે ?'

'આ ચીની ભાષાની બાળપોથી છે. હું ચીની ભાષા શીખું છું.'

વીવેકાનંદનું કુતુહલ હવે આશ્ચર્યમાં પલટાઈ ગયું. વડીલ આ ઉંમરે ચીની ભાષા શીખે છે ! ચીની ભાષા જગતની અઘરામાં અઘરી ભાષાઓમાંની એક છે. એની ચીત્રલીપીની 50,000 જેટલી અલગ અલગ આકૃતીઓ શક્ય છે. આપણને

આકૃતી લાગે એવા એક આકારમાં તો આખું વાક્ય સમાઈ ગયું હોય !

'પણ વડીલ !' વીવેકાનંદ પુછ્યા વગર ન રહી શક્યા. 'આવી અઘરી ભાષા આ ઉંમરે શીખવાની શી જરુર ? એથી શું હાંસલ થશે ?'

વૃદ્ધે ફરીવાર હુંફાળું મીઠું સ્મીત કરતાં કહ્યું, 'ભાઈ કોઈ પણ ઉંમર કશું નવું શીખવા માટે વધારે પડતી નથી. માનવી જ્યાં સુધી કાંઈક નવું શીખવા માટે ઉત્સાહી છે ત્યાં સુધી જ જીવંત છે. જો એ ઉત્સાહ ન રહ્યો તો તો પછી શ્વાસ-પ્રાણ ભલે ચાલતા હોય, તોય માનવી મરેલ જ છે.'

તે દીવસે સ્વામીજીને સમજાયું કે કશુંય નવું કામ કરવા માટે માનવી 'અતીવૃદ્ધ' હોતા જ નથી. દરેક દેશનાં આગવાં કેટલાંક મહાકાવ્યો હોય છે. અંગ્રેજી ભાષા અને ગ્રેટ બ્રીટન માટે આવાં બે મહાકાવ્યો 'પૅરેડાઈઝ લોસ્ટ' (ગુમાવેલું સ્વર્ગ) અને 'પેરેડાઈઝ રીગેઈન્ડ' (પુનઃપ્રાપ્ત સ્વર્ગ) છે. આ બંનેના રચનાર મહાકવી જ્હૉન મીલ્ટન છે. એ 48ની વયે પુરેપુરા અંધ બની ગયા હતા. એ પછી બાર વર્ષ લગી એમની અંધ આંખો પાછળના વીભાગમાં એક કાવ્ય ઘુંટાતું રહ્યું. છેક સાઠની ઉંમર પછી એમણે દીકરીઓને એ કાવ્યનું શ્રુતલેખન કરાવવા માંડ્યું. આ વયે મીલ્ટને નહોતો પોતાની ઉંમરનો ખ્યાલ કર્યો કે નહોતા અપંગાવસ્થાથી નીરાશ થયા.

સાહીત્યની દુનીયામાં જ આવું એક ગૌરવશાળી ઉદાહરણ 'લે મીઝરેબલ' અને વીક્ટર હ્યુગોનું છે. અઢાર-ઓગણીસમી સદીના ફ્રાન્સના શ્રેષ્ઠ લેખકોમાં એક વીક્ટર હ્યુગો છે. પોતાના યુગના એ સાહીત્યસમ્રાટ હતા. અસંખ્ય લેખકોના પ્રેરક હતા. પુરી ફ્રેન્ચ પ્રજાના માનીતા લેખક હતા. એમનાં લોકલક્ષી લખાણોને કારણે સત્તાધારીઓને ખુંચતાય ખરા. શાસકો એમની કદર કરે, પણ એ તો શાસકોની ય ધુળ કાઢતા. જ્યારે ફ્રેન્ચ ક્રાંતી પડી ભાંગી અને નેપોલીયન બોનાપાર્ટ 'શહેનશાહ' બની ગયો, ત્યારે અમલદારો તરફથી 'નાફરમાન લેખક' વીક્ટર હ્યુગોની ધરપકડની દરખાસ્ત આવી ત્યારે નેપોલીયને અમલદારોને ધમકાવી કાઢ્યા હતા. એણે કહેલું કે, હ્યુગો ફ્રાન્સ છે અને ફ્રાન્સ હ્યુગો છે. તમે ફ્રાન્સની ધરપકડ કેવી રીતે કરી શકો ?

આ હ્યુગો પોતે પણ પોતાની લોકપ્રીયતા અને મહત્તા જાણતા હતા. એથી એક વાર તો ગુમાની લાગે એવું વીધાન કરેલું કે હવે પેરીસ નગરનું નામ બદલીને 'હ્યુગો સીટી' રાખવું જોઈએ ! જે પોતાને વીશે આટલું બધું ગૌરવ ધરાવવા અને વ્યક્ત કરવા તૈયાર થાય તે કેટલી બધી માનસીક અને નૈતીક તાકાત ધરાવતા હોય ! હ્યુગો એ તાકાત ધરાવતા હતા !

અને એ તાકાત એમણે જીંદગીની ઉત્તરાવસ્થા સુધી કેવી જાળવી હતી એનું જીવંત ઉદાહરણ 'લે મીરઝેબલ' છે. હ્યુગોની અને ફ્રેન્ચ ભાષાની જ નહીં, સમગ્ર વીશ્વની શ્રેષ્ઠ દસ-વીસ નવલકથાઓમાં સ્થાન પામે એવી આ નવલકથા લખવાનું હ્યુગોએ 78 વર્ષની વયે શરુ કર્યું હતું.

બસ, આ છેલ્લું વાક્ય લખવા માટે જ મેં આગળના વીસ-ત્રીસ વાક્ય લખ્યાં છે : હ્યુગોએ 'લે મીઝરેબલ' 78ની વયે લખવા માંડેલી. કેટલાક લોકો અમુક ઉંમર થતાં જ કશાંય સર્જનાત્મક કે ઉપજાઉ કામ છોડી દે છે. ઘણાખરા તો સમાજ માટે ભારરુપ બનવા લાગે છે. કેટલાક વળી, અર્થહીન ક્રીયાકાંડો, પોથીપાઠો અને યંત્રવત્ પ્રવૃત્તીઓમાં ખોવાઈ જાય છે. 'હવે તો મારાથી શું થાય ?' એવા પ્રશ્નો પુછતા થઈ જાય છે. એવા લોકોએ વીક્ટર હ્યુગોની તસવીર ઘરમાં લટકાવી રાખવી જોઈએ. તમને સ્વર્ગની કલ્પીત (માયારુપ) સીડી બતાવનાર 'ગુરુ'ની તસવીર કરતાં હ્યુગોની તસવીર વધુ સાર્થક બનશે.

અને તમને હ્યુગોની તસવીર ન મળે તો મહાભારતવાળા વેદ વ્યાસજીની તસવીર રાખજો. એમની પ્રાચીન વીશ્વની સૌથી મોટી એ કૃતી રચવા માંડી ત્યારે એ એંશી ઉપરની વયના હતા !

કેટલાક લોકો વળી અમુક વય પછી એમ કહીને રચનાત્મક કામોથી ફારેગ થઈ જાય છે કે 'હવે કોને માટે કશુંય કરવું ?' એવા લોકોને માટે ચીનના મહાન ફીલસુફ કન્ફ્યુશીયસની એક પ્રસંગકથા ઉપયોગી બને એમ છે.

ચીનના એક સમ્રાટ ઘણા ભલા, ઉદાર, દાની અને પરગજુ હતા. એ જરુરતમંદોને સદાય ઉદાર હાથે દાન આપતા, વડીલોની ઉત્તરક્રીયા કે સંતાનોનાં લગ્ન કે જમીન-મકાનની ખરીદી જેવા હેતુ માટે ધન યાચતાં જે કોઈ આવે એને સમ્રાટ કદી નીરાશ ન કરતા.

ઉદાર અને સમજુ હતા એટલે ચીંતકો, કવીઓ વગેરેના પણ પ્રશંસક હતા. કન્ફ્યુશીયસ જ્યારે એમના રાજ્યમાંથી પસાર થતા હોય ત્યારે એમને પોતાને મહેલે રહેવાનો અચુક આગ્રહ કરતા. દીવસો સુધી એમના સત્સંગનો લાભ લેતા. વળી, પોતે કેવા દાન અને સત્કાર્ય કરે છે એ કન્ફ્યુશીયસ જુએ એવી ખાસ જોગવાઈ કરતા. સમ્રાટને આશા હતી કે સંતશીરોમણી કન્ફ્યુશીયસ પોતાના ઉપદેશમાં કે કાવ્યોમાં મને વણી લે તો હું અમર બની જાઉં !

આવી મનોદશા વચ્ચે એક દીવસે સમ્રાટથી સંતને પુછાઈ ગયું, 'પંડીતવર્ય, આ જગતમાં સૌથી મોટો દાની

તમને કોણ લાગે છે ?'

આવો પ્રશ્ન ફરીને સમ્રાટ આતુરતાથી સંતના ચહેરા સામે તાકી રહ્યા. એમને પુરી આશા હતી કે સંત મને જ મોટામાં મોટો દાની ગણશે. હું એમની પરોણાગત ખુબ ભાવથી કરું છું, અને મારાં દાન એ પ્રત્યક્ષપણે જુએ છે.

પણ કન્ફ્યુશીયસે તો જવાબ આપવાને બદલે સમ્રાટને સુચવ્યું કે મારી સાથે મહેલની છત પર ચાલો.

બન્ને ચાલ્યા. રાજમહેલ એક ઉંચી ટેકરી પર હતો. એની છત પરથી સમગ્ર નગર જ નહીં, ફરતી ખેતરાઉ અને વાડીમય જમીનો અને ગોચર વગેરે પણ દેખાતાં હતાં. એમાં એક બાજુ ખરાબાની વગડાઉ જમીન પણ હતી. કન્ફ્યુશીયસે આ ખરાબા ભણી આંગળી ચીંધીને સમ્રાટને પુછ્યું, 'આ તરફ જુઓ : તમને શું દેખાય છે ? થોડીક વાર જોયા કરો અને પછી કહો.'

સમ્રાટે નજર ખેંચી. 'અં... ખરાબાની જમીન સાવ બંજર છે. ઘાસનું તણખલુંય ઉગેલું જણાતું નથી... આ જમીન પર કોઈ માણસ કામ કરતો દેખાય છે. એ વાંકો વળીને, કોદાળી વડે જમીન ખોદી રહ્યો જણાય છે... બરાબર, એ કશાક ખાડો કરતો લાગે છે. અં... ઓહો ! એણે આવા તો ઘણા મોટા ખાડા કર્યા છે... અચ્છા, એક ખાડો ગાળીને એ ટટાર થયો... ચાલ્યો... ખરાબાને છેડે એક મોટો ઢગલો અને એની બાજુમાં એક નાની ઢગલી છે... એ શું હશે ?'

'મોટો ઢગલો ખાતરનો છે, સમ્રાટ', કન્ફ્યુશીયસે જણાવ્યું 'અને નાની ઢગલી કેરીના ગોટલાની છે. એ માણસ ગોટલા વાવી રહ્યો છે.'

'ઓ... હો... ભારે રુડું કામ કહેવાય.'

'એ માણસ તમને કેવો દેખાય છે ?'

'ગરીબ લાગે છે... ઘરડો છે... કમરેથી વળી ગયો છે...'

'સમ્રાટ ! આટલે દુરથી એની ઉંમર નહીં કળાય; પરંતુ એ પંચાણું વર્ષનો છે !'

'પંચાણું ?'

'હા. આજે સવારે વગડામાં આંટા મારતો મેં પોતે જોયો અને એની ઉંમર પુછી. એ પંચાણુંનો છે.'

'પંચાણું વર્ષ ! તો તો... તો તો આજકાલમાં એ...'

'મરણ પામશે, ખરું ને ? અને છતાં એ આંબા વાવી રહ્યો છે ! સેંકડો આંબા વાવી રહ્યો છે ! શું આ આંબાની કેરી એ ખાવા પામશે ?'

'બનવાજોગ તો નથી.'

'અને છતાં એ આંબા વાવી રહ્યો છે. મારા ભલા સમ્રાટ ! મારે મતે જગતનો શ્રેષ્ઠ દાનવીર આ વૃદ્ધ માણસ છે.'

મહાત્મા કન્ફ્યુશીયસની આ વાત પીઢ વયની દરેક વ્યક્તી યાદ રાખે તો કેટલું સારું !

❑

# પત્ર–સાર

'ગુજરાત ટુડે' દૈનીકમાં છપાયેલ તા. 25-12-2016નું ક્લીપીંગ તાત્કાલીક સંદર્ભ સારુ સામેલ કરું છું.

આ જ સમયગાળા દરમ્યાન કેન્દ્રની સરકારે દલીતો ઈસ્લામધર્મ અંગીકાર કરે તો તેમને અનુસુચીત જાતી, અનુસુચીત જનજાતીનાં લાભો ન આપવા તેમ પરીપત્રીત કરેલ છે.

સને 1965 અને 1971નાં ભારત-પાકીસ્તાન યુદ્ધવેળાએ શક્ય હોય ત્યાં સુધી મુસ્લીમોની સેવાઓ ન લેવી અને તેમની હીલચાલ પર નજર રાખવી તેવાં હુકમો જે તે વખતની સરકારોએ કરેલા. આ બાબતની જાણ એક નીવૃત્ત આઈ.એ.એસ. અધીકારીએ પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે અમોને કહેલું.

ઉપરોક્ત બાબતો પરથી એમ ફલીત થાય છે કે મુસ્લીમ નામ ધરાવતા માણસોને રાષ્ટ્રપતી, ઉપરાષ્ટ્રપતી, રાજ્યપાલ, મુખ્યમંત્રી, સંસદ સભ્ય, ધારા સભ્ય પદ પર નીયુક્ત કરવા તે એક માત્ર નાટક છે. મુસ્લીમો સાથે છેતરપીંડી છે, ઠગબાજી છે.

આ દેશના સત્તાધીશોનો 'હાથીના દાંત દેખાડવાના અલગ, ચાવવાના અલગ' જેવો અભીગમ છે. ટુંકમાં આ દેશમાં મુસ્લીમો અસ્વીકાર્ય છે, ધોળા ધરમે ખપતાં નથી !

**– ફારુક બાવાણી**

[`બાવાણી મેન્શન', ભીડભંજન શેરી નં. 1, રાજકોટ-360 001]

1-1-2017ના અંકમાં ઉઘડતા પાને હીમાંશીબહેન શેલતનું ચીંતન 'જીવમાત્રની પીડા માટે ચચરાટ અનુભવતું હૃદય' પ્રગટ કરવા માટે ધન્યવાદ. વર્તમાન સમયમાં અમાનવીયકરણ થતું જોવાય છે ત્યારે આવો સુચારુ લેખ 'માણસ થા'નો ઉમદા સંદેશ આપે છે.

**– બાબુલાલ ગોર**

[65 ભાનુશાલીનગર, કર્મભુમી એપા.ની સામે, ભુજ-370 001]

નેહરુ કુટુંબે લખલુટ સંપત્તી અને શકતી દેશના ચરણે ધરી દીધી; ખુદ નેહરુએ આશરે ત્રણ વર્ષ ઉપરાંત અંગ્રેજ શાસનમાં કારાવાસ વેઠ્યો. વીશ્વવીખ્યાત વડાપ્રધાન હતા. ગાંધી- સરદારના નામે સસ્તી લોકપ્રીયતા મેળવી, નેહરુનું નામોનીશાન મીટાવવાની પેરવી ચાલી રહી છે. ગાંધી-સરદારના વીચારો આચરણમાં શુન્ય અને માત્ર પ્રચાર જ ! હવે ગાંધીનું સ્થાન લેવા ખાદી-ગ્રામોદ્યોગના કેલૅન્ડરમાં ગાંધીજીની જગ્યાએ નરેન્દ્ર મોદી પોતાની છબી છપાવે; વીશ્વના સામાન્ય લોકોને તો એવું જ થશે કે મોદીને બીજા ગાંધી તરીકે લોકો સ્વીકારે છે. આપણી ગરીબ પ્રજા તો શું કરે ? વીરોધ પક્ષ તો તદ્દન નબળો છે. આ તાનાશાહી સામે સર્વોદયવાળા અને ગાંધીજનો ચુપ રહે તે નહીં ચાલે. આગેવાનો એક સંમેલન બોલાવીને આ અંગે ચર્ચાવીચારણા કરે, કાર્યક્રમો યોજે.

**- બુદ્ધીધનભાઈ ત્રીવેદી**

[10/102, પુજન એપા., વાસણા, અમદાવાદ-7]

ભારતીય બંધારણમાં અનામત સવલતો ફક્ત સામાજીક અને શૈક્ષણીક રીતે વંચીત રહેલ જાતીઓને સત્તામાં ભાગીદાર બનાવવા જ આપવામાં આવી છે. તે હકીકત હીંદુ, મુસ્લીમ, ખ્રીસ્તી, જૈન વગેરે ધર્મોની સુખી-સમૃદ્ધ જાતીઓ વહેલી તકે સમજી જાય અને દેશની એકતા સારુ ભાઈચારો મજબુત કરવા પોતાનું યોગદાન આપવા શાંત ચીત્તે વીચારે તે આજના સંદર્ભમાં જરૂરી છે. કારણ કે આર્થીક માપદંડથી પછાત જાતીઓને અનામત આપવાની વાત બંધારણમાં નથી. અરે ! તેથી તો કર્ણાટક, ઓરીસ્સા, રાજસ્થાનની કોંગ્રેસ અને ભાજપની સરકારોના ઈ.બી.સી.ને અનામત આપવાના ઓર્ડીનન્સને સુપ્રીમ કોર્ટે ખારીજ કરેલ છે જ. એટલે કણબીઓનાં 'એસ.પી.જી.' અને 'પાસ' જેવા સંગઠનોના આગેવાનો ગુજરાત સરકારની 'ઈ.બી.સી.' અને 'સ્વાવલંબી-યોજના'ની સવલતોની જાહેરાતને 'લોલીપૉપ' કહી રહ્યા છે. શું સર્વે કરાવ્યા સીવાય જ આર્થીક અનામત આપી શકાય ખરી ? 90 ટકા ઈન્કમટેક્ષ ભરતા નથી તેવા આંકડા છે. ત્યારે સામાજીક અને શૈક્ષણીક રીતે પછાતોની અનામતનો ઉદ્દેશ માર્યો જશે ને ? તેમજ પછાત જાતીઓની વાર્ષીક આવક મર્યાદાથી વધારે મર્યાદા ઈ.બી.સી. વર્ગોની રાખવાનો અર્થ શું થાય ? જે જાતીઓ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. યાદીમાં સમાવવાની રહી ગઈ હોય તેમને બંધારણના નવમા શેડ્યુલમાં સમાવી શકાય તેથી કણબી સમાજ પાસે એક જ રસ્તો એ છે કે, ખેતી કરતી વખતે જમીનમાંના જીવ-જંતુ મરી જતાં હોઈ સ્મૃતીઓ જેવા જે હીંદુ ધર્મગ્રંથો છે. તેમણે કણબી (ખેડુત) સમાજને શુદ્ર કહ્યો છે. તેને ટાંકી તેઓ પણ સામાજીક રીતે શુદ્ર છે તેવું બતાવી તેઓને પણ ઓ.બી.સી. અનામત માટે હક્કદાર છે તેવું સાબીત કરે અને છેલ્લા 65 વર્ષથી એસ.સી., એસ.ટી., અને ઓ.બી.સી. વર્ગોને અનામતનો કાપદો થયો ન હોઈ અનામતનો તેમને આંશીક જ લાભ મળ્યો હોઈ કણબી સમાજે લોકસભા અનામતનો કાયદો બનાવે તેવી અપીલ કરવી રહી જેવી વર્તમાન ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. સમાજે સાથે બંધુત્વ મજબુત થાય. છતાં આ વાત કણબી સમાજને મંજુર ન હોય તો એસ.સી., એસ.ટી.ની જેમ ઓ.બી.સી.ને 58 ટકા અને હીંદુ, જૈન, મુસ્લીમ, ખ્રીસ્તીને 20 ટકા અનામત વસતીના અનુપાત પ્રમાણે આપવાનો સંસદ બંધારણમાં સુધારો કરાવે અને ઓ.બી.સી. અનામત ફક્ત ગરીબીની રેખા નીચેનાઓને મળે એવો નોર્મ્સ બનાવવાનો આગ્રહ રાખી પછાત વર્ગોની સહાનુભુતી મેળવવાની ઈચ્છાશક્તી બનાવવી જોઈએ.

**- જનબંધુ કૌશાંબી**

[44, શૈલગંગા સોસા., નીલકંઠ મહાદેવ રોડ, ચાંદખેડા, અમદાવાદ-382 424]

અંગ્રેજોના આગમન અગાઉ ગામડાં સમૃદ્ધ હતા. ત્યાં સૌપ્રથમ કાપડ ઉદ્યોગ વીકસ્યો. મીલો નહોતી. કાપડ વણવા માટે વનસ્પતીના જીંડવામાંથી તાપમાં તપીને જીંડવા ફાટે, ત્યારે તેમાંથી ફોદા ઉડતા. જેને ભેગા કરી તકલીમાં ઝીણા તાર બનાવતા. આ તારને ભેગા કરવા રેંટીયો બનાવી, તેની ઉપર ફાળકો બનાવી તેમાંથી લાંબો તાર બનાવતા. પહોળી એક ગજની રાખવા 6 વીસોનું એક લાંબુ પાંજણું કરતા. એમાં જારની ઘેંસ પાતળી પાણી જેવી એક કુંડામાં રેડી દઈ તેમાં તારો ડુબાડતાં. એક મોટો કુંચડો બનાવેલો તેને બે માણસો સામસામે છેડેથી મારતાં મારતાં ભેગા થઈ જતા. તાર સુકવી દઈ, ત્રણ વીસો ઉપર જાય અને ત્રણ વીસો નીચે આવે; લાકડીઓ નીચે મુકી તાણો તાણતા. ત્યારબાદ જમીનમાં ખાડો ખોદી, પાવડી એવી રીતે ગોઠવતા કે તે પગ વડે ઉંચીનીચી થાય. લાકડાના હાથા વડે ફટકા મારી, આડા કોકળામાંથી તાર આરપાર નાખવાથી કાપડ તૈયાર થતું. આ મેધાવી બુદ્ધી ધરાવતાં કારીગરો મેઘવાળ તરીકે ઓળખાયા. અનાજનું કણ વાવી પાક મેળવે તે કણબી તરીકે ઓળખાયા... મીલઉદ્યોગ આવતાં વણકરો બેરોજગાર થયા... મહાર જાતીના રામજીભાઈના દીકરા ભીમરાવ વીદેશમાં ભણ્યા, ડૉક્ટરેટ કર્યું. બંધારણ ઘડ્યું. આજે અસ્પૃશ્યતા શહેરોમાં ઓછી થઈ છે પણ સમાનતા આવી નથી... અસ્પૃશ્યતાનું કલંક કાઢવું જ પડશે એવી સ્પષ્ટ ચેતવણી 85 વર્ષના સીનીયર સીટીઝન તરીકે હું આપું છું.

**- મંગળદાસ કો. વણકર**

[ઘર નં. 602/2/બી, સેકટર-6, ગાંધીનગર]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-2-2017

# કાવ્યોમાં સાંપ્રત

## આદીવાસી – સંઘગાન

અમે નહીં વનવાસી !
ભાઈ ! અમે તો આદીવાસી...
અમે નહીં વનવાસી !
અલગ અમારી રહી સંસ્કૃતી, જુદાં રીત-રીવાજ,
જનગણના હીત નામે અમારો ગયો લુંટાઈ સમાજ,
પંચશીલની વાતો ધરીને... છેવટ રાખ્યાં ઉદાસી...
અમે નહીં વનવાસી...

જંગલખાતું ખાઈ ગયું છે અમારા સૌ અધીકાર,
ન્યાય માગીએ, જમીન ચાહીએ કાયદાના અનુસાર,
અમને બહુ ઉવેખી જાણે રહ્યાં ઉડાવી હાંસી !
અમે નહીં વનવાસી...

ડાકુ - ડાંગી... નક્સલી કહીને બહુ કીધાં અપમાન,
સામ-દામ ને દંડ-ભેદથી ભુલવી અમ પહેચાન,
અમ અસ્મીતા કાજ લડીશું છીએ મુળ નીવાસી !
અમે નહીં વનવાસી...

ઉગતી ઉષા - નમતી સંધ્યા, સુરજ, ચાંદ-સીતારા,
આદીકાળથી અમારે હૈયે છે એના ધબકારા !
માનવતાના ધર્મે ભળીશું, પ્રેમ-પંથ પ્રવાસી...
અમે નહીં વનવાસી...

**– યોસેફ મેકવાન**
(મો. 98241 76675)

## ચલો બુદ્ધકી ઓર...

ચલો બુદ્ધકી ઓર... ! બહુજન ચલો બુદ્ધકી ઓર !
પકડ લો પંચશીલકી દોર, બહુજન ચલો બુદ્ધકી ઓર.

બુદ્ધ હી સત્ય, બુદ્ધ હી કરુણા, બુદ્ધ હી પ્રેમકા મોતી !
બુદ્ધ હી સમતા, બુદ્ધ હી શાંતી, બુદ્ધ હી પ્રજ્ઞા જ્યોતી !
ઉઠો જાગો નીંદકો ત્યાગો, હો ગઈ હૈ અબ ભોર,
ચલો બુદ્ધકી ઓર... બહુજન...

ત્રીશરણકી રાહપે ચલકર, ચાર વીહાર સુહાવો,
સપ્ત રતન શા કર લો જીવન, અષ્ટઅંગ અપનાવો;
દશ શીક્ષા હૈ સુફલદાયી, હો અપ્પ દીપ મહોર,
ચલો બુદ્ધકી ઓર... બહુજન...

જાત-પાંત યા વર્ણભેદ હો, વો નહીં હૈ સચ્ચા ધર્મ;
માનવ-માનવ એક સમાન હો, યહી સનાતન મર્મ:
ધમ્મ શરણમેં હૈ સમરસતા, હો આનંદ આઠોપોર,
ચલો બુદ્ધકી ઓર... બહુજન...

મીથ્યા ધર્મ આડંબર છોડો, સત્ય રાહસે જોડો;
અપના દીપક ખુદ બનકે તુમ, અંતર તીમીર તોડો:
સતત તથાગત શરણે ગુંજે, ભીમનાદ કલશોર,
ચલો બુદ્ધકી ઓર... બહુજન...

**– બાલઉદય વાઘેલા 'સતત'**
[કોડીનાર (મો. 99043 32467]

## ગઝલ

જીંદગાની એટલે બસ રાત થોડી વેષ ઝાઝા,
આનીજાની એટલે બસ રાત થોડી વેષ ઝાઝા.

આંખના પલકારમાં સરકી જશે સપનાની માફક
નવજવાની એટલે બસ રાત થોડી વેશ ઝાઝા.

ધુળની સાથે ઘરોબો આખરી શ્વાસો સુધીનો
આસમાની એટલે બસ રાત થોડી વેશ ઝાઝા.

છે સફળતા પામવાની શક્યતાઓ સાવ નહીંવત્
દરમીયાની એટલે બસ રાત થોડી વેષ ઝાઝા.

એક-બે-ત્રણ-ચાર પળમાં હોવું - ના હોવું સહુનું
ધુપદાની એટલે બસ રાત થોડી વેષ ઝાઝા.

હું ય ફાની - તું ય ફાની, છે પુરું બ્રહ્માંડ ફાની;
સાવધાની એટલે બસ રાત થોડી વેશ ઝાઝા.

મોકળા મનથી કહેવું હોય એ સાહીલ કહી દો,
સર્વ જ્ઞાની એટલે બસ રાત થોડી વેશ ઝાઝા.

**– સાહીલ**
[રાજકોટ (મો) 94287 90069]

## આ જગતમાં

જેમ વસ્ત્રોમાં શરીર છે એમ છું હું આ જગતમાં*
હું બધું મારું જ સમજીને ફરું મારી મમતમાં

ફુલ ને કાંટા ભરેલું આપણું સંગીન જીવન
સૌ ઉપરછલ્લું જુએ છે કોણ જુએ છે વીગતમાં ?

જાગવાની પળ મળે તો માનજે તું ભાગ્યશાળી;
બાકી સૌ ચાલ્યા કરે છે પોતપોતાની જ લતમાં.

નોટ ને સીક્કા બધા પુરાં કરીશ જો વાપરીને
રહેશે શું અકબંધ પાસે આખરી તારી બચતમાં ?

ક્ષણ પછી ક્ષણ ને પછી ક્ષણ જોગવી લે માનવી તું;
કોઈપણ જીત્યું નથી અહીં શ્વાસ સામેની લડતમાં.

**– સંધ્યા ભટ્ટ**
[બારડોલી મો. 98253 37714]

[* પ્રથમ પંક્તી કવી શૈલેશ પંડ્યા 'ભીનાશ'ની છે.] ❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રૂ. 150 ● છુટક નકલ રૂ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001